વર્ષઃ 6 અંકઃ 16

16-28 ફેબ્રુઆરી, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## સામાન્ય બજેટ 2026 – 2027

# વિકસિત ભારત

## તરફ વધુ એક નિર્ણાયક ડગલું

રિફોર્મ એક્સપ્રેસ પર સવાર ભારતને સામાન્ય બજેટ 2026-27થી મળી વધુ નવી ઊર્જા, નવી ગતિ

ઈ-કોપી માટે QR સ્કેન કરો



## જન-ભાગીદારી તથા સામૂહિકતાની ભાવના

# દેશની સૌથી મોટી તાકાત

*આઝમગઢ હોય કે અનંતપુર કે પછી દેશમાં કોઈ અન્ય જગ્યા હોય, લોકો એક સાથે મળીને કર્તવ્ય ભાવથી મોટા સંકલ્પો સિદ્ધ કરી રહ્યા છે. જન-ભાગીદારી અને સામૂહિકતાની આ જ ભાવના દેશની સૌથી મોટી તાકાત છે. વર્ષ 2026ના પોતાના પ્રથમ 'મન કી બાત' કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લોકશાહીમાં મતદાનના મહત્વ, એઆઈ, મિલેટ્સ, ભારતના તહેવારો, સંસ્કૃતિ તથા સ્ટાર્ટઅપ સહિત ઘણા વિષયો પર ચર્ચા કરી હતી. પ્રસ્તુત છે તેના મુખ્ય અંશ....*

- **મતદાતાઓ બન્યા યુવાન:** હું મારા યુવા સાથીઓને આગ્રહ કરીશ કે તેઓ 18 વર્ષના થાય ત્યારે પોતાની મતદાતા તરીકે ચોક્કસ નોંધણી કરાવે. સંવિધાને પ્રત્યેક નાગરિક પાસેથી જે કર્તવ્ય ભાવનાના પાલનની અપેક્ષા રાખી છે તેનાથી એ અપેક્ષા પણ પૂરી થશે અને ભારતની લોકશાહી પણ મજબૂત બનશે.
- **સ્ટાર્ટ અપ:** ભારતમાં આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ બની ચૂકી છે. આ સ્ટાર્ટ અપ કંઈક હટકે છે. આજે તેઓ એક એવા સેક્ટરમાં કામ કરી રહ્યા છે જેના વિશે દસ વર્ષ અગાઉ કલ્પના પણ કરી શકાતી ન હતી.
- **ભારતીય ઉત્પાદનો... ટોચની ગુણવત્તા હોય:** આપણા સૌનો એક જ મંત્ર હોય ગુણવત્તા, ગુણવત્તા અને માત્ર ગુણવત્તા. કાલ કરતાં આજે બહેતર ગુણવત્તા. આપણે જે કાંઈ પણ નિર્માણ કરી રહ્યા છીએ તેની ગુણવત્તાને બહેતર બનાવવાનો સંકલ્પ કરો. પછી તે આપણી ટેક્સટાઈલ હોય, ટેકનોલોજી હોય કે પછી ઈલેક્ટ્રોનિક્સ પેકેજિંગ હોય, ભારતીય પ્રોડક્ટનો અર્થ જ બની જાય ઉચ્ચ ગુણવત્તા.
- **જન-ભાગીદારી:** આઝમગઢના લોકોએ તમસા નદીને નવું જીવન આપ્યું, અનંતપુરમાં જન-ભાગીદારીથી દસ જળાશયોને જીવનદાન મળ્યું. આ જોઈને આનંદ થાય છે કે લોકો એકસાથે મળીને કર્તવ્ય ભાવથી મોટા સંકલ્પો સિદ્ધ કરી રહ્યા છે. જન-ભાગીદારી અને સામૂહિકતાની આ જ ભાવના આપણા દેશની સૌથી મોટી તાકાત છે.
- **યુવાનોની ભક્તિ:** દેશમાં ભજન અને કિર્તન સદીઓથી આપણી સંસ્કૃતિનો આત્મા રહ્યો છે. આપણે મંદિરોમાં ભજન સાંભળ્યા છે. દરેક યુગે ભક્તિને સમયના હિસાબે જીવી છે. આજની પેઢી પણ કંઈક નવી જ કમાલ કરી રહી છે. આજના યુવાનોએ ભક્તિને પોતાના અનુભવ અને પોતાની જીવન શૈલીમાં ઢાળી દીધી છે.
- **ઈયર ઓફ ફેમિલી:** ભારતની પરિવાર વ્યવસ્થા આપણી પરંપરાનો અભિન્ન હિસ્સો છે. દુનિયાના ઘણા દેશોમાં તેને કુતુહલથી જોવામાં આવે છે. ઘણા દેશોમાં આવી પરિવાર વ્યવસ્થા અંગે ઘણો આદરભાવ છે. યુએઈના રાષ્ટ્રપતિ મહામહિમ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહયાને મને કહ્યું કે યુએઈ વર્ષ 2026ને ઈયર ઓફ ફેમિલી તરીકે ઉજવી રહ્યો છે.
- **એક પેડ મા કે નામ:** દેશભરમાં 'એક પેડ મા કે નામ' અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાનથી આજે 200 કરોડ કરતાં વધુ વૃક્ષો રોપવામાં આવ્યા છે. આ દર્શાવે છે કે પર્યાવરણ સંરક્ષણને લઈને આજે લોકો વધુ જાગૃત છે.
- **શ્રી અન્ન:** મને એ જોઈને ખુશી થાય છે કે શ્રી અન્ન અંગે દેશના લોકોનો લગાવ સતત વધી રહ્યો છે. આમ તો અમે 2023ને મિલેટ વર્ષ જાહેર કર્યું હતું. પરંતુ આજે ત્રણ વર્ષ બાદ તેને લઈને દેશ અને દુનિયામાં જે ઉત્સાહ અને પ્રતિબદ્ધતા છે તે બાબત ખૂબ જ ઉત્સાહિત કરનારી છે.
- **એઆઈની દુનિયા:** ફેબ્રુઆરી મહિનામાં ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ છે. આ સમિટમાં દુનિયાભરમાંથી ખાસ કરીને ટેકનોલોજીના ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાત લોકો ભારત આવશે. આ સંમેલન એઆઈની દુનિયામાં ભારતની પ્રગતિ તથા સિદ્ધિઓને પણ સામે લાવશે. ■

'મનની વાત' પૂરી કરવા માટે
QR કોડ સ્કેન કરો.

ન્યૂ ઈન્ડિયા

# સમાચાર

વર્ષઃ 6 | અંકઃ 16 | 16-28 ફેબ્રુઆરી, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

# અંદરના પાનાં પર...




કવર સ્ટોરી

સામાન્ય બજેટ 2026-2027

વીતેલા વર્ષોમાં કેન્દ્ર સરકારે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે આધારસ્તંભ તૈયાર કર્યો છે. હવે વર્ષ 2026-27નું બજેટ બની રહ્યું છે વિકસિત ભારતના નિર્ણાયક સંકલ્પ અને સંકલ્પથી સિદ્ધિનું પ્રતીક. અમૃત યાત્રા તરફ આગળ વધતા ડગલાની સાથે આ સામાન્ય બજેટ તૈયાર કરવામાં આવ્યું છે વિકાસ, વિશ્વાસ અને ભવિષ્યના ત્રિવેણી સંગમને સાકાર કરનારું આત્મનિર્ભર ભારતનું સશક્ત બજેટ... | 16-36

પરીક્ષા પે ચર્ચા 2026




તનાવ પર ચર્ચા અને પરીક્ષાઓને તહેવારની જેમ ઉજવવાના ઉદ્દેશ્યથી 2018માં શરૂ થયેલો 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દર વર્ષે નવા આયામ નક્કી કરી રહ્યો છે... 8-11

પદ્મ સન્માન 2026



પિપલ્સ પદ્મની વાસ્તવિક ભાવનાને અનુરૂપ નવી પરંપરા

**નિઃસ્વાર્થ કર્મયોગીઓ માટે પદ્મ પુરસ્કારો**

દેશમાં સકારાત્મક ઊર્જાનો સંચાર અને માનવતાની સેવા કરનારા ગુમનામ નાયકોને મળી રહ્યા છે હવે પદ્મ સન્માન... 37-39


સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વઃ બુધુ ભગત
લરકા વિદ્રોહના મહાનાયક | 6

કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણય
અટલ પેન્શન યોજના 2030-31 સુધી લંબાવાઈ | 7

રાષ્ટ્રપતિનું અભિભાષણ
સુશાસનને વધુ સુદૃઢ કરવાની સામૂહિક પ્રતિબદ્ધતા | 12-15

કેરળના 'વિકાસની, રોજગાર નિર્માણની નવી પહેલ'
પીએમ સ્વનિધી ક્રેડિટ કાર્ડ લૉંચ સાથે ઘણી પહેલ | 40-41

...જેથી સંત પરંપરા અને વારસા સાથે સંકળાયેલી રહે ભાવિ પેઢી
નામકરણ...'શ્રી ગુરુ રવિદાસ મહારાજજી એરપોર્ટ, આદમપુર' | 42-43

વિંગ્સ ઈન્ડિયા 2026
ભારતમાં હવાઈ મુસાફરી હવે દરેક માટે | 44-45

16મો રાષ્ટ્રીય મતદાતા દિવસ
લોકશાહીનો વૈશ્વિક અવાજ | 46-47

રાષ્ટ્ર નિર્માણનો આમંત્રણ પત્ર
રોજગાર મેળામાં સુપરત કરાયા સરકારી સેવાના 61 હજાર નિયુક્તિ પત્રો | 48-49

પરાક્રમ દિવસ
રાષ્ટ્રીય ચેતનાનો ઉત્સવ | 50-51

આત્મવિશ્વાસી - અનુશાસિત યુવા શક્તિ
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાર્ષિક એનસીસી પીએમ રેલીને સંબોધિત કરી | 52-53

ભારત ઊર્જા સપ્તાહ 2026
માત્ર ઊર્જા સુરક્ષા નહીં, હવે આત્મનિર્ભરતાનું મિશન | 54-55

ભારત-ઈયૂ મુક્ત વેપાર સમજૂતિ
વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા વિકાસને વેગ આપવો | 56-57

ભારત-ઈયૂ મુક્ત વેપાર સમજૂતિ
ભારત-યુરોપીયન યુનિયન સંબંધોના નવા યુગનો શંખનાદ | 58-60



પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) મુદ્રણઃ જેકે ઑફસેટ ગ્રાફિક્સ પ્રા લિ., બી-278, ઓખલા ઔદ્યોગિક ક્ષેત્ર, ફેઝ-1, નવી દિલ્હી-110020, પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

# કેન્દ્રીય બજેટ 2026-27

## વિકસિત ભારતના પાયા પર આધારિત જનતાનું બજેટ

સાદર નમસ્કાર

2026ની પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ 2026-27 વિકસિત ભારત 2047ની યાત્રાને ગતિ આપનારું એક દૂરદર્શી અને સમાવેશી બજેટ છે. આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વધતી અર્થ વ્યવસ્થા છે. આ બજેટ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ ડગલું છે. આ બજેટમાં આત્મનિર્ભર ભારતના સપના સાકાર કરવા માટે તમામ જોગવાઈ કરવામાં આવી છે.

2026-27ના સામાન્ય બજેટમાં ત્રણ કર્તવ્યોનું વર્ણન છે જેમાં આર્થિક વિકાસની ગતિને વેગેલી બનાવવાના કર્તવ્યને દર્શાવવામાં આવ્યું છે. તેના અંતર્ગત ભારતને વૈશ્વિક બાયોફાર્મા વિનિર્માણ કેન્દ્રના રૂપમાં વિકસિત કરવું, ભારત સરકાર સતત દેશની ઉત્પાદન ક્ષમતાને વધારવા માટે કાર્યરત છે. સામાન્ય બજેટ 2026-27માં ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ ઉત્પાદન યોજનાને ગતિ આપવા માટે બજેટ વધારીને 40 હજાર કરોડ કરવાનો પ્રસ્તાવ છે. ખાણ, પ્રસંસ્કરણ, અનુસંધાન અને વિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત રેર અર્થ કોરિડોરની સ્થાપનાનો પણ પ્રસ્તાવ છે. રસાયણ જગતની આત્મનિર્ભરતા માટે ત્રણ કેમિકલ પાર્ક સ્થાપિત કરવા, પાંચ વર્ષની મુદતમાં દસ હજાર કરોડ રૂપિયાના બજેટ ફાળવણીની સાથે કન્ટેનર નિર્માણ યોજના લાવવાનો પણ પ્રસ્તાવ છે.

આ બજેટમાં જન આકાંક્ષાઓ પૂરી કરવા તથા ક્ષમતા વધારવાને બીજું કર્તવ્ય ગણાવવામાં આવ્યું છે. તેમાં યુવા શક્તિને કેન્દ્રમાં રાખીને રોજગાર સર્જન, કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. બજેટમાં ભારત વિસ્તાર એઆઈ ટૂલ જેવી જોગવાઈથી ખેડૂતોને લાભાર્થી બનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. નારી શક્તિના સશક્તિકરણ અને મહિલા SHGs ઉત્પાદનોને સરળ બજાર મળે તે માટે SHE માર્ટ સ્થાપનાનો પ્રસ્તાવ છે. બજેટમાં ઓરેન્જ ઈકોનોમી અને કન્ટેન્ટ ક્રિએશનને વેગ આપવા માટે 15,000 શાળાઓ અને 500 કોલેજોમાં AVCG કન્ટેન્ટ ક્રિએટર લેબની સ્થાપનાની વાત કરવામાં આવી છે.

બજેટમાં સબ કા સાથ, સબ કા વિકાસના દૃષ્ટિકોણને અનુરૂપ ખેડૂતોની આવક વધારવા, દિવ્યાંગોના સશક્તિકરણ, માનસિક સ્વાસ્થ્ય અને ટ્રોમા કેર પર ધ્યાન આપવા, પૂર્વોદય અને ઉત્તર-પૂર્વ ક્ષેત્રને વધુ સમૃદ્ધ કરવાને ત્રીજું કર્તવ્ય માનવામાં આવ્યું છે. બજેટ 2026-27 જ આ વખતે અમારી આવરણ કથા બની છે.

વ્યક્તિત્વની શ્રેણીમાં લારકા વિદ્રોહના મહાનાયક બુધુ ભગત, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુનું સંસદમાં અભિભાષણ, પદ્મ સન્માન 2026, કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણય સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડીયાના કાર્યક્રમોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે. સાથે જ પત્રિકાના ઈન સાઈડ પેજ પર મન કી બાત તથા બેક કવર પર બીટિંગ રિટ્રીટ સમારોહ પર વિશેષ સામગ્રી સામેલ છે.

આપ આપના સૂચનો અમને મોકલતા રહો

ધીરેન્દ્ર

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...






## યોજનાઓ અને સિદ્ધિઓની તથ્યાત્મક જાણકારી મળે છે

હું નિયમિતપણે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વાચું છું. તેમાં અમને સરકારી યોજનાઓ તથા સિદ્ધિઓની તથ્યાત્મક જાણકારી મળે છે. સાથે સાથે તે વર્તમાન માહિતીઓ જાણવા માટે અત્યંત ઉપયોગી છે. આ મેગેઝિન સમાજના અલગ અલગ ખૂણાઓમાં સંકળાયેલા ઘણા વિષયો પર થઈ રહેલી કામગીરીની માહિતી પણ આપે છે.

શ્રીનિવાસ ઉરગોંડા

srinivasuragonda@gmail.com

## વિકાસની પ્રક્રિયા અંગે માહિતી મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા દેશમાં ચાલી રહેલી કેન્દ્ર સરકારની યોજના અને કાર્યક્રમ અંગે માહિતી પ્રાપ્ત કરવાનું એક શાનદાર માધ્યમ છે. આ એક સુંદર પત્રિકા છે. મારા માટે આ પત્રિકા દેશમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અને યોજનાઓ અંગે જાણકારી પ્રાપ્ત કરવાનું માધ્યમ છે.

mhqchoutuppal@gmail.com

## સરકારી નીતિ અને વિકાસની પહેલના વિષયમાં સમજણ વધે છે

વિશેષ અને મહત્વપૂર્ણ માહિતી આપનારી પત્રિકા પ્રકાશિત કરવા માટે સમગ્ર ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાની ટીમને અભિનંદન પાઠવું છું. હું ઈચ્છું છું કે નાગરિકોને સારી રીતે માહિતી પૂરી પાડવાનો આપના પ્રયાસોને સંપૂર્ણ અને સતત સફળતા મળે. પત્રિકા વાંચવાથી યુવાનોને સરકારી નીતિ તથા દેશના વિકાસ માટે હાથ ધરવામાં આવતી પહેલની સમજણ વધે છે.

thirubjp2020@gmail.com

## વિવિધ વિષયો પર જ્ઞાનવર્ધક આલેખ

હું એક પત્રકાર છું. ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વાંચવી મને ખૂબ પસંદ છે. આ પત્રિકામાં વિવિધ વિષયો પર જ્ઞાનવર્ધક આલેખ પ્રકાશિત થતા હોય છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા ઉપયોગી છે. આ પત્રિકા ખૂબ સારી રીતે ડિઝાઈન કરવામાં આવી છે.

urvaadhvaryu@gmai.com

## પ્રત્યેક અંક સંગ્રહ યોગ્ય હોય છે

મેં ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાની તમિળ આવૃત્તિ જોઈ. વાંચવાથી આ સામાન્ય નાગરિકો માટે અત્યંત ઉપયોગી લાગી. આ પત્રિકા અતિ ઉત્તમ માહિતીઓથી ભરપુર છે. તેનો પ્રત્યેક અંક સંગ્રહ યોગ્ય હોય છે.

thesiyareporter2023@gmail.com


પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસ: રૂમ નં - 1077, સુચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી- 110003
ઈમેઈલ - response-nis@pib.gov.in

ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવાર બપોરે 3.10થી 3.25 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

સમાચાર સાર

# નવી આધાર એપ લોન્ચ, પાંચ પ્રોફાઈલ જોડી શકશો

ભારતીય વિશિષ્ટ ઓળખ પ્રાધિકરણ (યુઆઈડીએઆઈ)એ નવી આધાર એપ લોંચ કરી છે. આ એપ આધારકાર્ડ ધારકોને પોતાની ડીજીટલ ઓળખ સુરક્ષિત, સુવિધાજનક અને ગોપનીય રાખવા માટે, માહિતગાર કરવા માટે, દેખાડવા તથા સત્યાપિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. એપના માધ્યમથી એક જ મોબાઈલમાં મહત્તમ પાંચ આધાર પ્રોફાઈલ જોડી શકાય છે. તેનાથી એક પરિવાર-એક એપ અવધારણા સાકાર થઈ છે. નવી એપ ડેટાના લઘુતમ ઉપયોગને વેગ આપવા માટે, સુરક્ષા વધારવાની સાથે ઘણી નવી સુવિધા આપશે.

- આધાર નંબર ધારકોને ફક્ત પસંદ કરેલી માહિતી શેર કરવા માટે પ્રોત્સાહિત કરે છે.
- એપ્લિકેશનમાં હોટલ ચેક-ઈન માટે સંસ્થાઓ દ્વારા ઓફલાઈન ચકાસણી માટે QR કોડ સ્કેનિંગનો સમાવેશ
- એપમાં વૈકલ્પિક ફેસિયલ વેરિફિકેશન (ચહેરો ચકાસવાની સુવિધા), સિનેમા ટિકિટ બુકિંગ માટે ઉંમરની ચકાસણી, હોસ્પિટલમાં મુલાકાતીઓ અને પરિચારકોનો પ્રવેશ, તેમજ ગિગ વર્કર્સ અને સર્વિસ પાર્ટનર્સની ઓળખ ચકાસવા જેવા વિવિધ ઉપયોગોનો સમાવેશ
- એપમાં હાજરી માટે ચહેરાની પુષ્ટિ, એક ક્લિકમાં બાયોમેટ્રિક લોક/અનલોક, પ્રમાણીકરણ ઈતિહાસ જોવો અને સંપર્ક વિવરણ ચેક કરવા માટે ક્યૂઆર કોડ આધારિત સુવિધા સામેલ છે.
- સરનામાના અપડેશન ઉપરાંત નિવાસી હવે એપ મારફતે પોતાનો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પણ અપડેટ કરી શકે છે.




## મખાના હવે બન્યું ગ્લોબલ બ્રાન્ડ

### દુબઈ મોકલવામાં આવ્યો પ્રથમ જથ્થો

ભારત મખાનાનું સૌથી મોટું ઉત્પાદક છે. જે વૈશ્વિક ઉત્પાદનમાં 80% હિસ્સેદારી ધરાવે છે. તેમાં બિહાર રાષ્ટ્રીય મખાના ઉત્પાદનમાં 85 ટકા જેટલું યોગદાન આપે છે. તેમાં દસ લાખ ખેડૂતોની આજીવિકા સંકળાયેલી છે. આ જ શ્રેણીમાં બિહારના પૂર્ણિયાથી સીજીઆઈ ટેગ પ્રાપ્ત મિથિલા મખાનાનો પ્રથમ જથ્થો દુબઈ મોકલવામાં આવ્યો હતો. નિકાસ મારફતે ખેડૂતોની આવક વધારવા તથા એફપીઓને સશક્ત કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. મિથિલા મખાનાએ વૈશ્વિક મંચ પર ભારતની કૃષિ અને સંસ્કૃતિની ઓળખને મજબૂત બનાવી છે. દરભંગા મખાનાના પ્રમુખ કેન્દ્રો પૈકીનું એક છે. જેને મખાના માટે એક જિલ્લો, એક ઉત્પાદન પહેલ અંતર્ગત માન્યતા આપવામાં આવી છે. મિથિલા મખાનાને જીઆઈ ટેગ પણ મળ્યો છે. કેન્દ્ર સરકારે મખાનાના ઉત્પાદન, પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન, માર્કેટિંગ તથા નિકાસને પ્રોત્સાહન આપવા માટે 2025માં મખાના બોર્ડની સ્થાપના કરી હતી. 476 કરોડ રૂપિયાનો ખર્ચ ધરાવતી મખાના વિકાસની કેન્દ્રીય યોજનાને મંજૂરી પણ આપી દીધી છે. કેન્દ્ર સરકારે નિકાસને વેગ આપવા માટે એક અલગથી એચએસએન કોડ નિર્મિત કર્યો છે.



## નાગરિક ઉડ્ડયનનો વિકાસ

### લેહ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના એરફોર્સ સ્ટેશન લેહમાં નાગરિક ઉડ્ડયન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસિત કરવા માટે ઉપરાજ્યપાલ કવિન્દર ગુપ્તાએ એક પરિયોજનાનું ઉદ્ઘાટન કર્યું. અત્યંત પડકારજનક ઊંચાઈ ધરાવતા ક્ષેત્ર અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિ છતાં બુનિયાદી ઢાંચાનું વિક્રમી સમયમાં કાર્ય પૂર્ણ કરાયું છે. વિકસિત કરાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિમાનોની અવર જવરને સરળ બનાવવાની સાથે સાથે નાગરિક ઉડાનના પ્રસ્થાનને પણ ઝડપી બનાવશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની આ પરિયોજનાથી લેહમાં સરળ ઉડ્ડયન પર્યટનને વેગ મળશે. માનવીય સહાયતા અને આપત્તિમાં રાહતની સ્થિતિ જાળવી રાખવામાં પણ આનાથી મજબૂતી મળશે.

## સહકાર દ્વારા સમૃદ્ધિ: "ભારત ટેક્સી" ની શરૂઆત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સહકાર દ્વારા સમૃદ્ધિ" ના વિઝનને અનુરૂપ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે 5 ફેબ્રુઆરી, 2026 ના રોજ નવી દિલ્હીમાં ભારતના પ્રથમ સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ, "ભારત ટેક્સી" ની શરૂઆત કરી. ભારત ટેક્સી વિશ્વનું પ્રથમ અને સૌથી મોટું સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ છે. લગભગ 400,000 ડ્રાઇવરો આ પ્લેટફોર્મમાં જોડાયા છે, અને 1 મિલિયનથી વધુ વપરાશકર્તાઓ નોંધાયેલા છે. અત્યાર સુધીમાં ડ્રાઇવરોને સીધા ₹10 કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે. ભારત ટેક્સી ફક્ત સંપૂર્ણ રાઇડ પ્રદાન કરશે નહીં પરંતુ સુવિધા, સલામતી અને સશક્તિકરણનો નવો અનુભવ પણ પ્રદાન કરશે. તે નોન-એસી ટેક્સી વિકલ્પ અને મેટ્રો ટિકિટ બુકિંગ સુવિધા પણ પ્રદાન કરશે. વધુમાં, ભાડાનો 100% સીધો ડ્રાઇવરને જશે. ભારત ટેક્સીના લોન્ચ દરમિયાન, ટોચના છ પ્રદર્શન કરનારા ડ્રાઇવરોને સહકારી-આધારિત ગતિશીલતા ઇકોસિસ્ટમમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ આ સારથિઓને શેર પ્રમાણપત્રોનું વિતરણ કર્યું, જે "સારથિ માલિક છે" ના મૂળભૂત સિદ્ધાંતને વધુ મજબૂત બનાવે છે. દરેક સારથિને ₹5 લાખનો વ્યક્તિગત અકસ્માત વીમો અને ₹5 લાખનો કૌટુંબિક આરોગ્ય વીમો પૂરો પાડવામાં આવ્યો હતો.









## પીએમજીએસવાઈ-IV માં 10 હજાર કિમીની સડક પરિયોજનાઓને મંજૂરી

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાઈ) IVમાં જમ્મુ-કાશ્મીર, છત્તીસગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને સિક્કિમને માટે 10 હજાર કિલોમીટરથી વધુની સડક પરિયોજનાઓને મંજૂરી અપાઈ ગઈ છે. આ પરિયોજનાઓના પૂરા થવા પર પહેલેથી છૂટી-છવાઈ લગભગ 3,270 વસાહતોને કનેક્ટિવિટી અને આવશ્યક સેવાઓ સુધી પહોંચ પ્રાપ્ત થશે. ઊંચા પર્વતિય ક્ષેત્રથી લઈને ગ્રામીણ સમુદાયોના મધ્ય સુધી ફેલાયેલી આ સડકો માત્ર ઈન્ફાસ્ટ્રક્ચરમાં સુધારો નહીં, પરંતુ આ પ્રગતિને માટે મહત્વપૂર્ણ માર્ગ છે. આ યોજનાનો ઉદ્દેશ વસાહતોને 62,500 કિલોમીટર લાંબી, દરેક ઋતુમાં ઉપયોગને યોગ્ય સડકો ઉપલબ્ધ કરાવવાનો છે જે હજુ સુધી એક બીજા સાથે જોડાયેલી નથી. નાણાંકીય વર્ષ 2028-29 સુધી 70,125 કરોડ રૂપિયા આ પરિયોજનાઓ ઉપર ખર્ચ થવાનું અનુમાન છે.

## આંતરરાષ્ટ્રીય રામ કથા સંગ્રહાલયમાં દેખાશે 233 વર્ષ જૂની વાલ્મિકી રામાયણ

કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફેસર શ્રીનિવાસ વરખેડીએ તીન મૂર્તિ સ્થિત પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલયની કાર્યકારી પરિષદના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રને વાલ્મિકી રામાયણ (તત્વદીપિકા ટીકા સહિત) ની 233 વર્ષ જૂની સંસ્કૃતની એક દુર્લભ પાંડુલિપિ સોંપી. આ પાંડુલિપિ સંસ્કૃત (દેવનાગરી લિપિ) માં લખાઈ છે. આ વિક્રમ સંવત 1849 (1792 ઈ.સ) ની કૃતિ છે. રામાયણની એક દુર્લભ સુરક્ષિત પાઠ પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. આ પાંડુલિપિને ઉત્તર પ્રદેશના અયોધ્યામાં આંતરરાષ્ટ્રીય રામ કથા સંગ્રહાલયને કાયમી રૂપથી ભેટમાં આપવામાં આવી છે. આમ જનતા સુધી આની વ્યાપક પહોંચની સાથે તેનું સંરક્ષણ સુનિશ્ચિત થશે. નૃપેન્દ્ર મિશ્રએ કહ્યું, " વાલ્મિકી રામાયણની આ દુર્લભ પાંડુલિપિનું અયોધ્યા સ્થિત રામ કથા સંગ્રહાલયને દાન, રામ ભક્તો અને અયોધ્યા સ્થિત મંદિર પરિસર માટે એક ઐતિહાસિક ક્ષણ છે."





જન્મ : 17 ફેબ્રુઆરી 1792 ▪ મૃત્યુ : 13 ફેબ્રુઆરી 1832

# લરકા વિદ્રોહના મહાનાયક

*લરકા વિદ્રોહના નેતૃત્વકર્તા તથા સ્વાધીનતાના સ્વપ્નદ્રષ્ટા વીર બુધુ ભગતે અંગ્રેજો તથા શાહુકારોની વિરુદ્ધ યુદ્ધ માંડ્યું અને ગોરિલા યુદ્ધ કરીને આઝાદીની લડાઈ લડી. તેમણે ચૌરૈયા, પિઠૌરીયા, લોહરદગા અને પલામુ ક્ષેત્રના લોકોને બ્રિટિશ શાસનથી આઝાદ થવા માટે જાગૃત કર્યા. શોષણ તેમજ અત્યાચારની વિરુદ્ધ સંઘર્ષ કર્યો. તેઓ કેટલાય વર્ષો સુધી અંગ્રેજોને જંગલોથી હંકારતા રહ્યા અને આદિવાસીઓને અન્યાયની વિરુદ્ધ લડતા શીખવ્યું. સાહસ અને પ્રતિરોધના પ્રતીક બુધુ ભગતની વીરતા અને બલિદાન હંમેશા પ્રેરિત કરતી રહેશે*

લરકા વિદ્રોહના ચિંગારીને ભડકાવનારા પ્રસિદ્ધ ક્રાંતિકારી બુધુ ભગત એવા ક્રાંતિકારી હતા જેમણે એક કુહાડી લઈને બ્રિટિશ સરકારની તોપો અને બંદૂકોનો સામનો કર્યો. ઝારખંડના રાંચી જિલ્લામાં સિલાગાઈ ગામના એક ઉરાંવ પરિવારમાં 17મી ફેબ્રુઆરી 1792ના રોજ જન્મેલા બુધુ ભગત વિશે કહેવાય છે કે તેમને દૈવી શક્તિઓ પ્રાપ્ત હતી, જેના પ્રતીક સ્વરૂપ તેઓ એક કુહાડી હંમેશા પોતાની સાથે રાખતા હતા. બુધુ ભગતની સંગઠન ક્ષમતાને લઈને લોકો તેમને દેવતાનો અવતાર સમજતા હતા. તેમણે સિલ્લી, ચૌરૈયા, પિઠૌરીયા, લોહરદગા અને પલામુમાં પણ સંગઠનનું કામ કર્યું હતું.

કુશળ સંગઠનકર્તાની સાથે-સાથે તેમણે પોતાની ટુકડીને ગોરિલા યુદ્ધ માટે પ્રશિક્ષિત કરી. ગાઢ જંગલો અને દુર્ગમ પહાડોનો લાભ લઈને કેટલીયે વાર અંગ્રેજી સેનાને તેમણે હરાવી. તેઓ બાળપણથી જ તલવારબાજી અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા હતા. તેમણે અંગ્રેજોની ચાપલુસી કરનારા જમીનદારો, દલાલોની વિરુદ્ધ ભૂમિ અને વન સુરક્ષાને માટે પણ જંગ આરંભી હતી. એટલું જ નહીં, પોતાના સાહસ અને નેતૃત્વ ક્ષમતાના બળ ઉપર તેમણે આદિવાસી વિસ્તારોમાં અંગ્રેજી હકુમતની બર્બરતાની વિરુદ્ધ લરકા વિદ્રોહનો સૂત્રપાત કરી હથિયારબંધ વિદ્રોહનું પણ નેતૃત્વ કર્યું હતું.

એમ કહેવાય છે કે બુધુ ભગતની છોટાનાગપુરના રાંચી અને આસપાસના વિસ્તારો ઉપર જોરદાર પ્રભાવ હતો. લોકો તેમના એક ઈશારા ઉપર પોતાનો જીવ પણ આપવા માટે તૈયાર રહેતા હતા. બુધુ ભગતનો સૈનિક અડ્ડો ચોગારી પહાડની ટોચ પર ગાઢ જંગલોની વચ્ચે હતો અને રણનીતિ બનાવવાનું કામ અહીં જ થતું હતું. એક સમય એવો પણ આવ્યો જ્યારે તેમની વીરતા અને સાહસથી કંટાળીને અંગ્રેજોએ તેમને પકડવા માટે એક હજાર રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી જે તે જમાનામાં બહુ મોટી રકમ હતી.

1832ની 13મીએ બુધુ અને તેમના સાથીઓને કેપ્ટન ઈંપેએ સિલાગાઈ ગામમાં ઘેરી લીધા. બુધુ આત્મસમર્પણ કરવા માંગતા હતા, કારણ કે અંગ્રેજો તરફથી થઈ રહેલા અંધાધુંધ ગોળીબારમાં નિર્દોષ ગ્રામીણ માર્યા ન જાય. પણ બુધુ ભગતના અનુયાયીઓએ ગોળાકાર સુરક્ષા કવચ બનાવી લીધું. આની વચ્ચે અંગ્રેજી કેપ્ટને ગોળી ચલાવવાનો આદેશ આપી દીધો. અંધાધુંધ ગોળીઓ ચાલવા લાગી અને વૃદ્ધો, બાળકો, મહિલાઓ તેમજ યુવાનોના ભીષણ ચિત્કારથી વિસ્તાર કાંપી ઉઠ્યો. તે ખૂની તાંડવમાં લગભગ 300 ગ્રામીણ માર્યા ગયા. અન્યાયની વિરુદ્ધ જન વિદ્રોહને હથિયારના બળ પર જબરાઈથી ચૂપ કરાવી દેવામાં આવ્યો. બુધુ ભગત તથા તેમના દીકરા હલધર અને ગિરધરે પણ અંગ્રેજો સાથે બાથ ભીડતા વીરગતિએ પામ્યા. આજે પણ લોકો પોતાની લોક કથાઓ અને લોક ગીતોમાં વીર બુધુ ભગત અને તેમના સહયોગીઓને યાદ કરે છે. આ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં તેમના યોગદાન અને લોકપ્રિયતાને દર્શાવે છે. ▪



# અટલ પેન્શન યોજના 2030-31 સુધી વધી

# સિડબીને મળશે 5,000 કરોડ રૂપિયા

*અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોના કલ્યાણને માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. આ જ શ્રેણીમાં કેન્દ્રીય મંત્રીમંડળે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતાં અટલ પેન્શન યોજનાને 2030-31 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. આનાથી નિમ્ન-આવક વર્ગ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને માટે વૃદ્ધાવસ્થા આવક સુરક્ષા સુનિશ્ચિત થશે. સાથે જ સિડબીને 5,000 કરોડ રૂપિયાની ઈક્વિટી સહાયતાના પ્રસ્તાવને મંજૂરી અપાઈ છે જેથી કેટલાય એમએસએમઈને થશે ફાયદો...*

**નિર્ણય : અટલ પેન્શન યોજના (એપીવાઈ) ને નાણાંકીય વર્ષ 2030-31 સુધી જારી રાખવાની મંજૂરી.**

**પ્રભાવ :** અટલ પેન્શન યોજનામાં 19 જાન્યુઆરી, 2026 સુધી, 8.66 કરોડથી વધુ ગ્રાહક નામાંકિત થઈ ચૂક્યા છે, જેથી આ યોજના ભારતના સમાવેશી સામાજિક સુરક્ષા માળખાની એક આધારશિલા બની ગઈ છે. એપીવાઈ 60 વર્ષની ઉંમરથી શરૂ થઈને, યોગદાનના આધારે, પ્રતિ માસ 1,000 રૂપિયાથી 5,000 રૂપિયા સુધીનું ગેરન્ટીકૃત ન્યૂનતમ પેન્શન પ્રદાન કરે છે. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને વૃદ્ધાવસ્થા આવક સુરક્ષા પ્રદાન કરવાના ઉદ્દેશથી એપીવાઈ 9 મે, 2015થી શરૂ કરવામાં આવી હતી.

### પ્રમુખ અસરઃ

- આ લાખો નિમ્ન-આવક વર્ગ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને માટે વૃદ્ધાવસ્થા આવક સુરક્ષા નિશ્ચિત કરે છે.
- આ નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન આપે છે. ભારતના પેન્શન આધારિત સમાજમાં પરિવર્તનનું સમર્થન કરે છે.
- સતત સામાજિક સુરક્ષા પ્રદાન કરીને વિકસિત ભારત @2047ના દ્રષ્ટિકોણને મજબૂત બનાવે છે.

### જાગૃતિ અને ક્ષમતા નિર્માણમાં સરકાર કરશે સહયોગ

- અસંગઠિત શ્રમિકોમાં પહોંચ વધારવા માટે પ્રચાર અને વિકાસાત્મક ગતિવિધિઓ, જેમાં જાગૃતિ અને ક્ષમતા નિર્માણ સામેલ છે.
- યોજનાની વ્યવહારિતા સંબંધી જરૂરિયાતોને પૂરી કરવા અને તેની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી ધનરાશિની વહેંચણી.


કેબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.



**નિર્ણય : ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (સિડબી) ને 5,000 કરોડ રૂપિયાની ઈક્વિટી સહાયતાને મંજૂરી.**

**પ્રભાવ :** 5,000 કરોડ રૂપિયાની ઈક્વિટી મૂડી રોકાણ પછી નાણાંકીય સહાયતા પ્રાપ્ત કરારા એમએસએમઈની સંખ્યા નાણાંકીય વર્ષ 2025ના અંતમાં 76.26 લાખથી વધીને નાણાંકીય વર્ષ 2028ના અંત સુધી 1.02 કરોડ (એટલે કે લગભગ 25.74 લાખ નવા એમએસએમઈ લાભાર્થી ઉમેરવામાં આવશે) થવાની આશા છે.

- એમએસએમઈ મંત્રાલયની સત્તાવાર વેબસાઈટથી ઉપલબ્ધ નવીનતમ આંકડાઓ (30.09.2025 સુધી) અનુસાર 6.90 કરોડ એમએસએમઈ (એટલે કે દરેક એમએસએમઈ સરેરાશ 4.37 વ્યક્તિઓનું રોજગાર સર્જન) દ્વારા કુલ 30.16 કરોડ લોકોને રોજગાર પ્રદાન કરાવાયું છે.
- આ સરેરાશને ધ્યાનમાં રાખતાં નાણાંકીય વર્ષ 2027-28ના અંત સુધીમાં અનુમાનિત 25.74 લાખ નવા એમએસએમઈ લાભાર્થીઓના ઉમેરાવવાથી લગભગ 1.12 કરોડ નવા રોજગારના સર્જનનું અનુમાન છે. ■



સંવાદથી સફળતા

9મું સંસ્કરણ

પરીક્ષા પે ચર્ચા 2026

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મંત્ર

# પોતાની પેટર્ન પર પૂરો ભરોસો રાખો

*તણાવ અંગે ચર્ચા કરવા અને પરીક્ષાઓને એક તહેવારની જેમ ઉજવવાના ઉદ્દેશ્યથી વર્ષ 2018માં શરૂ કરાયેલો 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દર વર્ષે નવા પડાવ પાર કરી રહ્યો છે. આ વર્ષે પણ છાત્ર-છાત્રાઓના મનથી પરીક્ષાનો ડર દૂર કરવા અને તેમને સફળતાનો મંત્ર શીખવવા માટે ફરી એક વાર અનોખા અને વ્યાપક અંદાજમાં 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમનું આયોજન કરાયું. 6 ફેબ્રુઆરીએ 'પરીક્ષા પે ચર્ચા'ના નવમા સંસ્કરણમાં પીએમ મોદીએ છાત્રોને મહત્વપૂર્ણ મંત્રો આપ્યા અને અનેક વિષયો પર ચર્ચા કરી....*

**છાત્રોને પીએમ મોદીનો ગુરૂ મંત્ર**

**પેટર્ન પર ભરોસો કરો:** આપ આપની જે પેટર્ન છે, તેના પર પૂરો ભરોસો કરો. પરંતુ જે પેટર્ન માટે સુચનો કે ઉકેલો આપીએ છીએ, તેને ધ્યાનથી સાંભળો, સમજવાનો પ્રયાસ કરો. તેમાં આપને લાગે છે કે મારી પેટર્ન તો છે પરંતુ આ બાબત હું તેમાં ઉમેરી દઉં તો સારું રહેશે પરંતુ કોઈના કહેવા પર ન ઉમેરો, પોતાના અનુભવથી ઉમેરો. હવે જેવી મેં પરીક્ષા પે ચર્ચા શરૂ કરી ત્યારે એક પેટર્ન હતી. હવે ધીરે-ધીરે તેમાં સુધારો કરતો જાઉં છું.

**બે પ્રકારની સ્કીલ:** સ્કીલમાં પણ બે પ્રકારની સ્કીલ છે. એક છે, લાઈફ સ્કીલ. બીજી છે, પ્રોફેશનલ સ્કીલ. એમાં પણ કોઈ મને પૂછશે કે સાહેબ લાઈફ સ્કીલમાં ધ્યાન આપવું જોઈએ કે પ્રોફેશનલ સ્કીલમાં? હું કહીશ કે બંનેમાં ધ્યાન આપવું જોઈએ. હવે મને જણાવો કે અભ્યાસ કર્યા વગર, ઓબ્ઝર્વેશન કર્યા વગર, જ્ઞાન મેળવ્યા વિના, કોઈ પણ સ્કીલ આવી શકે છે કે કેમ?

**શિક્ષણ એક માધ્યમ:** આપણું જીવન પરીક્ષા માટે નથી પરંતુ શિક્ષણ આપણા જીવનને બનાવવાનું એક માધ્યમ છે. શિક્ષણ માટે આપણે દર વખતે વારંવાર પરીક્ષા આપીએ છીએ. આ તો એક પરીક્ષા છે, તે આપણને પોતાની જાતને એક્ઝામીન કરવા માટેની એક્ઝામ છે. એસ્ટિમેટ ગોલ એક્ઝામના માર્ક ન હોઈ શકે. અલ્ટિમેટ ગોલ સંપૂર્ણ જીવનના વિકાસનો હોવો જોઈએ. મારો તો તમામ વિદ્યાર્થીઓને આગ્રહ છે કે આપ જીવનમાં સૌથી વધુ ઉત્તમ બનો, પોતાનું જીવન શ્રેષ્ઠ બનાવો, આપનું સમગ્ર જીવન શાનદાર રહે, તેના માટે જીવનને તૈયાર કરવાનું છે.




## આસામી ગમછો

પીએમ મોદીએ આસામી ગમછાથી છાત્રોનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે આને આસામી ગમછો કહે છે. આ સૌથી મોટી વસ્તુ છે, એ મારી સૌથી પ્રિય વસ્તુ છે. તેની રચના બહુ સારી લાગે છે. બીજું એ છે કે આ આસામના અને ખાસ કરીને ઉત્તરપૂર્વની મહિલા સશક્તિકરણનું પ્રતિક છે. આ ઘરમાં બનાવાય છે. ખરેખર તો ત્યાંની માતૃશક્તિ, નારી શક્તિ કેવી રીતે કામ કરે છે. એક પ્રકારે મનમાં ખૂબ જ આદર થાય છે, સન્માનની લાગણી થાય છે. તો મને મન થઈ ગયું કે આજે આ બાળકોને હું આસામનો ગમછો આપીશ.

## હું વીતેલાને નહીં, બચેલાની ગણતરી કરું છું

છાત્રો સાથેની વાતચીતમાં પીએમ મોદીએ કહ્યું કે મને હમણા જ એક નેતાએ ફોન કર્યો હતો. મારા જન્મદિવસ પર 17મી સપ્ટેમ્બરે તો તેમણે મને કહ્યું કે આપ 75 વર્ષના થઈ ગયા છો. તો મેં કહ્યું કે હજી 25 ટકા બાકી છે. તો હું જે વીતી ગયું છે, તેને ગણતો નથી. જે બચ્યું છે તેની ગણતરી કરું છું અને તેથી જીવનમાં હું આપને પણ કહું છું. વીતી ગયું છે, તેની ગણતરીમાં સમય ન વેડફો. જે બચ્યું છે તેને જીવવાનું વિચારો.

***આ વર્ષેની પીપીસીમાં પરીક્ષાઓ સાથે સંકળાયેલા ઘણા જ વિષયો સામેલ છે, ખાસ કરીને તણાવ મુક્ત રહેવાની આવશ્યકતા, શીખવા પર ધ્યાન કેન્દ્રીત કરવું બીજું ઘણું બધું. આ એક એવું મંચ છે જે મને હંમેશા પસંદ આવ્યું છે, કેમ કે તેનાથી દેશના હોનહાર છાત્રોની સાથે વાતચીત કરવાની તક મળે છે. -નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



**ગેમ ક્રિએટર બનોઃ** ભારતમાં ઘણી બધી કથા-વાર્તાઓ છે. આપ ક્યારેય વિચારો છો કે પંચતંત્ર પર હું એક ગેમ બનાવીશ, હું ગેમ ક્રિએટર બનું. આપ પણ પોતાની એક સોશિયલ મિડિયા પ્રોફાઈલ બનાવો અને આપ એક કે બે ગેમ પોતે જ તૈયાર કરો અને આ ગેમને આપ લોન્ચ કરો. તો આપના ઘરના લોકોને લાગશે કે, અરે જૂઓ આટલો નાનો છે, 10,000-20,000 તેના ફોલોઅર છે. તો આપની પાસે નવા-નવા આઈડિયા આવશે. તેથી ગેમિંગમાં આપની રૂચિ છે, વસ્તુ છે. આપ ક્યારેય પણ સંકોચ ન કરો.

**ડાયરીમાં લખોઃ** રાત્રે આપ જ્યારે સૂવા જાઓ તો તેની પહેલાં ડાયરીમાં લખો કે કાલે મારે જે કામ ચોક્કસ કરવાના જ છે, એવા કયાં કામ છે. બીજું વળી આજે જે લખ્યું છે, તે બીજા દિવસે ટેલિ કરો થયું કે ન થયું અને ટીક માર્ક કરો કે કાલે મેં લખ્યું હતું કે હું આજે આ પાંચ

9મું સંસ્કરણ

# પરીક્ષા પે ચર્ચા 2026

## રેકોર્ડ છાત્રોએ નોંધણી કરાવી



**પરીક્ષા પે ચર્ચા (પીપીસી) કાર્યક્રમના નવમા સંસ્કરણમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી અને તેના માટે 4.5 કરોડથી વધુ છાત્રો, શિક્ષકો અને અભિભાવકોએ MyGov પોર્ટલના માધ્યમથી નોંધણી કરાવી. જેમાં છાત્રોની સંખ્યા 4,19,14,056, શિક્ષકો 24,84,259 અને અભિભાવકોની સંખ્યા 6,15,064 રહી.**

**2018**

### પહેલી વખત થઈ વાતચીત

પહેલી વખત પરીક્ષા પે ચર્ચા 16મી ફેબ્રુઆરીએ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત કરાઈ હતી. આ કાર્યક્રમમાં 2500થી વધુ વિદ્યાર્થીઓ હાજર હતા. દેશભરના 8.5 કરોડથી વધુ છાત્રોએ કાર્યક્રમ નિહાળ્યો.

**2019**

### વધતી પહોંચ

29મી જાન્યુઆરી 2019ના રોજ પરીક્ષા પે ચર્ચાનું બીજું સંસ્કરણ પણ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત કરાયું હતું, જેમાં ભાગીદારીનું સ્તર ખૂબ જ વધ્યું. 90 મિનિટથી વધુ સમય સુધી ચાલેલી આ વાતચીતમાં છાત્રો, શિક્ષક અને અભિભાવકો સામેલ થયા.

**2020**

### ભાગીદારીનો વિસ્તાર

20મી જાન્યુઆરી 2020ના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત આ કાર્યક્રમ માટે 263 લાખ પ્રવેશ નિવેદનો પ્રાપ્ત થયા. દેશ અને વિદેશમાં રહેનારા 25 દેશના ભારતીય છાત્રોએ તેમાં ભાગ લીધો.

**2021**

### વર્ચ્યુઅલ સંપર્ક

કોવિડ-19 મહામારીને કારણે પીપીસીનું ચોથું સંસ્કરણ 2021ની સાતમી એપ્રિલે ઓનલાઈન આયોજિત કરવામાં આવ્યું.

**2022**

### 5મા સંસ્કરણનું આયોજન

2022ની પહેલી એપ્રિલે તાલકટોરા સ્ટેડિયમ, નવી દિલ્હીમાં પરીક્ષા પે ચર્ચાના 5મા સંસ્કરણમાં પીએમ મોદીએ છાત્રો, શિક્ષકો અને અભિભાવકો સાથે વાતચીત કરી. 9,69,836 છાત્રો, 47,200 શિક્ષકો અને 1,86,517 અભિભાવકોએ પરીક્ષા પે ચર્ચા-2022નું સીધું પ્રસારણ નિહાળ્યું.

**2023**

### સંખ્યા વધી

2023ની 27મી જાન્યુઆરીએ પરીક્ષા પે ચર્ચાનું છઠ્ઠું સંસ્કરણ તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત કરાયું. 7,18,110 છાત્ર, 42,337 શિક્ષકો અને 88,544 અભિભાવકોએ સીધું પ્રસારણ જોયું.

**2024**

### રાષ્ટ્રવ્યાપી ભાગીદારી

29મી જાન્યુઆરીએ સાતમું સંસ્કરણ ભારત મંડપમમાં આયોજિત કરાયું. કાર્યક્રમ માટે MyGov પોર્ટલ પર 2.26 કરોડ નોંધણી થઈ જેમાં છાત્રો, શિક્ષકો, અભિભાવકો અને કલા ઉત્સવના વિજેતાઓ સહિત લગભગ 3,000 પ્રતિભાગીએ ભાગ લીધો.

**2025**

### વાતચીતમાં અનેક વિષયો પર ચર્ચા

10 ફેબ્રુઆરી 2025એ નવી ફોર્મેટમાં નવી દિલ્હીની સુંદર નર્સરીમાં પરીક્ષા પે ચર્ચાનું આઠમું સંસ્કરણ આયોજિત કરાયું. પીએમ મોદીએ છાત્રોની સાથે અનેક વિષયો પર ચર્ચા કરી. તેમણે છાત્રોને તલથી બનેલી મિઠાઈ પણ વિતરીત કરી.

કામ કરીશ, પરંતુ ત્રણ જ કર્યા તો ટીક માર્ક કરો, બે રહી ગયા. પછી વિચારો એ બે કેમ રહી ગયા? જીવનમાં જો ટાઈમ મેનેજમેન્ટ શીખી લીધું અને સમયનો પ્રોડક્ટિવ યૂઝ શીખી લીધો તો જૂઓ આપને ક્યારેય પણ પ્રેશર નહીં લાગે. થાક નહીં લાગે. હવે જેમ કે હું છું, આટલા બધા કામ હોય છે પરંતુ મને ટેન્શન નથી કેમકે મને ઘણા સમય અગાઉથી જ એક પ્રકારે સમયનો યોગ્ય ઉપયોગ કરવાની ટેવ પડી ગઈ છે.

## પહેલીવાર દેશના અનેક સ્થળો પર પીપીસીનું આયોજન થયું

પહેલી વખત પીપીસી 2026નું આયોજન દેશના તમામ ભાગોને કવર કરતા અનેક સ્થળો પર કરવામાં આવ્યું. દિલ્હી ઉપરાંત, પીપીસી 2026નું આયોજન તામિલનાડુના કોઈમ્બતૂર, છત્તીસગઢના રાયપુર, ગુજરાતના દેવ મોગરા અને આસામના ગુવાહાટી સહિત ચાર અલગ અલગ સ્થાનો પર કરવામાં આવ્યું, જેમાં દેશના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને મધ્ય ભાગ સામેલ હતો.

## દેશભરના વિદ્યાલયોમાં છાત્ર-કેન્દ્રીત ગતિવિધીઓનું આયોજન

પરીક્ષા પે ચર્ચા 2026ના આયોજનની તૈયારી અંતર્ગત સમગ્ર દેશના વિદ્યાલયોમાં છાત્ર-કેન્દ્રીત ગતિવિધિઓ આયોજિત કરાઈ. તેમાં આત્મનિર્ભરતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે છાત્રો દ્વારા આયોજિત સ્વદેશી સંકલ્પ દોડ અને પરાક્રમ દિવસ પર પસંદગીના કેન્દ્રીય વિદ્યાલયોમાં આયોજિત પ્રશ્નોત્તરી અને લેખન પ્રતિયોગિતાઓ સામેલ હતી. આ ગતિવિધીઓમાં લગભગ 2.26 કરોડ છાત્રોએ ભાગ લીધો.



### સપનાં જોવા જ જોઈએ

છાત્રો સાથેની મુલાકાતમાં પીએમ મોદીએ કહ્યું કે સપના ન જોવા, એ તો ક્રાઈમ છે. સપના જોવા જ જોઈએ, પરંતુ સપનાને ગણગણતા રહેવા એ ક્યારેય કામ નથી આવતા. તેથી જીવનમાં કર્મને પ્રાધાન્ય આપવું જોઈએ. હું જ્યાં છું, ત્યાં મારે સફળ થવાનું છે, ત્યારે જ હું આગળ આવીશ. આપણને મન થયું કે મારે એસ્ટ્રોનટ બનવું છે અને મારે ચંદ્ર પર જવું છે, તો પછી મારે વાંચવું જોઈએ કે ભાઈ એસ્ટ્રોનટ કોણ છે. તેની બાયોગ્રાફી શું હતી? આ સ્પેસ શું હોય છે? ધીમે ધીમે ધીમે ધીમે તેમાં રૂચિ વધારવી જોઈએ.




### ...એક વિદ્યાર્થીએ કવિતા સંભળાવી

*હમ સબકે અરમાન હૈ આપ. ભારત કે અભિમાન હૈ આપ.*

*ભારતવર્ષ કે કેવટ હૈ આપ. માનવતા કે સેવક હૈ આપ.*

*મૈં બડી દૂર સે આઈ હૂં. કુછ પ્રશ્નો કો અપને સાથ ભી લાઈ હૂં.*

*પરીક્ષા પે ચર્ચા કી સૌગાત ઉઠાએ હૈ. ફિર હમ મૌકા પાએ હૈ.*

*આપ મમતા કી પરછાઈ હૈ. વંચિતો કે હમરાહી હૈ.*

*દેશ કો આગે રખતે હૈ. ભારત માં કી જય કહેતે હૈ.*

*તો લો મૈં ભી યહ કહતી હું, મન કી બાત રખતી હું.*

*આપ સાધના પુરૂષ ઔર યોગી હો.*

*ભારત કે સપનોં કે મોદી હો.*

*યહ કહકર મૈંને વાણી કો વિરામ દીયા ફીર સે આપકો પ્રણામ કિયા.*

### પરીક્ષા પે ચર્ચાથી મળતી મહત્વપૂર્ણ ટિપ્સ

- સ્ટ્રેસ મેનેજમેન્ટ અને ટાઈમ મેનેજમેન્ટ.
- એક્ઝામ દરમિયાન થનારી ગભરામણને દૂર કરવાના ઉપાય.
- અંતિમ દિવસોમાં રિવિઝનની યોગ્ય પદ્ધતિ
- અભિભાવક, બાળકોને કઈ રીતે મદદ કરવી.

**પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો.**

**જિંદગી જીવવાની પદ્ધતિથી જીવન બને છે:** કેટલાક લોકો હોય છે કે ઊંઘ પણ નથી આવતી. કેમ નથી આવતી? રૂમ આવો છે. જો તેને ફાઈવ સ્ટાર હોટેલમાં રાખશો ને તો પણ ઊંઘ નહીં આવે. તો આ જે વિચાર છે કે સુવિધા હશે તો ક્ષમતા આવશે, એવું નથી. અમારા દેશમાં બોર્ડની એક્ઝામમાં જેઓ નંબર લાવે છે, તે બાળકો નાના-નાના ગામના છે. ત્યાં તો કોઈ કમ્ફર્ટ નથી. કમ્ફર્ટ ઝોન જીવન બનાવે છે, એ ભ્રમમાં ન રહેવું જોઈએ. જીવન બને છે જીંદગી જીવવાની પદ્ધતિથી. ■

રાષ્ટ્રપતિનું અભિભાષણ

# સુશાસનને વધુ મજબૂત કરવાની સામૂહિક પ્રતિબદ્ધતા

*વર્ષ 2026ના પ્રથમ સંસદ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂના સંબોધન સાથે થઈ. આ સંબોધન જ્યાં વર્તમાન વર્ષોમાં ભારતની વિકાસ યાત્રાનું સજીવ ચિત્રણ હતું ત્યાં ભવિષ્ય માટે સુદૃઢ માર્ગદર્શન તથા 140 કરોડ દેશવાસીઓના આત્મવિશ્વાસની અભિવ્યક્તિ. અભિભાષણમાં ખેડૂતો, યુવાનો, ગરીબો તથા વંચિત વર્ગોના સશક્તિકરણ માટે સતત થઈ રહેલા પ્રયાસોને રેખાંકિત કરવામાં આવ્યા. સાથે જ રિફોર્મ એક્સપ્રેસને વધુ ગતિ આપવા, ઈનોવેશનને વેગ આપવા તથા સુશાસનને વધુ સુદૃઢ કરવાની દિશામાં ભારતની સામૂહિક પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કરાયો, જે એક સશક્ત, આત્મનિર્ભર અને સમૃદ્ધ રાષ્ટ્રના સંકલ્પને દર્શાવે છે. પ્રસ્તુત છે સંબોધનના સંપાદિત અંશ...*



**અતીત માંથી પ્રેરણાઃ** વંદે માતરમના 150 વર્ષ થવા બદલ સમગ્ર દેશમાં સમારંભ આયોજિત કરવામાં આવી રહ્યા છે. તમામ દેશવાસી આ મહાન પ્રેરણા માટે ઋષિ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયને નમન કરી રહ્યા છે. દેશવાસીઓએ શ્રી ગુરુ તેગ બહાદૂરજીની 350મા શહીદી પર્વને પણ શ્રદ્ધાપૂર્વક ઉજવ્યો. ભગવાન બિરસા મુંડાના 150મા જન્મજયંતી વર્ષ દરમિયાન દેશે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સરદાર પટેલની 150મી જન્મજયંતી સાથે સંકળાયેલા આયોજનમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને મજબૂતી આપી. તમામ દેશવાસી એ બાબતના પણ સાક્ષી બન્યા કે કેવી રીતે ભારત રત્ન ભૂપેન હઝારિકાની જન્મ શતાબ્દીનો સમારોહ, સૂરો તથા દેશની એક્તાના ભાવથી ભરેલો હતા. જ્યારે દેશવાસીઓ અતીતના આ મહાન પડાવો અને પોતાના પૂર્વજોના મહાન યોગદાનને યાદ કરે છે ત્યારે નવી પેઢીને પ્રેરણા મળે છે.

**ગરીબીમાં ઘટાડોઃ** છેલ્લા એક દાયકામાં 25 કરોડ દેશવાસી ગરીબીને મ્હાત આપીને ગરીબીમાંથી બહાર નીકળ્યા છે. સરકારના ત્રીજા કાર્યકાળમાં ગરીબોને સશક્ત કરવાનું અભિયાન વધુ ઝડપથી આગળ ધપ્યું છે.

**એલપીજીઃ** ઉજ્જવલા યોજનાના માધ્યમથી અત્યાર સુધીમાં દસ કરોડથી વધુ પરિવારોને એલપીજી જોડાણ મળ્યા છે. એક વર્ષમાં સરકારે પોણા સાત



કરોડ રૂપિયાથી વધુ લાભ ડીબીટીના માધ્યમથી સીધો જ લાભાર્થીઓ સુધી પહોંચાડ્યો છે.

**પાક્કા ઘરઃ** છેલ્લા એક દાયકામાં ગરીબોના ચાર કરોડ પાક્કા મકાન બન્યા. છેલ્લા એક વર્ષમાં 32 લાખ નવા મકાનો ગરીબોને મળ્યા છે.

**નળથી જળઃ** જળ જીવન મિશનના પાંચ વર્ષમાં સાડા બાર કરોડ નવા પરિવારો સુધી પાઇપથી પાણી પહોંચ્યું છે. છેલ્લા એક વર્ષમાં લગભગ એક કરોડ નવા પરિવારો સુધી નળથી જળની સુવિધા પહોંચી છે.

**સમાજિક સુરક્ષાઃ** 2014ના વર્ષના પ્રારંભે માત્ર 25 કરોડ નાગરિકો સુધી જ સોશિયલ સિક્યોરિટીની યોજના પહોંચી શકતી હતી. સરકારના પ્રયાસોમાં સાતત્યને કારણે આજે લગભગ 95 કરોડ ભારતીયોને સોશિયલ સિક્ટોરીટીનું કવચ મળી રહ્યું છે.

**આરોગ્યઃ** ગરીબ દર્દીઓ માટે શરૂ કરવામાં આવેલી આયુષમાન ભારત યોજનાથી વીતેલા વર્ષ સુધીમાં 11 કરોડથી વધુ દર્દીઓનો વિનામૂલ્યે ઈલાજ કરવામાં આવ્યો છે. છેલ્લા લગભગ દોઢ વર્ષમાં એક કરોડ જેટલા વડીલોને વય વંદના કાર્ડ ફાળવવામાં આવ્યા છે. તેની મદદથી આઠ લાખ વડીલોએ હોસ્પિટલમાં દાખલ થઈને પોતાનો ઈલાજ વિનામૂલ્યે કરાવ્યો છે. સિકલ સેલ એનિમિયા ઉન્મૂલન મિશનમાં સાડા છ કરોડથી વધુ નાગરિકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. ગર્વની વાત એ છે કે વિશ્વ આરોગ્ય સંગઠને ભારતને આંખના સંક્રમણ, ટ્રેકોમાથી મુક્ત જાહેર કર્યું છે.

**વીમા સુરક્ષાઃ** પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પીએમ સુરક્ષા વીમા યોજનાના માધ્યમથી કરોડો જરૂરતમંદ નાગરિકોને વીમા કવરેજ મળ્યું છે. તેના અંતર્ગત 24 હજાર કરોડ રૂપિયાથી વધુના દાવા પણ આપવામાં આવ્યા છે.

**ખેડૂતઃ** છેલ્લા વર્ષમાં ભારતે વિક્રમી સાડા ત્રણ સો મિલિયન ટનથી વધુ ખાદ્યાન્નનું ઉત્પાદન કર્યું છે. 150 મિલિયન ટન ઉત્પાદનની સાથે ભારત વિશ્વનો સૌથી વધુ ચોખા ઉત્પાદક દેશ બની ગયો છે. ભારત વિશ્વનું બીજું સૌથી મોટું માછલી ઉત્પાદન દેશ પણ બન્યું છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં પણ ભારત દુનિયાના સૌથી સફળ દેશના રૂપમાં ઓળખાય છે.

**મોબાઇલ-ઇવી વિનિર્માણઃ** મોબાઈલ ઉત્પાદક જેવા ક્ષેત્રમાં પણ ભારત હવે દુનિયાનો બીજો સૌથી મોટો દેશ બની ગયો છે. 2025-26 અગાઉ પાંચ મહિનામાં ભારતની સ્માર્ટફોનની નિકાસ એક લાખ કરોડ રૂપિયાના આંકને પાર કરી ગઈ. આ વર્ષે ભારતે 100 કરતાં વધુ દેશોમાં ઈલેક્ટ્રિક વ્હીકલની નિકાસ શરૂ કરી છે.

**પીએમ ગ્રામીણ સડક યોજનાઃ** છેલ્લા એક વર્ષમાં દેશમાં લગભગ 18 હજાર કિલોમીટર નવી ગ્રામીણ સડકો જોડવામાં આવી છે. હવે ભારતની લગભગ લગભગ તમામ ગ્રામીણ વસ્તી સડકો સાથે જોડાઈ ચૂકી છે.

**આઇઝોલ પહોંચી રેલવેઃ** મિઝોરમના આઈઝોલ અને નવી દિલ્હીને સીધા રેલ રૂટથી જોડવામાં આવ્યા છે. ગયા વર્ષે જ્યારે આઈઝોલના સ્ટેશન પર પહેલી વાર રાજધાની એક્સપ્રેસનું આગમન થયું તો સ્થાનિક લોકોના ઉત્સાહે સમગ્ર દેશને પ્રસન્નતાથી ભરી દીધો.

**સૌથી ઉંચો રેલવે આર્ચ બ્રિજઃ** જમ્મુ-કાશમીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલવે આર્ચ ચિનાબ બ્રિજ તથા તામિલનાડુમાં નવા પંબન બ્રિજનું નિર્માણ




કરીને ભારતે ઈંફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં એક વિક્રમ રચી દીધો છે.

**જળમાર્ગઃ** અગાઉ ભારતમાં રાષ્ટ્રીય જળ માર્ગોની સંખ્યા પાંચ હતી, જે હવે 100 કરતાં વધારે થઈ ગઈ છે. તેનાથી ઉત્તર પ્રદેશ, બંગાળ, બિહાર સહિત પૂર્વ ભારતના રાજ્યો લોજિસ્ટિક હબ બનીને ઉભરી રહ્યા છે.

**પ્રગતિઃ** યોજનાઓના લાભને પ્રત્યેક લાભાર્થી સુધી પહોંચાડવા માટે સરકારે 'પ્રગતિ' નામની એક નવી વ્યવસ્થા શરૂ કરી છે. ડિસેમ્બર 2025માં 'પ્રગતિ' ની 50 બેઠક યોજાઈ હતી, વીતેલા વર્ષોમાં 'પ્રગતિ'એ 85 લાખ કરોડ રૂપિયા કરતાં વધુ રકમના પ્રોજેક્ટને ગતિ આપી છે.

**એક લાખ કરોડ રૂપિયાની બચતઃ** જીએસટી રિફોર્મમાં ઘટાડો થયા બાદ વર્ષ 2025માં ટુ વ્હીલરનું રજિસ્ટ્રેશન બે કરોડ પાર કરી ગયું છે.

**આવકવેરામાં રાહતઃ** 12 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ ઝીરો કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આવા રિફોર્મ્સથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને અભૂતપૂર્વ ફાયદો થયો છે.

**નવો શ્રમ કાનૂનઃ** દેશમાં નવો શ્રમ કાનૂન લાગું કરવામાં આવ્યો છે. તેનાથી શ્રમિકોને યોગ્ય વેતન ભથ્થાં તથા અન્ય કલ્યાણકારી લાભ મળવાનું સરળ બની ગયું છે. દેશના યુવાનો તથા ખાસ કરીને મહિલાઓને તેનો લાભ થયો છે.

**સૌર ઊર્જાઃ** ન્યૂક્લિયર ઉપરાંત ભારત સોલર પાવર ક્ષેત્રમાં ઝડપથી આગળ ધપી રહ્યું છે. પીએમ સૂર્યઘર મફત વિજળી યોજનાથી દેશના સામાન્ય ઉપભોક્તા હવે વિજળીના ઉત્પાદક બની રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ 20 લાખ રૂફ ટોપ સોલર સિસ્ટમ લગાવવામાં આવ્યા છે.

**સરહદી વિસ્તાર સુધી પહોંચવું આસાનઃ** છેલ્લા 11 વર્ષમાં પૂર્વોત્તરમાં 7,200 કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય રાજમાર્ગ બન્યા છે. તેનાથી અંતરિયાળ, પહાડી, જનજાતીય તથા સરહદી વિસ્તારો સુધી પહોંચવું આસાન બની ગયું છે.



**મેટ્રો નેટવર્ક**

2025માં ભારતનું કુલ મેટ્રો નેટવર્ક 1,000 કિલોમીટરના ઐતિહાસિક આંકને પાર કરી ગયું છે. ભારત દુનિયાનો ત્રીજો સૌથી મોટા રેલવે નેટવર્ક ધરાવતો દેશ બની ગયો છે.





## સ્વંય સહાયતા સમૂહ

સરકારે દસ કરોડ મહિલાઓને સ્વયં સહાયતા સમૂહમાં સાંકળી છે. આજે દેશમાં લખપતિ દીદીઓની સંખ્યા બે કરોડથી વધી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં જ 60 લાખથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની ગઈ છે. મારી સરકાર કુલ ત્રણ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવા માટેના લક્ષ્યાંકને ઝડપથી પ્રાપ્ત કરનારી છે.

**પીએમ જનમન યોજનાઃ** યોજના અંતર્ગત આદિવાસીઓમાં પણ સૌથી પછાત જનજાતિઓને 20 હજારથી વધુ ગામડાને વિકાસ સાથે જોડવામાં આવ્યા છે. આ ગામડામાં ગરીબોના લગભગ અઢી લાખ મકાનો આ જ યોજનાના માધ્યમથી બન્યા છે.

**આદિવાસી શિક્ષણઃ** છેલ્લા 11 વર્ષમાં અનુસૂચિત જાતિના લાખો વિદ્યાર્થીઓને 42 હજાર કરોડ રૂપિયાથી વધુની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. લગભગ પાંચ કરોડ વિદ્યાર્થીઓને લાભ થયો છે. આદિવાસી ક્ષેત્રોમાં સરકારે 400થી વધુ એકલવ્ય આદર્શ આવાસીય વિદ્યાલય (હોસ્ટેલ) ખોલી છે.

**પીએમ કિસાન સમ્માન નિધીઃ** યોજના હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોને ચાર લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી જ તેમના ખાતામાં જમા કરવામાં આવી છે.

**જી રામ જી કાયદોઃ** જી રામ જી કાયદાથી ગામડામાં 125 દિવસના રોજગારની ગેરન્ટી આપવામાં આવી હતી. સાથે જ ભ્રષ્ટાચાર અને લીકેજને રોકવું પણ સુનિશ્ચિત થઈ જશે. હવે આ યોજનાથી ગામડાઓના વિકાસને નવી ગતિ મળી રહેશે.

**ઓપરેશન સિંદૂરઃ** ઓપરેશન સિંદૂર દ્વારા સમગ્ર વિશ્વએ ભારતીય લશ્કરનું શૌર્ય અને પરાક્રમ જોયું. દેશે પોતાના સંસાધનોની તાકાત પર આતંકવાદીઓના અડ્ડા ધ્વસ્ત કરી દીધા. સરકારે કડક સંદેશ આપ્યો કે ભારત ઉપર કોઈ પણ આતંકવાદી હુમલાનો જવાબ દૃઢ અને નિર્ણાયક રહેશે. સિંધૂ જળ સમજૂતિને સ્થગિત કરવી તે પણ આતંકવાદ સામેની લડતનો જ એક હિસ્સો છે.

**માઓવાદનો અંતઃ** માઓવાદી આતંકનો પડકાર પણ 126 જિલ્લામાંથી ઘટીને આઠ જિલ્લા સુધી સિમિત બની ગયો. તેમાંથી ત્રણ જિલ્લા એવા છે જે ગંભીર રીતે પ્રભાવિત છે. હવે એ દિવસો દૂર નથી જ્યારે દેશમાંથી માઓવાદી આતંક સંપૂર્ણ રીતે ખતમ થઈ જશે.

**સેમીકન્ડક્ટરઃ** 2025ના વર્ષમાં ચાર સેમીકન્ડક્ટર ઉત્પાદન યુનિટને મંજૂરી આપી દેવામાં આવી છે. ભારતમાં દસ એવી ફેક્ટરીઓ છે જે આવનારા દિવસોમાં પોતાનું કાર્ય શરૂ કરનારી છે. ભારત હવે નેનો ચીપ નિર્માણ માટે મોટા પગલાં ભરી રહ્યું છે.

**મુદ્રા યોજનાઃ** યુવાનોમાં ઉદ્યમ અને સ્વરોજગારની ભાવનાને વેગ મળી રહ્યો છે. આ સ્કીમ હેઠળ અત્યાર સુધીમાં 38 લાખ કરોડ રૂપિયાથી વધુનું ફંડ, નાના નાના ઉદ્યમીઓને મળ્યું છે. લગભગ 12 કરોડથી વધુની લોન પહેલી વાર સ્વરોજગાર શરૂ કરવા માટે આપવામાં આવી છે.

**સ્ટાર્ટઅપ ઈન્ડિયાઃ** સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામે તેના દસ વર્ષ પૂરા કર્યા છે. આ દસ વર્ષમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. આજે દેશમાં લગભગ બે લાખ સ્ટાર્ટઅપ રજિસ્ટર થઈ ચૂક્યા છે.

**મોબાઈલ નેટવર્કઃ** વીતેલા વર્ષમાં દેશમાં એક લાખથી વધુ મોબાઈલ ટાવર દ્વારા 4G અને 5G નેટવર્કને દેશના ખૂણે ખૂણા સુધી પહોંચાડ્યું છે. ડિજિટલ ઈન્ડિયાના વ્યાપે ભારતને હજારો કરોડની ક્રિએટીવ ઈકોનોમીના એક મોટા ગ્લોબલ સેન્ટરના રૂપમાં ઓળખ આપી છે. ■

**વિકસિત ભારત સંકલ્પની અમૃત યાત્રા**

# વિકાસ, વિશ્વાસ અને ભવિષ્યના સંગમને સાકાર કરતું બજેટ




કેન્દ્રીય બજેટ 2026-27 જોવા-સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

કવર સ્ટોરી

# સામાન્ય બજેટ 2026 - 2027

***છેલ્લા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટેનો આધારસ્તંભ તૈયાર કર્યો છે, હવે વર્ષ 2026-27નું બજેટ પણ વિકસિત ભારતના વિરાટ અને નિર્ણાયક સંકલ્પને સાકાર કરવાની નિરંતરતાનું પ્રતીક બની ગયું છે. સંકલ્પથી સિદ્ધિના મંત્ર અને અમૃત યાત્રા તરફ વધતા નિર્ણાયક પગલાંની સાથે આ કેન્દ્રીય બજેટ પણ બની ગયું છે. વિકાસ, વિશ્વાસ અને ભવિષ્યની ત્રિવેણીને સાકાર કરનારું આત્મનિર્ભર ભારતનું સશક્ત બજેટ...***



આ વિકસિત ભારતના સંકલ્પની અમૃત યાત્રાનું દિશા-નિર્દેશક બજેટ છે. છેલ્લા 11 વર્ષમાં વિકાસની યાત્રાથી સ્વર્ણિમ ભારતના આધારને સશક્ત કરનારું આ બજેટ છે. બજેટમાં ગામ-ગરીબ-ખેડૂતનું કલ્યાણ, માતૃશક્તિના દર્શન, તો યુવાન ભારતની યુવાન વિચારશક્તિ પણ છે. યુવાનોના સંકલ્પ, સપના અને યુવાનોની ગતિ પણ છે. સાચા અર્થમાં આ બજેટ પણ ભારતીય અર્થતંત્રના ગુણાત્મક અને માત્રાત્મક પરિવર્તનનો એક ઉત્કૃષ્ટ સારાંશ છે. વિકસિત ભારત માટે શરૂ થયેલી અમૃત યાત્રાને હકીકતમાં બદલનારું બજેટ છે. આ બજેટ સચોટ, સક્ષમ, સામર્થ્યવાન ભારતનું બજેટ છે. છેલ્લા 11 વર્ષની નિરંતરતા અને દૂરદ્રષ્ટિ ધરાવતા કેન્દ્રીય બજેટનો ઉદ્દેશ્ય હંમેશા એ જ રહ્યો છે કે કેન્દ્ર સરકારના પ્રત્યેક પગલાનો લાભ દેશના નાગરિકોને મળે અને રાષ્ટ્ર સશક્ત બને.

આ વર્ષનું કેન્દ્રીય બજેટ ખાસ છે કારણ કે આ કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું દેશનું પ્રથમ બજેટ છે, જે ત્રણ કર્તવ્યોથી પ્રેરિત છે -

પહેલું- આર્થિક વૃદ્ધિને ઝડપી બનાવવી અને તેને જાળવી રાખવી.

બીજું- નાગરિકોની આકાંક્ષાઓને પૂરી કરવી અને તેમની ક્ષમતાનું નિર્માણ કરવું.

ત્રીજું- સૌનો સાથ સૌનો વિકાસ.

એક સમય હતો જ્યારે કેન્દ્રીય બજેટને ફક્ત એક નાણાકીય દસ્તાવેજ તરીકે વર્ષભરના લેખાજોખા તરીકે જ માનવામાં આવતું હતું. પરંતુ 2014 પછીથી આ નાણાકીય વિવરણ રજૂ કરવાની બંધારણીય જરૂરિયાત માત્ર નહીં, પરંતુ કેન્દ્ર સરકારના દીર્ઘકાલીન વિચાર સાથે તેને નિરંતરતાનું પ્રતીક ધરાવતો દસ્તાવેજ બનાવી દીધો છે. વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિ, આ જ વિચારધારાનું પરિણામ છે.

# સામાન્ય બજેટ 2026 - 2027



## સર્વસ્પર્શી સામાન્ય બજેટ

સર્વસ્પર્શી અને સર્વસમાવેશી કેન્દ્રીય બજેટ 2026-27 દેશના દરેક વર્ગ અને દરેક ક્ષેત્રના સમગ્ર વિકાસ પર કેન્દ્રિત છે. નિરંતરતા સાથે આગળ વધતું આ બજેટ આત્મનિર્ભર અને વિકસિત ભારતના એ સંકલ્પને મજબૂતી આપે છે, જે માત્ર સૂત્ર નથી પણ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં નક્કર પ્રયાસ છે. આ બજેટમાં માત્ર દરેક ક્ષેત્ર, દરેક વર્ગ અને દરેક નાગરિકને સશક્ત બનાવવાની સ્પષ્ટ બ્લૂપ્રિન્ટ જ નથી પરંતુ તેને પ્રોત્સાહન આપવાનું એક પાયાનું વિઝન પણ છે, જે તેને પ્રત્યેક ડગલે મદદ કરશે. વિકસિત ભારતના સંકલ્પનું આ કેન્દ્રીય બજેટ એક એવા ભારતના નિર્માણનું વિઝન છે, જે વિશ્વમાં દરેક ક્ષેત્રમાં અગ્રણી હોય. ઉત્પાદન ક્ષેત્રથી લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી, સ્વાસ્થ્યથી લઈને પર્યટન સુધી, ગ્રામીણ ક્ષેત્રથી લઈને એઆઈ સુધી, રમતગમતથી લઈને તીર્થોના વિકાસ સુધી, દરેક ગામ, દરેક જિલ્લા અને દરેક શહેરના યુવાનો, મહિલાઓ અને ખેડૂતોના સપનાઓને શક્તિ આપીને સમર્પિત ભાવથી તેમને પૂર્ણ કરનારું બજેટ છે.

આ કેન્દ્રીય બજેટ ભારતને એક નવી ઓળખ આપનારા દેશ તરીકે રજૂ કરે છે, જે પોતાની તાકાત પર અડગ વિશ્વાસ રાખે છે. ભારત એક મજબૂત આર્થિક શક્તિ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. કોવિડ બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી આર્થિક નીતિઓએ ભારતીય અર્થતંત્રને નવો વેગ આપ્યો છે. આ બજેટ તે વેગને વધારનારું છે. તે ભારતને વૈશ્વિક મંચ પર સૌથી આકર્ષક રોકાણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે, પછી તે પરંપરાગત ક્ષેત્ર હોય કે નવા યુગના ઉદ્યોગો. આ બજેટમાં પશુધન દ્વારા ખેડૂતોની આવક વધારવાનો એક દૂરંદેશી નિર્ણય લેવામાં આવ્યો છે. પશુચિકિત્સકોની સંખ્યા વધારવા, વેટરનરી સેન્ટર અને ટ્રેનિંગ સેન્ટરના વિસ્તરણથી પશુધન આધારિત અર્થવ્યવસ્થાને મજબૂતી મળશે. ડેરી અને પોલ્ટ્રી ક્ષેત્ર માટે ક્રેડિટ લિંક્ડ સબસિડી આપવા, 500 સરોવરોના વિકાસથી મત્સ્ય પાલનને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક બજાર ઉપલબ્ધ કરાવવા જેવા નિર્ણયો ખેડૂતોની આવક વધારવાના સંકલ્પની દિશામાં સિમાચિન્હ સાબિત થશે. મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં 'મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજના' શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે અને વણકરો, ખેડૂતો તથા હાથશાળ ઉદ્યોગને નવું બળ પ્રાપ્ત થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં કોકોનટ (નાળિયેર) પ્રમોશન સ્કીમથી ત્રણ કરોડ ખેડૂતોને લાભ, કાજુ અને કોકોના ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન તથા ચંદન સંરક્ષણનો નિર્ણય દર્શાવે છે કે નવું ભારત ખેડૂતોની સમૃદ્ધિ અને કૃષિને નફાકારક વ્યવસાય બનાવવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. બજેટ ભારતમાં કનેક્ટિવિટીને નવી ઊંચાઈ આપશે. કેન્દ્રીય બજેટમાં સાત હાઈ-સ્પિડ રેલ કોરિડોરની જાહેરાત કરવામાં આવી છે, જે મુખ્ય આર્થિક અને વસ્તી કેન્દ્રો વચ્ચે મુસાફરીનો સમય ઘટાડીને શહેરોને ઝડપથી જોડશે.


## ભવિષ્યના ભારતનું દર્શન

બજેટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની નીતિગત પ્રામાણિકતાનો પણ પર્યાય છે કારણ કે સામાન્ય રીતે ચૂંટણી પહેલા રજૂ કરવામાં આવતા બજેટમાં લોકોને લલચાવનારી જાહેરાતો એક પરંપરા જેવી બની ગઈ હતી. પરંતુ આ બજેટમાં આવી કોઈ જાહેરાત કરવાને બદલે દીર્ઘકાલીન દ્રષ્ટિકોણ સાથે 'રાષ્ટ્ર પ્રથમ'ના વિચારને સર્વોપરી રાખવામાં

આવ્યો છે. નવા ભારતની નવી રીત-નીતિનું જ પરિણામ છે કે કેન્દ્ર સરકારે છેલ્લા 11 વર્ષોમાં લગભગ 25 કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર કાઢ્યા છે તો બીજી તરફ અર્થતંત્ર ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. એવામાં આ બજેટ પણ કેન્દ્ર સરકારની વિકાસ અને પ્રગતિને નાણાકીય શિસ્તની સાથે આગળ વધારવાની પ્રતિબદ્ધતાને મજબૂતીથી દર્શાવે છે. બજેટે રાજકોષીય ખાધને 4.5% થી નીચે રાખવાનું લક્ષ્ય પૂર્ણ કર્યું છે. બજેટમાં રાષ્ટ્ર પ્રથમનો વિચાર અને "ફ્યુચર રેડી ભારત" નું વિઝન છે, જ્યાં વિકાસ માત્ર મોટા શહેરો સુધી સીમિત નહીં રહે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 12.2 લાખ કરોડ રૂપિયા મૂડી ખર્ચ તરીકે ફાળવવામાં આવ્યા છે. નવા રેલ કોરિડોર, રાષ્ટ્રીય જળમાર્ગો અને શ્રેષ્ઠ કનેક્ટિવિટીના માધ્યમથી ટિયર-2 અને ટિયર-3 શહેરો સુધી પહોંચ બનવાથી રોજગારને પ્રોત્સાહન આપશે અને ભારતની મહત્વકાંક્ષાઓને નવી ઊંચાઈ સુધી લઈ જશે. આ બજેટ પીએમ મોદીના એ વિઝનને સાકાર કરે છે, જેમાં એમએસએમઈને ભારતના વિકાસની ગાથાનો મુખ્ય સ્તંભ એટલે કે કરોડરજ્જુ બનાવવામાં આવ્યા છે. એમએસએમઈ સેક્ટરને વૈશ્વિક બનાવવા માટે સરકારે જે નિર્ણયો લીધા છે, તે આત્મનિર્ભર ભારતના લક્ષ્યને સાકાર કરવામાં સહાયક પુરવાર થશે. બજેટમાં પર્યટન પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. બજેટ ખેડૂત, મધ્યમ વર્ગ, મહિલાથી લઈને તમામ વર્ગોને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જશે. એમએસએમઈ માટે 10,000 કરોડ રૂપિયાનું ગ્રોથ (વિકાસ) ફંડ રાખવામાં આવ્યું છે. આ ફંડ ટિયર-2 અને ટિયર-3 શહેરોના એમએસએમઈને મજબૂતી આપતા લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે. કેન્દ્રીય બજેટ 2026-27, શિક્ષણથી સ્વરોજગાર સુધી પ્રધાનમંત્રી મોદીના વિઝનનું સશક્ત પ્રતિબિંબ છે. મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ કોરિડોરની આસપાસ પાંચ યુનિવર્સિટી ટાઉનશિપના વિકાસથી શિક્ષણ-ઉદ્યોગના સમન્વયને પ્રોત્સાહન મળશે. સાથે જ, ચાર ટેલિસ્કોપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના નિર્માણ અને અપગ્રેડેશનથી સંશોધનને નવી ગતિ મળશે. નેશનલ ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ, 15,000 સેકન્ડરી શાળાઓ અને 500 કોલેજોમાં એવીજીસી લેબની સ્થાપના તથા 'એજ્યુકેશન ટુ એમ્પ્લોયમેન્ટ એન્ડ એન્ટરપ્રાઈઝ' ઉચ્ચ શક્તિશાળી સમિતિની રચના નવી પેઢીને કૌશલ્ય-સંપન્ન બનાવીને દરેક ક્ષેત્રમાં અગ્રણી ભારતના નિર્માણના સંકલ્પને દર્શાવે છે.

### વિકાસની સાથે સાથે વારસો પણ

વિકાસ અને વારસો, વર્તમાન કેન્દ્ર સરકારની વિચારધારાનું મહત્વનું પાસું છે. આ બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા ધોળાવીરા સહિત 15 પુરાતત્વીય સ્થળોને સાંસ્કૃતિક સ્થળો તરીકે વિકસાવવાનો નિર્ણય ભારતની પ્રાચીન સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર સ્થાપિત કરશે. પૂર્વોત્તરના પાંચ રાજ્યમાં બૌદ્ધ સર્કિટના




***બજેટ ઐતિહાસિક છે, તેમાં દેશની નારીશક્તિનું સશક્ત પ્રતિબિંબ દેખાય છે. મહિલા નાણામંત્રીના રૂપમાં નિર્મલા સીતારમણે સતત નવમી વખત દેશનું બજેટ રજૂ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. આ બજેટ અપાર અવસરોનો રાજમાર્ગ છે. આ બજેટ 2047ના વિકસિત ભારતની આપણી ઊંચી ઉડાનનો મજબૂત આધાર છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

નિર્માણ, હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને અરાકુ ઘાટીમાં માઉન્ટેન ટ્રેલ્સ તથા ઓડિશા, કર્ણાટક અને કેરળમાં ટર્ટલ ટ્રેલ્સ વિકસાવવાથી આ ક્ષેત્રોમાં વિકાસને નવી ગતિ મળશે. ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન મળશે. સાથે જ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટીની સ્થાપનાથી યુવાનોને કૌશલ્ય અને રોજગારની તકો મળશે તથા પર્યટન ક્ષેત્રને પણ નવી મજબૂતી મળશે.


નિશ્ચિત રૂપે રિફોર્મ એક્સપ્રેસ પર સવાર નવા ભારતના સંકલ્પને આ કેન્દ્રીય બજેટથી નવી ઊર્જા, નવી ગતિ મળવાની છે જે 2047 સુધી રાષ્ટ્રને વિકસિત બનાવવાના આધાર સમાન છે.

ચાલો 11 ક્ષેત્રના માધ્યમથી સમજીએ કે પોતાના કાર્યકાળના 12મા વર્ષમાં આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે કેન્દ્રીય બજેટ દ્વારા કઈ રીતે નવા ભારતની દિશા નિર્ધારિત કરી છે...


કવર સ્ટોરી

# સામાન્ય બજેટ 2026-2027

## પૈસો ક્યાંથી આવે છે




## ખર્ચ ક્યાં થાય છે




## બજેટ અનુમાન 2026-2027

- **53.5** લાખ કરોડ રૂપિયાનું બજેટ અનુમાન
- ₹36.5 લાખ કરોડ નોન-ડેટ રિસિટ
- ₹28.7 લાખ કરોડ કેન્દ્રની નેટ ટેક્સ રિસિટનું અનુમાન
- ₹17.2 કરોડ સકલ બજાર ઉધારીનું અનુમાન
- 4.3% જીડીપીની રાજકોષીય નુકસાન થવાનું અનુમાન

## મુખ્ય મંત્રાલયોનું બજેટ

- 1,06,530.42 સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ
- 1,39,289.48 શિક્ષણ
- 8,84,678.28 સંરક્ષણ
- 1,40,528.78 કૃષિ અને ખેડૂત કલ્યાણ
- 2,81,377.32 રેલવે મંત્રાલય
- 85,522.39 શહેરી વિકાસ
- 3,09,875.30 માર્ગ પરિવહન રાજમાર્ગ મંત્રાલય
- 1,97,023.14 ગ્રામીણ વિકાસ
- 94,807.84 જળશક્તિ
- 2,55,233.53 ગૃહ મંત્રાલય



*આંકડા કરોડ રૂપિયામાં



## એમએસએમઈ

# ઉદ્યમથી રોજગાર સુધી

**દેશના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઈ) ક્ષેત્રને આ વર્ષના બજેટમાં નવી ઊર્જા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રોજગાર સર્જન, ઈનોવેશન અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યને મજબૂતી આપનારા આ ક્ષેત્રને સરકારી સમર્થન મળવાથી લોકલથી ગ્લોબલ બનવાની નવી તાકાત મળશે...**

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઈ)નું નાણાકીય વર્ષ 2026-27નું બજેટ

**24,566.27** કરોડ રૂપિયા

### એમએસએમઈનો વ્યાપ વધશે

- ઉદ્યોગોના વિકાસ માટે 10,000 કરોડ રૂપિયાનું સમર્પિત એમએસએમઈ ફંડ બનાવવાની જાહેરાત નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં કરી છે.
- મેન્યુફેક્ચરિંગમાં MSMEs ની ભાગીદારી 35.4 ટકા, નિકાસમાં 48.58 ટકા અને GDPમાં 31.1 ટકા છે.
- ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં 'કોર્પોરેટ મિત્ર કેડર' વિકસાવવા માટે આઈ.સી.એ.આઈ., આઈ.સી.એસ.આઈ., આઈ.સી.એમ.એ.આઈ. જેવી વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાઓને સુવિધા પૂરી પાડવામાં આવશે. આ પ્રમાણિત અર્ધ-વ્યાવસાયિકો એમએસએમઈને સસ્તા ખર્ચે કાયદાકીય પાલન સંબંધી જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરશે.

**રોકડ સહાયઃ ટ્રેડ્સ સાથે, એમએસએમઈને 7 લાખ કરોડ રૂપિયાથી વધુ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ક્ષમતાનો લાભ લેવા માટે ચાર પ્રસ્તાવ...**

- - કેન્દ્રીય જાહેર સાહસોએ એમએસએમઈ પાસેથી કરવામાં આવતી તમામ ખરીદી માટે ટ્રેડ્સને ફરજિયાત પેમેન્ટ પ્લેટફોર્મ બનાવવું જોઈએ.
- - ટ્રેડ્સ પ્લેટફોર્મ પર સીજીટીએમએસઈના માધ્યમથી લોન ગેરન્ટી સહાયતા તંત્ર.
- - એમએસએમઈ પાસેથી સરકારી ખરીદી પર ધિરાણકર્તાઓને માહિતી આપવા માટે જેમ (GeM) ને ટ્રેડ્સ સાથે જોડવું.
- - ટ્રેડ્સની આવકને એસેટ-બેક્ડ સિક્યોરિટીઝ તરીકે શરૂ કરવામાં આવશે, જેનાથી સેકન્ડરી માર્કેટ વધશે અને રોકડ તથા પેમેન્ટ સેટલમેન્ટ વધુ સારું થશે.

### આર્થિક વિકાસમાં તેજી માટે 6 પ્રસ્તાવ

**આર્થિક વિકાસમાં તેજી લાવવા અને તેને જાળવી રાખવા માટે છ ક્ષેત્રોમાં પહેલનો પ્રસ્તાવ...**

- 7 વ્યૂહાત્મક અને અગ્રણી ક્ષેત્રોમાં વિનિર્માણને વેગ આપવો.
- વારસા સમાન ઔદ્યોગિક ક્ષેત્રોનો કાયાકલ્પ કરવો.
- "ચેમ્પિયન એમએસએમઈ"નું નિર્માણ કરવું.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવું.
- લાંબા ગાળાની ઊર્જા સુરક્ષા અને સ્થિરતા સુનિશ્ચિત કરવી.
- શહેરી આર્થિક ક્ષેત્રો વિકસાવવા.

**એમએસએમઈને ચેમ્પિયન બનાવવા માટે ત્રણ સ્તરીય રણનીતિ ઈક્વિટી સપોર્ટ**

- 10 હજાર કરોડ રૂપિયાના એસએમઈ ગ્રોથ ફંડ, આત્મનિર્ભર ભારત કોષને ટોપ-અપ.
- લિક્વિડિટી સપોર્ટ : TReDSથી 7 લાખ કરોડ રૂપિયા + લિક્વિડિટી
- પ્રોફેશનલ સપોર્ટ : 'કોર્પોરેટ મિત્ર' તથા સરળ અનુપાલન.

કવર સ્ટોરી

સામાન્ય
# બજેટ
2026 - 2027



આર્થિક સુધારા

# 'સુધારા એક્સપ્રેસ'થી ભારત બનશે સૌથી મોટી અર્થવ્યવસ્થા

**ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં આર્થિક, વ્યાપારિક અને જીવન જીવવાની સુગમતા સાથે સુધારા એક્સપ્રેસ પર ઝડપથી દોડી રહ્યું છે. છેલ્લા 11 વર્ષમાં સરકારે કાર્યવાહી, સુધારા અને જનહિતને પ્રાથમિકતા આપી છે. હવે નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં તેને વધારે ગતિ આપવામાં આવી છે...**

**સરકારનો 'સંકલ્પ' ગરીબ, શોષિત અને વંચિતો પર ધ્યાન આપવા માટે ત્રિ-કોણીય દ્રષ્ટિકોણ...**

1. માળખાગત સુધારાની ગતિને નિરંતર, અનુકૂળ અને પ્રગતિશીલ બનાવી રાખવી પડશે.
2. એક મજબૂત અને લચીલુ નાણાકીય ક્ષેત્ર બચત એકત્રિત કરવી, ફંડનો યોગ્ય ઉપયોગ કરવા અને જોખમોના પ્રબંધનનો આધાર છે.
3. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશન સહિત અતિ ઉન્નત ટેક્નોલોજી સુશાસનમાં સહાયક બની શકે છે.

**કેન્દ્ર સરકારે રોજગારના સર્જન, ઉત્પાદકતાને વધારવા તથા વિકાસમાં ઝડપ લાવવાની દિશામાં ખૂબ આર્થિક સુધારા કર્યા છે. વર્ષ 2025માં સ્વતંત્રતા દિવસ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સુધારાની જાહેરાત કરી, ત્યારબાદ 350થી વધારે સુધારા શરૂ કરવામાં આવ્યા છે.**

## વિકસિત ભારત માટે તૈયાર હશે બેંકિંગ

આજે ભારતનું બેંકિંગ ક્ષેત્ર અગાઉ કરતાં ઘણું વધારે મજબૂત છે. સારી નાણાકીય સ્થિતિ, ઐતિહાસિક નફો, દેવાની ગુણવત્તામાં સુધારા અને 98%થી વધારે ગામ સુધી સેવાઓની પહોંચ છે. આ ક્ષેત્રની પ્રગતિને વધારે આગળ વધવાની અને ભારતની આગામી વિકાસ જરૂરિયાતોને અનુરૂપ આ ક્ષેત્રની સમગ્ર સમીક્ષા માટે 'વિકસિત ભારત માટે બેંકિંગ પર ઉચ્ચ સ્તરીય સમિતિ' બનાવવામાં આવશે.



## શેરના બાયબેકને કેપિટલ ગેઈન ગણવામાં આવશે

શેર બાયબેકથી મળતી રકમને હવે ડિવિડન્ડ નહીં, પરંતુ કેપિટલ ગેઈન ગણવામાં આવશે. સાથે જ બાયબેક પર પ્રમોટરો માટે ટેક્સના દરો અલગ-અલગ હશે. જેમાં ઘરેલું કંપનીઓના પ્રમોટરો પર 22% અને અન્ય કંપનીઓ પર 30% ટેક્સ લાગશે. શેરબજારમાં ફ્યુચર અને ઓપ્શન ટ્રેડિંગને સટ્ટા બજારની જેમ ફટાફટ પૈસા કમાવવા માટે ઉપયોગ કરનારાઓને થોડા નિરુત્સાહ કરવા માટે સરકારે ફ્યુચર ટ્રેડિંગ પર હાલના સિક્યુરિટી ટ્રાન્સફર ડ્યુટી (STT) ને 0.02% થી વધારીને 0.05% કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તે જ રીતે ઓપ્શન પ્રીમિયમ અને ઓપ્શન ટ્રેડિંગ પર લાગતા 0.1% અને 0.125% STT ને વધારીને 0.15% કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

## ઈઝ ઓફ લિવિંગ

### કાયદાકીય ગૂંચવણો ઘટાડવામાં આવી... 1 એપ્રિલથી નવો આવકવેરો કાયદો લાગુ થશે

આવકવેરાના સ્લેબ અથવા છૂટમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં નથી આવ્યો. 1 એપ્રિલ, 2026 થી આવકવેરા અધિનિયમ, 2025 લાગુ થશે.

સરળ આવકવેરા નિયમાવલી અને ફોર્મ ટૂંક સમયમાં જ સૂચિત કરવામાં આવશે. નવા ફોર્મ સામાન્ય નાગરિકોના સરળ અનુપાલન મુજબ ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યા છે.

મોટર અકસ્માત ક્લેમ ટ્રિબ્યુનલે જે વ્યાજ નક્કી કર્યું છે તેના પર સામાન્ય વ્યક્તિએ આવકવેરો ચૂકવવો પડશે નહીં. આના પર કોઈ ટીડીએસ પણ કાપવામાં નહીં આવે.

વિદેશ પ્રવાસના પેકેજના વેચાણ પર વસૂલવામાં આવતા ટીસીએસના દરને કોઈપણ રકમની મર્યાદા વિના, હાલના 5% અને 20% થી ઘટાડીને 2% કરવાનો પ્રસ્તાવ છે.

શિક્ષણ અને તબીબી સારવાર માટે ઉદારીકૃત રેમિટન્સ યોજના (એલઆરએસ) હેઠળ ટીસીએસના દરને 5% થી ઘટાડીને 2% કરવાનો પ્રસ્તાવ છે.

ટીડીએસને લઈને મુંઝવણ દૂર કરવા માટે વર્કફોર્સ સેવાઓના સપ્લાયને ખાસ કરીને કોન્ટ્રાક્ટરોના પેમેન્ટની શ્રેણીમાં લાવવાનો પ્રસ્તાવ છે. આ સેવાઓ પર ટીડીએસનો દર માત્ર 1% અથવા 2% રહેશે.

નાના કરદાતાઓ માટે એક નવી યોજના, જેમાં નિયમો પર આધારિત સ્વચલિત પ્રક્રિયા દ્વારા, ટેક્સ એસેસમેન્ટ ઓફિસર પાસે અરજી કર્યા વિના ઓછી અથવા શૂન્ય કપાતનું પ્રમાણપત્ર મળી શકશે.

એક સાધારણ ફી ભરીને રિટર્નમાં સુધારો કરવાની સમયમર્યાદા 31 ડિસેમ્બરથી વધારીને 31 માર્ચ કરવાનો પ્રસ્તાવ છે.

ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અલગ-અલગ સમયમર્યાદા રહેશે. આઈટીઆર-1 અને આઈટીઆર-2 ભરનારાઓ માટે અગાઉની માફક જ 31 જુલાઈ સુધી રિટર્ન ફાઈલ કરવાનું રહેશે. જ્યારે બિન-ઓડિટ વ્યાપારી કેસો અને ટ્રસ્ટોને 31 ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવશે.

કોઈ બિન-નિવાસી દ્વારા સ્થાવર મિલકત વેચવા પર ટીડીએસ કાપવા માટે ટેન (TAN) લેવાની જરૂર રહેશે નહીં. નિવાસી ખરીદનાર પોતાના પાનકાર્ડના આધારે ચલણ દ્વારા ટીડીએસ જમા કરાવી શકશે.

વિદ્યાર્થીઓ, યુવાન પ્રોફેશનલ્સ, ટેકનિકલ કર્મચારીઓ, વિદેશમાં રહેતા બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) અને અન્ય નાના કરદાતાઓ માટે એક નવી યોજનાનો પ્રસ્તાવ છે. વિદેશી સંપત્તિની વિગતો જાહેર કરવા માટે 6 મહિનાનો સમય આપવામાં આવશે.

## દંડ અને કાર્યવાહીને સરળ બનાવવી

- કર નિર્ધારણ અને દંડની કાર્યવાહીને એક જ સામાન્ય આદેશથી જોડવાનો પ્રસ્તાવ છે. પ્રથમ અપીલના સમયગાળા દરમિયાન દંડની રકમ પર કરદાતા પાસેથી કોઈ વ્યાજ લેવામાં આવશે નહીં. અગાઉ જમા કરવામાં આવતી રકમને 20% થી ઘટાડીને 10% કરવામાં આવી રહી છે.




- કરદાતા, પુનઃનિર્ધારણની કાર્યવાહી પછી પણ, સંબંધિત વર્ષના દર ઉપરાંત 10% વધારાનો ટેક્સ ભરીને પોતાનું રિટર્ન અપડેટ કરી શકશે.
- ઓછી આવક દર્શાવવાના કિસ્સાઓમાં દંડ અને કાયદાકીય કાર્યવાહીમાંથી મળતી રાહતને હવે ખોટી માહિતી આપવાના કિસ્સાઓમાં પણ લાગુ કરવામાં આવશે. જોકે, આવા કિસ્સાઓમાં કરદાતાએ વધારાના આવકવેરા તરીકે ટેક્સની 100% રકમ પણ ચૂકવવી પડશે.
- હિસાબ-કિતાબ કે દસ્તાવેજો રજૂ ન કરવા અને વસ્તુના સ્વરૂપમાં કરેલા પેમેન્ટ પર ટીડીએસ ન ચૂકવવાને હવે ગુનો ગણવામાં નહીં આવે. નાના કેસોમાં માત્ર દંડ લાગશે.

## આરોગ્ય

# સામાજિક સુરક્ષાની કરોડરજ્જુ બનતું સ્વાસ્થ્ય બજેટ



**સ્વાસ્થ્ય બજેટ માત્ર પાયાની સુવિધાઓને મજબૂત કરવા પર જ કેન્દ્રિત નથી, પરંતુ સુલભ, સસ્તી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાનો પણ સંકલ્પ છે...**

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનું બજેટ: **1,06,530.42** કરોડ રૂપિયા

**194%** થી વધુનો કુલ વધારો નોંધાયો છે છેલ્લા 12 વર્ષમાં સ્વાસ્થ્ય બજેટમાં.

### કેન્સરની દવાઓ સસ્તી

કેન્સરના દર્દીઓ માટેની 17 જીવન રક્ષક દવાઓ પર બેઝિક કસ્ટમ્સ ડ્યુટીમાંથી સંપૂર્ણ છૂટનો પ્રસ્તાવ છે. આ ઉપરાંત, વિશેષ તબીબી હેતુઓ માટે દવાઓ, ઔષધો અને ખાદ્ય પદાર્થો ખાનગી ધોરણે મંગાવવા પર ઈમ્પોર્ટ ડ્યુટીમાંથી છૂટની સાથે-સાથે તેમાં સાત વધારાની દુર્લભ બીમારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### માનસિક સ્વાસ્થ્ય અને ટ્રોમા કેર

માનસિક સ્વાસ્થ્ય માટે નિમહંસ-2ની સ્થાપના કરવામાં આવશે. સાથે જ રાંચી અને તેજપુર સ્થિત રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય સંસ્થાઓને પ્રાદેશિક સર્વોચ્ચ સંસ્થાઓ તરીકે અપગ્રેડ કરવામાં આવશે.



### સંશોધન

બજેટ 2026-27 માં તબીબી સંશોધનને પ્રોત્સાહન આપવા માટે 24% નો વધારો કરીને 4,821 કરોડ રૂપિયાથી વધુની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

### વૃદ્ધોની સારવાર

વૃદ્ધોની સારવાર અને તેને સંલગ્ન સેવાઓ માટે આગામી પાંચ વર્ષમાં 1.5 લાખ કેર સર્વિસ પ્રોવાઈડર્સને તાલીમ આપવામાં આવશે.

### મેડિકલ ટુરિઝમ સર્વિસ સેન્ટર

ભારતને મેડિકલ ટુરિઝમ સર્વિસ સેન્ટર તરીકે વિકસાવવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં પાંચ પ્રાદેશિક તબીબી કેન્દ્રોની સ્થાપનામાં રાજ્યોને સહાય આપવામાં આવશે. આ કેન્દ્રોમાં તબીબી, શૈક્ષણિક અને સંશોધન સુવિધાઓ હશે.

### જિલ્લા હોસ્પિટલ

50% જિલ્લા હોસ્પિટલોમાં ઈમરજન્સી અને ટ્રોમા કેર સેન્ટરની સ્થાપના કરીને તેમની ક્ષમતાઓને વધુ સુદ્રઢ કરવામાં આવશે.




## એએચપી સંસ્થાની સ્થાપના

સ્વાસ્થ્ય સેવા પ્રોફેશનલ્સ (એએચપી) માટેની વર્તમાન સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે. આ સાથે જ, ખાનગી અને સરકારી ક્ષેત્રોમાં નવી એએચપી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે. તેમાં ઓપ્ટોમેટ્રી, રેડિયોલોજી, એનેસ્થેસિયા, ઓટી ટેકનોલોજી, એપ્લાઇડ સાયકોલોજી અને વર્તણૂક સંબંધિત સ્વાસ્થ્ય સહિત 10 પસંદગીના વિષય ક્ષેત્રોને આવરી લેવામાં આવશે. આગામી 5 વર્ષમાં એક લાખ એએચપી ઉમેરવામાં આવશે.



## પશુ ચિકિત્સક

પશુ ચિકિત્સા પ્રોફેશનલ્સની સંખ્યા 20,000 થી વધુ કરવા માટે લોન સાથે જોડાયેલી મૂડી સબસિડીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આનો ઉદ્દેશ્ય ખાનગી ક્ષેત્રમાં પશુ ચિકિત્સા અને પ્રાઈવેટ કોલેજ, પશુ ચિકિત્સાલય, ડાયગ્નોસ્ટિક લેબ તથા સંવર્ધન સુવિધાની સ્થાપનામાં સહયોગ આપવાનો છે.



## બાયોફાર્મા શક્તિ (જ્ઞાન, ટેકનોલોજી અને નવસર્જન દ્વારા સ્વાસ્થ્ય સેવા માટેની વ્યૂહરચના)

ડાયાબિટીસ, કેન્સર અને ઓટોઈમ્યુન ડિસઓર્ડર જેવી બિન-ચેપી બીમારીઓ દેશમાં ઝડપથી વધી રહી છે. આથી ભારતને વૈશ્વિક બાયોફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવા માટે આગામી 5 વર્ષમાં 10,000 કરોડ રૂપિયાના ખર્ચ સાથે બાયોફાર્મા શક્તિનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આમાં 3 નવી રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓ અને 7 હયાત સંસ્થાઓના અપગ્રેડેશન સાથે બાયોફાર્મા કેન્દ્રિત નેટવર્ક સામેલ થશે. આનાથી 1,000 થી વધુ માન્યતા પ્રાપ્ત ઈન્ડિયા ક્લિનિકલ ટ્રાયલ સાઈટ્સનું એક નેટવર્ક પણ તૈયાર થશે.

## આયુષ
## ત્રણ નવી એઈમ્સ બનશે

- પરંપરાગત ચિકિત્સા પદ્ધતિથી દર્દીઓ માટે ત્રણ નવી અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.
- આયુષ ફાર્મસી, ઔષધિ પરીક્ષણ પ્રયોગશાળા, પુરાવા આધારિત સંશોધનની સાથે સાથે જામનગરમાં ડબ્લ્યુએચઓ વૈશ્વિક પરંપરાગત ચિકિત્સા કેન્દ્રનું અપગ્રેડેશન પણ કરવામાં આવશે.

**આયુષ મંત્રાલયનું બજેટ**

**4,408.93** કરોડ રૂપિયા



*મેડિકલ હબના નિર્માણથી, એલાઈડ હેલ્થ પ્રોફેશનલ્સના માધ્યમથી, ઓરેન્જ ઈકોનોમી એટલે કે ઓડિયો વિઝ્યુઅલ્સ, ગેમિંગને પ્રોત્સાહન આપીને, પ્રવાસનને વેગ આપીને અને ખેલો ઈન્ડિયા મિશન દ્વારા, યુવાનો માટે નવી તકોના દ્વાર ખુલશે.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સામાન્ય
# બજેટ
2026 - 2027

## આત્મનિર્ભર ભારત

# ટેક્સટાઈલ ઉદ્યોગોનું મજબૂતીકરણ



***કેન્દ્રીય બજેટમાં ટેક્સટાઈલ ક્ષેત્રને રોજગાર સર્જન, નિકાસમાં વૃદ્ધિ અને આત્મનિર્ભર ભારતના લક્ષ્ય સાથે જોડીને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પરંપરાગત હેન્ડલૂમથી લઈને આધુનિક મેન-મેડ ફાઈબર અને ટેકનોલોજી-આધારિત વસ્ત્ર નિર્માણ સુધી, સમગ્ર વેલ્યુ ચેઈનને સશક્ત બનાવવા પર સરકારનું ધ્યાન સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે...***

**ટેક્સટાઈલ મંત્રાલયનું નાણાકીય વર્ષ 2026-27નું બજેટ:** **5729.01** કરોડ રૂપિયા

સરકારે સ્પર્ધાત્મકતા, આત્મનિર્ભરતા અને રોજગારને પ્રોત્સાહન આપવા માટે ટેક્સટાઈલ સેક્ટર માટે એક સંકલિત કાર્યક્રમનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં પાંચ પેટા-ઘટકો સામેલ છે:

- રાષ્ટ્રીય રેસા યોજનાઃ રેસા (ફાઈબર) ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવેલી આ યોજના રેશમ, ઉન અને જ્યુટ જેવા કુદરતી રેસાઓ, માનવ નિર્મિત રેસાઓ અને આધુનિક યુગના રેસાઓને સહાય પૂરી પાડશે.
- વસ્ત્ર વિસ્તરણ અને રોજગાર યોજનાઃ આ ઘટકનો ઉદ્દેશ્ય મશીનરી, ટેકનોલોજી અપગ્રેડેશન અને કોમન ટેસ્ટિંગ તથા સર્ટિફિકેશન સેન્ટરોની સ્થાપના માટે મૂડી સહાય દ્વારા પરંપરાગત વસ્ત્ર સમૂહોનું આધુનિકીકરણ કરવાનો છે.
- રાષ્ટ્રીય હાથવણાટ અને હસ્ત શિલ્પ કાર્યક્રમઃ હાથવણાટ અને હસ્ત શિલ્પ માટેની હાલની યોજનાઓને એક કરવામાં આવશે અને એક સંકલિત રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ મજબૂત બનાવવામાં આવશે. આનાથી વણકરો અને કારીગરોને લક્ષિત અને અસરકારક સહાય સુનિશ્ચિત કરી શકાશે.
- ટેક્સ-ઈકો પહેલઃ આ પહેલનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ વસ્ત્ર અને તૈયાર કપડાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.

> ***આ બજેટમાં મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને નવી ગતિ માટે મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ બજેટમાં નવા ઉભરતા ઉદ્યોગ એટલે કે સનરાઈઝ ક્ષેત્રને જે મજબૂતી સાથે સમર્થન આપવામાં આવ્યું છે તે અભૂતપૂર્વ છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

### વેપાર કરવાની સવલત

ભારતની બહાર રહેતા વ્યક્તિગત રોકાણકારો (PROI) ને લિસ્ટેડ ભારતીય કંપનીઓના શેરમાં રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવશે. કુલ રોકાણની મર્યાદા 10% થી વધારીને 24% અને કોઈ પણ એક રોકાણકાર માટેની મર્યાદા 5% થી વધારીને 10% કરવામાં આવશે.






**સમર્થ 2.0**

ઉન્નત કૌશલ્ય કાર્યક્રમ ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથેના ગહન સહયોગ દ્વારા ટેક્સટાઈલ કૌશલ્ય પ્રણાલીનું આધુનિકીકરણ કરશે.

**મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજના**

ખાદી, હાથવણાટ અને હસ્ત શિલ્પને સુદ્રઢ બનાવવા માટે મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજનાનો પ્રારંભ કરવામાં આવશે. આનાથી વૈશ્વિક બજાર જોડાણ અને બ્રાન્ડિંગમાં સહાય મળશે. તે તાલીમ, કૌશલ્ય, પ્રક્રિયા અને ઉત્પાદન ગુણવત્તાને સુસંગત બનાવશે અને સહાય પૂરી પાડશે.

**રેર અર્થ**

નવેમ્બર, 2025માં 'રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ સ્કીમ' શરૂ કરવામાં આવી હતી. હવે બજેટમાં ખાણકામ, પ્રોસેસિંગ, સંશોધન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 'રેર અર્થ કોરિડોર' સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આ કોરિડોર ખનિજ સમૃદ્ધ રાજ્યો ઓડિશા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુને મદદરૂપ થશે.

**કન્ટેનર ઉત્પાદન**

10,000 કરોડ રૂપિયાના બજેટ ફાળવણી સાથે 5 વર્ષના સમયગાળા માટે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ સ્કીમ' શરૂ કરવામાં આવશે.

***અમે વિકાસની ગતિ જાળવી રાખવા માટે રસ્તો બનાવી રહ્યા છીએ. તે વિકાસની ગતિ અથવા સતત આર્થિક વિકાસને અમે સુનિશ્ચિત કરવા માંગીએ છીએ. મુખ્યત્વે, અમે માળખાકીય સુધારાઓ સાથે ઈકોસિસ્ટમ બનાવવા પર ધ્યાન આપી રહ્યા છીએ. સુધારાની પ્રવૃત્તિઓ એ લક્ષ્ય સાથે ચાલુ રહેશે કે અમે ઉત્પાદન ક્ષમતામાં સુધારો અને રોજગાર પેદા કરવા માટે પૂરતું વાતાવરણ બનાવીએ.***

***- નિર્મલા સીતારમણ, કેન્દ્રીય નાણા મંત્રી***

## વ્યાપક અને સંકલિત નીતિગત માળખાની જાહેરાત

બજેટ 2026-27માં શ્રમ પ્રધાન ટેક્સટાઈલ ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, કારણ કે રોજગાર સર્જન, નિકાસ, ગ્રામીણ આજીવિકા અને ટકાઉ ઉત્પાદનમાં તેની ભૂમિકા મહત્વપૂર્ણ છે. ફાઈબરથી લઈને ફેશન સુધી, ગ્રામીણ ઉદ્યોગોથી લઈને વૈશ્વિક બજારો સુધી, સમગ્ર ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનને મજબૂત કરવા માટે એક વ્યાપક અને સંકલિત નીતિગત માળખાની જાહેરાત કરવામાં આવી છે.

## મેગા ટેક્સટાઈલ પાર્ક

સરકારે મેગા ટેક્સટાઈલ પાર્ક સ્થાપવાની જાહેરાત કરી છે. આ પાર્ક ટેકનિકલ ટેક્સટાઈલ્સના વિકાસને પણ પ્રોત્સાહન આપશે.

## ટ્રેડ રિસીવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (TReDS)

ટેક્સટાઈલ ઉદ્યોગના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે રોકડની ઉપલબ્ધતા સરળ અને મજબૂત બનાવવા માટે, સરકારે ટ્રેડ રિસીવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમની અસરકારકતા વધારવા માટે મુખ્ય પગલાંની જાહેરાત કરી છે.

## કાપડ, ચામડા અને દરિયાઈ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ જાહેરાતો

- ડ્યુટી-ફ્રી આયાત કરેલા કાચા માલનો ઉપયોગ કરીને ઉત્પાદિત કાપડ, ચામડાના વસ્ત્રો, ચામડા અથવા સિન્થેટિક ફૂટવેર અને અન્ય ચામડાની ચીજવસ્તુઓના નિકાસકારો માટે નિકાસ જવાબદારીનો સમયગાળો વધારીને 12 મહિના કરવામાં આવ્યો છે.
- આ પગલાંથી નિકાસકારોની કામગીરીમાં વધુ લચીલાપણું, અનુપાલન કરવામાં સરળતા અને કાર્યકારી મૂડીના સંચાલનમાં સુધારો થશે.
- ટીઆરઈડીએસના માધ્યમથી કાપડ ઉદ્યોગના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે રોકડ સહાયની વ્યવસ્થા કરવામાં આવી છે.



## મહિલા

# સમૃદ્ધ બનાવવાની દિશામાં નિરંતર વધતા પગલાં

**કેન્દ્ર સરકાર મહિલાઓને શિક્ષિત અને સમૃદ્ધ બનાવીને સશક્ત કરવાની દિશામાં સતત કામ કરી રહી છે. આ જ શ્રેણીમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મહિલાઓ સાથે સંકળાયેલી અનેક જાહેરાતો કરી છે. જેનો સીધો ફાયદો દેશની અડધી વસ્તીને થશે. આ વર્ષનું બજેટ મહિલાઓ દ્વારા નિર્મિત અને સંચાલિત સ્વ-સહાય જૂથોના એક આધુનિક તંત્રને પ્રાથમિકતા આપે છે, જેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક ઘર સુધી સમૃદ્ધિ પહોંચે...**

### મહિલા છાત્રાલય


કેન્દ્ર સરકારે દેશના દરેક જિલ્લામાં મહિલા છાત્રાલયના નિર્માણનો નિર્ણય લીધો છે. આ પહેલ શિક્ષણના ક્ષેત્રમાં લિંગ સમાનતા, સુરક્ષા અને સશક્તિકરણને મજબૂત કરનારો એક સીમાચિહ્નરૂપ છે.

## સેલ્ફ હેલ્પ આંત્રપ્રિન્યોર

### 'SHE માર્ટ'ની વ્યવસ્થા

- લખપતિ દીદી યોજનાની સફળતાને આગળ વધારતા બજેટમાં સેલ્ફ હેલ્પ આંત્રપ્રિન્યોર 'SHE માર્ટ'ની વ્યવસ્થા કરવામાં આવી છે.
- પશુપાલન, કૃષિ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ અને અન્ય કાર્યોમાં લાગેલી બહેનો હવે માત્ર આજીવિકા સુધી સીમિત ન રહીને ઉદ્યોગસાહસિક તરીકે આગળ વધી શકશે, તે જ આ પહેલનો ઉદ્દેશ્ય છે.
- દરેક જિલ્લામાં મહિલાઓના ઉત્પાદનો વેચવા માટે એક પ્લેટફોર્મ તરીકે કમ્યુનિટી રિટેલ આઉટલેટ સ્થાપિત કરવામાં આવશે, જ્યાં સ્વ-સહાય જૂથો અને ગ્રામીણ બહેનો દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદનોને નવું બજાર મળશે.
- સાથે જ SHE-Mark બેજ લોન્ચ કરવાથી મહિલાઓને સરળ ફાયનાન્સિંગ સુવિધા સુનિશ્ચિત કરી શકાશે.

### લિંગ સમાનતા માટે બજેટ ફાળવણી




**2026-27ના જેન્ડર બજેટ અંદાજ (જીબીએસ) માં મહિલાઓ અને બાળકીઓના કલ્યાણ માટે પાંચ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જે 2025-26માં 4.49 લાખ કરોડ રૂપિયાની સરખામણીએ 11.36 ટકા વધુ છે.**



## યુવા

# ખુલશે તકોના નવા દ્વાર

***સંસદમાં બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું - આ યુવા શક્તિનું બજેટ છે. તેમાં યુવાનોની વિચારધારા પણ છે, યુવાનોના સપના પણ છે, યુવાનોના સંકલ્પ પણ છે અને સાથે સાથે યુવાનોની ગતિ પણ છે. બજેટમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે, તેનાથી અલગ-અલગ ક્ષેત્રોમાં લીડર્સ, ઈનોવેટર્સ અને ક્રિએટર્સ તૈયાર થશે. સાથે જ ખેલો ઈન્ડિયા મિશનના માધ્યમથી યુવાનો માટે તકોના નવા દ્વાર ખૂલશે...***

## શિક્ષણ

- સરકાર મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની આસપાસ પડકાર માર્ગ દ્વારા પાંચ યુનિવર્સિટી ટાઉનશિપના નિર્માણમાં રાજ્યોને સહાય કરશે.
- ભારતના પૂર્વીય ક્ષેત્રમાં એક નવી રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાની સ્થાપનાનો પ્રસ્તાવ.
- એસ્ટ્રો ફિઝિક્સ અને એસ્ટ્રોનોમીને પ્રોત્સાહન આપવા માટે 4 ટેલિસ્કોપ સુવિધાઓની સ્થાપના કરવામાં આવશે.

**બજેટ**

**શિક્ષણ મંત્રાલય માટે કુલ બજેટ ફાળવણી** **1,39,289.48** **કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે,**

**જે બજેટ અંદાજ 2025-26ની તુલનામાં 8.27% નો વધારો છે.**

## શિક્ષણથી રોજગાર અને ઉદ્યમ

વિકસિત ભારતના મુખ્ય સંચાલક તરીકે સેવા ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઉચ્ચ સત્તાધિકારી 'શિક્ષણથી રોજગાર અને ઉદ્યમ સ્થાયી સમિતિ'ની રચનાનો પ્રસ્તાવ. આ નિર્ણય ભારતને વર્ષ 2047 સુધીમાં 10 ટકાના વૈશ્વિક હિસ્સા સાથે અગ્રેસર બનાવશે.

## ઓરેન્જ ઈકોનોમી

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજી, મુંબઈને 15 હજાર માધ્યમિક શાળાઓ અને 500 મહાવિદ્યાલયોમાં એવીજીસી કન્ટેન્ટ ક્રિએટર લેબ સ્થાપિત કરવામાં સહાય પૂરી પાડવાનો પ્રસ્તાવ.

## રમતગમત

ખેલો ઈન્ડિયા કાર્યક્રમ દ્વારા ચાલી રહેલા રમતગમત સાથે જોડાયેલી પ્રતિભાઓના વિકાસના પ્રયાસોને આગળ વધારતા, આગામી દાયકામાં રમતગમતના ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટે 'ખેલો ઈન્ડિયા મિશન' શરૂ કરવાનો પ્રસ્તાવ છે.

### ખેલો ઈન્ડિયા મિશન અનેક સુવિધાઓ પૂરી પાડશે

- એક સંકલિત પ્રતિભા વિકાસ માર્ગ, જે પાયાના, ઈન્ટરમિડીયેટ અને એલિટ સ્તર પર તાલીમ કેન્દ્રો દ્વારા સમર્થિત હશે.
- પ્રશિક્ષકો અને સહાયક સ્ટાફનો વ્યવસ્થિત વિકાસ કરવામાં આવશે.
- સ્પોર્ટ્સ સાયન્સ અને ટેક્નોલોજીનું એકીકરણ.
- રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને તે માટે પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સ્પર્ધાઓ અને લીગનું આયોજન કરવું.
- તાલીમ અને સ્પર્ધાઓ માટે રમતગમતને લગતી પાયાની માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવો.



સામાન્ય
**બજેટ**
2026 - 2027

## કૃષિ ક્ષેત્ર

# ખેડૂતોનું સપનું થશે પૂર્ણ



**ભારતના કૃષિ, ડેરી સેક્ટર અને ફિશરીઝને કેન્દ્ર સરકારે હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ વર્ષના બજેટમાં પણ, નાળિયેર, કાજુ, કોકો અને ચંદનની પેદાશ સાથે જોડાયેલા ખેડૂતો માટે અનેક મહત્વના પગલાં લેવામાં આવ્યા છે. ફિશરીઝ અને પશુપાલનમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાથી ગામડાઓમાં જ રોજગાર અને સ્વ-રોજગારની વધુ તકો ઊભી થશે...**

**1,70,944**
કરોડ રૂપિયાની

સબસિડીની જોગવાઈ સસ્તું ખાતર અને ફર્ટિલાઈઝર ઉપલબ્ધ કરાવવા માટે છે, જેથી ઉત્પાદન ખર્ચ ઓછો થાય અને ખેડૂતને રાહત મળે.

## ઉચ્ચ મૂલ્યની કૃષિ

**સરકાર ઉચ્ચ મૂલ્ય ધરાવતા પાકોની ખેતીને આપશે સમર્થન...**

- દરિયાકાંઠાના વિસ્તારોમાં નાળિયેર, ચંદન, કોકો, કાજુ જેવા ઉચ્ચ મૂલ્ય ધરાવતા પાકોને સહાય પૂરી પાડવામાં આવશે.
- નાળિયેર સંવર્ધન યોજનાનો પ્રસ્તાવ.
- પૂર્વોત્તરમાં અગરના વૃક્ષો અને પર્વતીય વિસ્તારોમાં બદામ, અખરોટ અને જરદાળુ જેવા સૂકા મેવાને પ્રોત્સાહન આપવામાં આવશે.
- વર્ષ 2030 સુધીમાં ભારતીય કાજુ અને કોકોને પ્રીમિયમ વૈશ્વિક બ્રાન્ડ તરીકે બદલવા માટે સમર્પિત કાર્યક્રમનો પ્રસ્તાવ.

## ખેડૂતોની આવક વધારવી

- ખેડૂતોની આવક વધારવા માટે મત્સ્યપાલન, પાંચસો જળાશયો અને અમૃત સરોવરોના સંકલિત વિકાસ, પશુપાલન અને ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.



## ભારત-વિસ્તાર

- કેન્દ્રીય બજેટમાં 'ભારત-વિસ્તાર'નો પ્રસ્તાવ. આ એક બહુભાષી એઆઈ ટૂલ છે. તેને એઆઈ પ્રણાલી સહિત કૃષિ સંબંધિત પ્રણાલીઓ માટે આઈસીએઆર પેકેજની સાથે 'એગ્રી સ્ટેક પોર્ટલ' તરીકે સંકલિત કરવામાં આવ્યું છે.

## ગ્રામીણ વિકાસ વિભાગના બજેટમાં વધારો

- ગ્રામીણ વિકાસ વિભાગના બજેટમાં 21% નો વધારો. ગ્રામીણ વિકાસ અને કૃષિ વિભાગ મળીને ગ્રામીણ વિકાસ અને કૃષિ મંત્રાલયનું બજેટ હવે 4 લાખ 35 હજાર 779 કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે.
- કૃષિ વિભાગનું બજેટ વધારીને આ વર્ષે 1,32,561 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. કૃષિ શિક્ષણ અને સંશોધન માટે 9,967 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી સંશોધન અને ઈનોવેશનને વેગ મળશે.
- નેશનલ ફાઈબર સ્કીમ અંતર્ગત સિલ્ક, ઉન અને જ્યુટ જેવા ફાઈબર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેનાથી તેની સાથે જોડાયેલા ખેડૂતોને સીધો લાભ મળશે.

## સહકારિતા ક્ષેત્ર માટે અનેક પ્રોત્સાહનોનો પ્રસ્તાવ

- પ્રાથમિક સહકારી મંડળી દ્વારા ઉત્પાદિત પશુ આહાર અને કપાસના બિજની સપ્લાય માટે કપાતની મંજૂરી.
- નવી કર વ્યવસ્થા હેઠળ આંતર-સહકારી મંડળી ડિવિડન્ડ આવકને કપાત તરીકે મંજૂરી.



દિવ્યાંગજન

# ગરિમા, તક અને આત્મનિર્ભરતા

**દિવ્યાંગજન સશક્તિકરણને સામાજિક જવાબદારીથી આગળ વધારીને સર્વસમાવેશક વિકાસની મુખ્યધારા સાથે જોડવાની દિશામાં આ વર્ષનું બજેટ એક નક્કર રોડમેપ રજૂ કરે છે. શિક્ષણ, કૌશલ્ય વિકાસ, આરોગ્ય, સહાયક ઉપકરણોની ઉપલબ્ધતા અને રોજગારની તકોના વિસ્તરણ પર કેન્દ્રિત જોગવાઈઓ દ્વારા બજેટનો ઉદ્દેશ્ય દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાનો અને ગરિમાપૂર્ણ જીવનની સાથે સમાન તકો પ્રદાન કરવાનો છે...**

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગનું બજેટ નાણાકીય વર્ષ 2026-27 માં **1669.72** કરોડ રૂપિયા

## ઈઝ ઓફ લિવિંગ

### દિવ્યાંગજન કૌશલ્ય યોજના

દરેક દિવ્યાંગ સમૂહો માટે ઉદ્યોગ-સુસંગત અને અનુકૂળ વિશિષ્ટ તાલીમ દ્વારા સન્માનજનક આજીવિકાની તકો સુનિશ્ચિત કરવામાં આવશે. ઉદ્યોગોના માધ્યમથી સન્માનજનક આજીવિકાની તકો ઉપલબ્ધ કરાવવી અને દિવ્યાંગ મહિલાઓ માટે વિશેષ તાલીમ કાર્યક્રમો તૈયાર કરવામાં આવશે. આ યોજના હેઠળ આઈટી, એવીજીસી અને હોસ્પિટાલિટી ક્ષેત્રોમાં દિવ્યાંગજનોને અનુકૂળ તાલીમ આપવામાં આવશે.

### સશસ્ત્ર દળો માટે દિવ્યાંગતા પેન્શન

અર્ધલશ્કરી દળો સહિત સશસ્ત્ર દળોના કર્મચારીઓને આપવામાં આવતા દિવ્યાંગતા પેન્શનમાં સેવાની શરત અને દિવ્યાંગતાની શરતને સામેલ કરવામાં આવી છે. જ્યાં કર્મચારી સેના, નૌકાદળ અથવા વાયુસેનાની સેવા દરમિયાન અથવા સેવાને કારણે શારીરિક અક્ષમતાનો શિકાર બન્યા હોય અને સેવામાંથી બહાર થયા હોય, તેમના માટે વિશેષ છૂટછાટની વ્યવસ્થા કરવામાં આવી છે.

### વૃદ્ધોની ચિકિત્સા

ખાનગી ક્ષેત્રની ભાગીદારી સાથે વૃદ્ધો માટે હેલ્થકેર ઈકોસિસ્ટમ અને સંલગ્ન કેર સર્વિસ સેન્ટરોનું નિર્માણ કરવામાં આવશે. આગામી થોડા વર્ષોમાં દોઢ લાખ કેર સર્વિસ પ્રોવાઈડર્સને તાલીમ આપવામાં આવશે.

### દિવ્યાંગ સહારા યોજના

**તમામ પાત્ર દિવ્યાંગજનો સુધી ઉચ્ચ-ગુણવત્તાવાળા સહાયક ઉપકરણો સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવશે.**

- સંશોધન અને વિકાસ તથા એઆઈના એકીકરણમાં રોકાણ માટે 'ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ' (એએલઆઈએમસીઓ) ને સહાય પૂરી પાડવામાં આવશે.
- પીએમ દિવ્યાંશા કેન્દ્રોને મજબૂત કરવા અને આધુનિક રિટેલ-સ્ટાઈલ કેન્દ્રો તરીકે સહાયક ટેકનોલોજી માટેની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. અહીં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો સહાયક ઉત્પાદનોને જોઈ, તપાસી અને ખરીદી શકશે.
- દિવ્યાંગ સહારા યોજના હેઠળ સરકાર આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ALIMCO) ને સહાયક ઉપકરણોના ઉત્પાદનમાં વધારો કરવા, સંશોધન અને વિકાસમાં રોકાણ કરવા અને ઉત્પાદન ડિઝાઈનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતની અદ્યતન ટેકનોલોજીને જોડવા માટે સહાય પૂરી પાડશે.

## ભવિષ્યનું ભારત

# ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી દોડશે વિકાસની ગાડી



**કોઈ પણ દેશ કે રાજ્યના વિકાસનું સૌથી મોટું માપદંડ તેનું મૂડીગત બજેટ માનવામાં આવે છે. સરકારી કેપેક્સ જેટલું વધારે હશે, વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર એટલું જ વધુ કામ થશે. છેલ્લા 11 વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે માત્ર મૂડીગત ખર્ચ 2 લાખ કરોડ રૂપિયાથી વધારીને 12.2 લાખ કરોડ રૂપિયા જ નથી કરવામાં આવ્યો પરંતુ મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ પણ કરવામાં આવ્યો છે...**

**ઈન્ફ્રા બજેટ 6 ગણું થયું**

| વર્ષ | લાખ કરોડ રૂપિયા |
|---|---|
| 2026-27 | 12.2 |
| 2025-26 | 11.2 |
| 2014-15 | 2 |

## સાત હાઈ-સ્પીડ રેલ કોરિડોર વિકસાવવામાં આવશે, શહેરો વધુ નજીક આવશે

**કેન્દ્રીય બજેટ 2026-27 માં**

**ભારતીય રેલવે માટે અત્યાર સુધીની સૌથી વધુ 2,93,030 કરોડ રૂપિયાના રેકોર્ડ મૂડીગત ખર્ચ (કેપેક્સ) ની ફાળવણી કરવામાં આવી છે.**

- રેલવે પોતાનો ખર્ચ હાઈ-સ્પીડ કનેક્ટિવિટી, માલસામાનની હેરફેર અને સુરક્ષા પર કેન્દ્રિત કરી રહ્યું છે.
- ચેન્નાઈ, બેંગલુરુ, હૈદરાબાદ આ સાઉથ હાઈ-સ્પીડ ડાયમંડ બનશે. જે દક્ષિણ ભારતના 5 રાજ્યો - કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરળ અને પુડુચેરી માટે મોટું વરદાન સાબિત થશે.



- દક્ષિણ હાઈ-સ્પીડ કોરિડોરથી કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરળ અને પુડુચેરીને લાભ થશે.

**અંદાજે 4,000 કિલોમીટરમાં** ફેલાયેલા હાઈ-સ્પીડ રેલ કોરિડોરથી આશરે 16 લાખ કરોડ રૂપિયાના રોકાણની અપેક્ષા છે.

- પ્રસ્તાવિત કોરિડોરથી શહેરો વચ્ચે મુસાફરીના સમયમાં ઘટાડો થશે. મુસાફરો માટે કોઈ પણ અડચણ વગર મલ્ટીમોડલ અવરજવર સરળ બનશે.

- મુંબઈ - પૂણે
- પૂણે - હૈદરાબાદ
- હૈદરાબાદ - બેંગલુરુ
- હૈદરાબાદ - ચેન્નાઈ
- ચેન્નાઈ - બેંગલુરુ
- દિલ્હી - વારાણસી
- વારાણસી - સિલીગુડી

## પર્યાવરણ-અનુકૂળ કાર્ગો પરિવહન

પૂર્વમાં દાનકુનીથી પશ્ચિમમાં સુરત સુધી નવો સમર્પિત માલવાહક કોરિડોર (2052 કિમી લાંબો) બનાવવામાં આવશે.

---

તાલચર અને આંગુલ જેવા ખનીજ સમૃદ્ધ વિસ્તારો તથા કલિંગ નગર જેવા ઔદ્યોગિક કેન્દ્રોને પારાદીપ અને ધમરા બંદરો સાથે જોડવા માટે ઓડિશામાં એનડબલ્યુ-5 થી શરૂ કરીને, આગામી 5 વર્ષમાં 20 નવા રાષ્ટ્રીય જળમાર્ગો (એનડબલ્યુ) શરૂ કરવામાં આવશે.

---

જળમાર્ગો માટે જરૂરી જનશક્તિ તૈયાર કરવાના ઉદ્દેશ્યથી પ્રાદેશિક ઉત્કૃષ્ટતા કેન્દ્રો તરીકે તાલીમ સંસ્થાઓ સ્થાપવામાં આવશે, જેનો લાભ યુવાનોને મળશે. આંતરદેશીય જળમાર્ગોની જરૂરિયાતો પૂરી કરવા માટે બનારસ-પટણામાં જહાજ રિપેરિંગ સુવિધા સ્થાપિત કરવામાં આવશે.

---

2047 સુધીમાં જળમાર્ગ અને દરિયાકાંઠાના પરિવહનનો હિસ્સો 6% થી વધારીને 12% કરવામાં આવશે, આ માટે 'તટીય કાર્ગો પ્રોત્સાહન યોજના' શરૂ કરવામાં આવશે.

---

અંતિમ છેડા સુધી અને દૂરના વિસ્તારોને જોડવા તથા પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સી-પ્લેનના સ્વદેશી નિર્માણને વેગ આપવામાં આવશે. તેના સંચાલનમાં મદદ કરવા માટે સી-પ્લેન વીજીએફ યોજના' શરૂ થશે.

### કાર્બન કેપ્ચર યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ (સીસીયુએસ)

ડિસેમ્બર, 2025 માં શરૂ કરવામાં આવેલા રોડમેપ મુજબ, વીજળી, સ્ટીલ, સિમેન્ટ અને રસાયણો સહિત પાંચ ઔદ્યોગિક ક્ષેત્રો માટે મોટા પાયે સીસીયુએસ ટેક્નોલોજી માટે આગામી પાંચ વર્ષમાં

**20,000** કરોડ રૂપિયાના ખર્ચનો પ્રસ્તાવ છે.



## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગેરન્ટી ફંડની થશે સ્થાપના


- સીપીએસઈએસની મહત્વની રિયલ એસ્ટેટ અસ્કયામતોના રિસાઈકલિંગને ઝડપી બનાવવા માટે સમર્પિત આરઈઆઈટીએસની સ્થાપના કરવામાં આવશે.
- સરકારનું 5 લાખથી વધુ વસ્તી ધરાવતા (ટિયર-II અને ટિયર-III) શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું જારી છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને નિર્માણમાં ખાનગી ડેવલપર્સનો વિશ્વાસ મજબૂત કરવા અને ધિરાણકર્તાઓને આંશિક ક્રેડિટ ગેરન્ટી પૂરી પાડવા માટે એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિસ્ક ગેરન્ટી ફંડ સ્થાપિત કરવામાં આવશે.
- સીપીએસઈ દ્વારા ડિજિટલ રીતે સમર્થ ઓટોમેટેડ સર્વિસ બ્યૂરો તરીકે 2 સ્થળોએ હાઈ-ટેક ટૂલ રૂમ સ્થાપિત કરવામાં આવશે.
- ઉચ્ચ મૂલ્ય ધરાવતા અને ટેકનિકલી અદ્યતન નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાધનો (સીઆઈઈ) ના ઘરેલું ઉત્પાદનને મજબૂત કરવા માટે એક યોજના શરૂ કરવામાં આવશે.
- 5 વર્ષના સમયગાળા માટે **10,000** કરોડ રૂપિયાની બજેટ ફાળવણી સાથે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક કન્ટેનર ઉત્પાદન વાતાવરણ તૈયાર કરવા માટે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ સ્કીમ' નો પણ પ્રસ્તાવ છે.



## શહેરી આર્થિક ક્ષેત્ર

શહેરો ભારતના વિકાસ, ઈનોવેશન અને તકોના એન્જિન છે. હવે અમે ટિયર-II અને ટિયર-III શહેરો તથા યાત્રાધામો પર પણ ધ્યાન કેન્દ્રિત કરીશું, જેમને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓની જરૂરિયાત છે. આર્થિક શક્તિનો ઉપયોગ કરવા અને શહેરોની ક્ષમતાને વધુ વધારવા માટે ચેલેન્જ મોડ દ્વારા તેમની યોજનાઓ લાગુ કરવા માટે, 5 વર્ષમાં પ્રતિ શહેરી આર્થિક ક્ષેત્ર દીઠ

**5,000** કરોડ રૂપિયાની ફાળવણી પ્રસ્તાવિત છે.



## વિકાસનું એન્જિન

# ઉભરતી ટેકનોલોજી અને ડિજિટલાઈઝેશન

***21મી સદી ટેકનોલોજીથી પ્રેરિત છે. તેને અપનાવવી એ તમામ લોકોના હિતમાં છે. સરકારે એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન, અનુસંધાન નેશનલ રિસર્ચ ફંડ, અને સંશોધન, વિકાસ તેમજ ઈનોવેશન નિધિ દ્વારા નવી ટેકનોલોજીઓને સહાય પૂરી પાડવા માટે અનેક પગલાં લીધાં છે. આ જ શ્રેણીમાં 2026-27ના બજેટમાં ઘણી જોગવાઈઓ કરવામાં આવી છે...***



**40,000 કરોડ રૂપિયા** | ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.

**15.5%** | એક સમાન સેફ હાર્બર માર્જીન લાગુ થશે, ઈન્ફર્મેશન ટેકનોલોજીની તમામ સેવાઓની એક જ શ્રેણી હશે.

- ભારત સોફ્ટવેર ડેવલપમેન્ટ, આઈટી સમર્પિત સેવાઓ, જ્ઞાન પ્રક્રિયા આઉટસોર્સિંગ સેવાઓ અને સોફ્ટવેર વિકાસ સંબંધિત સંશોધન અને વિકાસ સેવાઓના ક્ષેત્રમાં લીડર છે. હવે આ તમામ સેવાઓને માહિતી ટેકનોલોજી સેવાઓની એકલ શ્રેણીમાં લાવીને 15.5% એક સમાન સેફ હાર્બર માર્જિન લાગુ થશે.
- આઈટી સેવાઓ માટે સેફ હાર્બર પ્રાપ્ત કરવાની મર્યાદાને 300 કરોડ રૂપિયાથી વધારીને 2,000 કરોડ રૂપિયા કરવામાં આવી રહી છે.
- આઈટી સેવાઓ માટે સેફ હાર્બરનું અનુમોદન હવે સ્વચાલિત નિયમથી થશે. અરજીઓની તપાસ કરવા અને સ્વીકારવા માટે કોઈ કર અધિકારીની આવશ્યકતા રહેશે નહીં.
- એક વાર કોઈ આઈટી સેવા કંપની દ્વારા આના માટે અરજી કરવા પર, કંપનીની ઈચ્છા મુજબ આ જ સેફ હાર્બરને 5 વર્ષના સમયગાળા માટે જાળવી રાખી શકાય છે.
- એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ (એપીએ) કરવાની ઈચ્છુક આઈટી સેવા કંપનીઓની એકપક્ષીય એપીએ પ્રક્રિયાને ઝડપી બનાવવાનો પ્રસ્તાવ, જેને 2 વર્ષના સમયગાળાની અંદર પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

> ***સેમિકન્ડક્ટર મિશનમાં બે મોટી જાહેરાતો કરવામાં આવી છે જે ઈન્ડિયા સ્ટેક અને આઈપીથી જોડાયેલા મામલાઓને વધુ સારા બનાવશે. 40,000 કરોડ રૂપિયાની ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ ઈલેક્ટ્રોનિક્સને આત્મનિર્ભર બનાવવા માટે એક મોટું પ્રોત્સાહન છે.***
>
> ***- નિર્મલા સીતારમણ, કેન્દ્રીય નાણા મંત્રી***



### વૈશ્વિક વેપાર અને રોકાણ આકર્ષિત કરવું

- ડેટા સેન્ટરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણને વધારવાની દ્રષ્ટિએ ડેટા સેન્ટર સેવાઓનો ઉપયોગ કરીને વૈશ્વિક સ્તરે ક્લાઉડ સેવાઓ પ્રદાન કરે છે, તેવી વિદેશી કંપનીઓને વર્ષ 2047 સુધી કર મુક્તિ (ટેક્સ હોલિડે) આપવામાં આવશે.
- જો ડેટા સેન્ટર સેવાઓ પ્રદાન કરનારી કંપની એક સંબંધિત કંપની હોય, તો તેને ખર્ચ પર 15% નું સેફ હાર્બર આપવામાં આવશે.
- ઈલેક્ટ્રોનિક ઉત્પાદન માટે જસ્ટ-ઈન-ટાઈમ કાર્યક્ષમતાનો ઉપયોગ કરવા માટે, મૂલ્યના 2 ટકાના માર્જીન પર કમ્પોનન્ટ વેરહાઉસ માટે નોન-રેસિડેન્ટ્સને સેફ હાર્બર પ્રદાન કરવામાં આવશે.
- ભારતમાં ટોલ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે નોન-રેસિડેન્ટ્સને આવકવેરામાંથી 5 વર્ષ માટે મુક્તિ આપવામાં આવશે.
- વૈશ્વિક પ્રતિભાના વિશાળ સમૂહને ભારતમાં લાંબા ગાળા સુધી કામ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી, સૂચિત યોજનાઓ હેઠળ 5 વર્ષના પ્રવાસ સમયગાળા માટે કોઈ નોન-રેસિડેન્ટ નિષ્ણાતની વૈશ્વિક (ભારત બહારના સ્ત્રોતની) આવક પર મુક્તિ આપવામાં આવશે.
- અંદાજિત આધારે કર ચૂકવણી કરનારા નોન-રેસિડેન્ટ્સને લઘુત્તમ વૈકલ્પિક કર (એમએટી) માંથી મુક્તિ આપવામાં આવશે.





### ઈ-કોમર્સ દ્વારા કુરિયર નિકાસની મૂલ્ય મર્યાદા નાબુદ

ઈ-કોમર્સ દ્વારા વૈશ્વિક બજારોમાં ભારતની પહોંચ વધી છે. ભારતના નાના વ્યવસાયો, કારીગરો અને સ્ટાર્ટઅપ્સની આકાંક્ષાઓને ટેકો આપવા માટે, કુરિયર નિકાસ પર પ્રતિ જથ્થો 10 લાખ રૂપિયાની મૂલ્ય મર્યાદા હટાવી દેવામાં આવી છે. ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી આવી ખેપની ઓળખ કરીને નકારવામાં આવેલી અને પરત આવેલી ખેપના સંચાલનમાં સુધારો કરવામાં આવશે.

### ભારત સેમિકન્ડક્ટર મિશન

- ઉપકરણો અને સામગ્રીના ઉત્પાદન, સંપૂર્ણ સજ્જ ભારતીય આઈપી ડિઝાઈન અને સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે ભારત સેમિકન્ડક્ટર મિશન 2.0 શરૂ કરવામાં આવશે. ઉદ્યોગ આધારિત સંશોધન અને તાલીમ કેન્દ્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- એપ્રિલ 2025 માં 22,919 કરોડ રૂપિયાના ખર્ચ સાથે શરૂ કરાયેલી ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમમાં અગાઉથી જ લક્ષ્યાંક કરતા બમણી રોકાણ પ્રતિબદ્ધતાઓ પ્રાપ્ત થઈ છે. આ ગતિનો લાભ લેવા માટે, ખર્ચ વધારીને 40,000 કરોડ રૂપિયા કરવામાં આવશે.




**"આ બજેટ આશાવાદી પણ છે. આ બજેટ દેશની એસ્પિરેશનને પણ સંબોધે છે. હું ફરી એકવાર નિર્મલાજી અને તેમની ટીમને આ ફ્યુચરિસ્ટિક અને સંવેદનશીલ, ગામડાના ગરીબ ખેડૂતનું કલ્યાણ કરનારા બજેટ માટે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## પર્યટનને નવી ગતિ

# ભારતની સંસ્કૃતિ અને વારસાને નવી ઊંચાઈઓ

**ભારતના સાંસ્કૃતિક મૂળિયાંની મજબૂતી માટે પર્યટન આધારિત વિકાસમાં નવી તકો ખોલવામાં આવી રહી છે. બજેટમાં આધ્યાત્મિક પર્યટન, ડેસ્ટિનેશન ડેવલપમેન્ટ અને ભારતની વિશાળ સાંસ્કૃતિક ઈકો-સિસ્ટમને સશક્ત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ વર્ષનું બજેટ પર્યટનને નવી ગતિ આપનારું અને ભારતની સંસ્કૃતિ તેમ જ વારસાને નવી ઊંચાઈઓ સુધી લઈ જનારું છે...**



**હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં, તેમ જ પૂર્વી ઘાટ અને પશ્ચિમી ઘાટની અરાકુ ઘાટીમાં ઈકોલોજિકલી સસ્ટેનેબલ પર્વતીય માર્ગો વિકસાવવાનો પ્રસ્તાવ છે.**

### નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટી સ્થપાશે

- હાલની નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજીને અપગ્રેડ કરીને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ હોસ્પિટાલિટી સ્થાપવાનો પ્રસ્તાવ છે. જેનાથી યુવાનોને કૌશલ્ય અને રોજગારની તકો મળશે તેમજ પર્યટન ક્ષેત્રને પણ નવી મજબૂતી મળશે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના સહયોગથી હાઈબ્રિડ મોડમાં પ્રમાણિત, ઉચ્ચ ગુણવત્તાવાળા 12 સપ્તાહના તાલીમ અભ્યાસક્રમ દ્વારા 20 પર્યટન સ્થળોમાં 10 હજાર ગાઈડ્સના કૌશલ્ય વર્ધન માટે પ્રાયોગિક યોજના શરૂ કરવામાં આવશે.
- સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને વારસાનું મહત્વ ધરાવતા તમામ સ્થળોના ડિજિટલ દસ્તાવેજો તૈયાર કરવા માટે નેશનલ ડેસ્ટિનેશન ડિજિટલ નોલેજ ગ્રિડની સ્થાપના થશે.
- આ પહેલ સ્થાનિક સંશોધકો, ઈતિહાસકારો, કન્ટેન્ટ ક્રિએટર્સ અને ટેકનોલોજી ક્ષેત્રે નવા રોજગારની ઈકોસિસ્ટમ તૈયાર કરશે.

### 15 પુરાતત્વીય સ્થળો સાંસ્કૃતિક સ્થળો તરીકે વિકસાવાશે

- લોથલ, ધોળાવીરા, રાખીગઢી, આદિચનલ્લુર, સારનાથ, હસ્તિનાપુર અને લેહ પેલેસ જેવા 15 પુરાતત્વીય સ્થળોને જીવંત અને અનુભવજન્ય સાંસ્કૃતિક ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ છે. તેનાથી વૈશ્વિક મંચ પર ભારતીય સંસ્કૃતિ સ્થાપિત થશે.

### 5 પૂર્વોત્તર રાજ્યોમાં 5 પર્યટન સ્થળોનું નિર્માણ

- દુર્ગાપુરમાં વધારે સારી કનેક્ટિવિટી નોડ સાથે એકીકૃત પૂર્વીય તટ ઔદ્યોગિક કોરિડોરનો વિકાસ અને 5 પૂર્વોત્તર રાજ્યોમાં 5 પર્યટન સ્થળોનું નિર્માણ કરવામાં આવશે.
- પૂર્વોત્તરમાં 4,000 ઈ-બસો ચલાવવામાં આવશે.
- અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, આસામ, મણીપુર, મિઝોરમ અને ત્રિપુરામાં બૌદ્ધ સર્કિટના વિકાસ માટે નવી યોજના.
- આ યોજના મંદિરો-મઠોના સંરક્ષણ, તીર્થસ્થળો પર દ્વિભાષી કેન્દ્રોની સ્થાપના, કનેક્ટિવિટી તથા તીર્થ સંબંધિત પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં મદદરૂપ સાબિત થશે.

### પર્યટન આધારિત વિકાસની નવી તકો

- ઓડિશા, કર્ણાટક અને કેરળમાં મુખ્ય કાચબા પ્રજનન સ્થળોની સાથે-સાથે ટર્ટલ ટ્રેલ્સ પણ વિકસાવવામાં આવશે.
- પર્યટન અને જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવા માટે આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં પુલિકટ સરોવરના કિનારે બર્ડ વોચિંગ ટ્રેલ્સ વિકસાવવામાં આવશે.



## પદ્મ સન્માન 2026



**પદ્મ ભૂષણ**
ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા

**પદ્મ વિભૂષણ**
અસાધારણ અને વિશિષ્ટ સેવા

**પદ્મ શ્રી**
વિશિષ્ટ સેવા

### પિપલ્સ પદ્મની વાસ્તવિક ભાવનાને અનુરૂપ નવી પરંપરા

# નિષ્કામ કર્મયોગીઓને પદ્મ સન્માન

***દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાં સામેલ પદ્મ સન્માન હવે માત્ર પ્રસિદ્ધ હસ્તીઓને જ નહીં પરંતુ કોઈ પણ રીતે સમાજ, દેશમાં સકારાત્મક ઊર્જાનો સંચાર અને માનવતાની સેવા કરનારા ગુમનામ નાગરિકોને પણ મળી રહ્યા છે. આમ એટલા માટે કેમ કે વર્તમાન સરકારે આ પુરસ્કારોની પસંદગીની સમગ્ર પ્રક્રિયા જ બદલી નાખી છે... જ્યારે રાષ્ટ્રપતિ ભવનમાં દૂર નિસ્વાર્થ રૂપથી પરંપરા, સંસ્કૃતિ, શિક્ષણ-સાહિત્ય, આરોગ્ય માટેની સેવા કરનારા ગુમનામ નાયકો વેગ આપી રહ્યા છે 'જનતાના પદ્મ' નું સન્માન... વર્ષ 2026માં સાર્વજનિક જીવનને સમૃદ્ધ કરનારા 131 વિભૂતિઓને સન્માનિત કરાશે.....***



## પદ્મ વિભૂષણથી સન્માનિત થશે આ પાંચ વિભૂતિઓ



**ધર્મેન્દ્રસિંહ દેઓલ**
(મરણોપરાંત- કલા)
મહારાષ્ટ્ર



**કે ટી થોમસ**
(સાર્વજનિક બાબતો)
કેરળ



**એન રાજમ**
(કલા)
ઉત્તર પ્રદેશ



**પી નારાયણન**
(સાહિત્ય તથા શિક્ષણ)
કેરળ



**વી એસ અચ્યુતાનંદન**
(મરણોપરાંત) (સાર્વજનિક બાબતો)
કેરળ

દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનો પૈકીના એક પદ્મ સન્માન 2026ની જાહેરાત પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ કરવામાં આવી હતી. જેમાં બે યુગલ પુરસ્કાર સહિત 131 મહાન વિભૂતિઓના નામ સામેલ છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂએ જે પદ્મ પુરસ્કારોને પ્રદાન કરવાની મંજૂરી આપી છે તેમાં પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રી પુરસ્કાર સામેલ છે. તેમાં 19 મહિલાઓ છે જ્યારે વિદેશી/એનઆરઆઈ/પીઆરઓ/ઓસીઆઈ શ્રેણીના છ વ્યક્તિ અને 16 મરણોપરાંત પુરસ્કારો છે. આ વર્ષની યાદીમાં સામેલ 19 મહિલાઓને સાંકળી લઈએ

# પદ્મ પુરસ્કારોનું મહત્વ કંઈક આ રીતે સમજો

- ભારત સરકારે 1954માં બે નાગરિક પુરસ્કાર ભારત રત્ન અને પદ્મ વિભૂષણની શરૂઆત કરી હતી. પદ્મ વિભૂષણ પુરસ્કાર ત્રણ શ્રેણીમાં હતા. પ્રથમ વર્ગ, બીજો વર્ગ અને ત્રીજો વર્ગ. 1955ની આઠમી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ દ્વારા જારી અધિસૂચના દ્વારા તેનું નામ બદલીને પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી કરી દેવામાં આવ્યું.
- આ પુરસ્કાર પ્રતિષ્ઠા અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે. તેમાં રોકડ રકમ આપવામાં આવતી નથી.
- પુરસ્કાર વિજેતાઓને રાષ્ટ્રપતિ દ્વારા હસ્તાક્ષર કરાયેલી એક સનદ (પ્રમાણપત્ર) અને પદક એનાયત કરાય છે. ચંદ્રકની એક નાની પ્રતિકૃતિ પણ આપવામાં આવે છે. જેને તે કોઈ પણ સમારંભ દરમિયાન પહેરી શકે છે.
- આ પુરસ્કાર કોઈ ડિગ્રી જેવો નથી. તેનો ઉપયોગ પુરસ્કાર વિજેતાના નામના ઉપયોગના પ્રત્યય અથવા તો ઉપસર્ગના રૂપમાં કરી શકાતો નથી.

તો છેલ્લા છ વર્ષમાં પદ્મ પુરસ્કાર પ્રાપ્ત કરનારી મહિલાઓની સંખ્યા વધીને 154 સુધી પહોંચી ગઈ છે. આ પુરસ્કાર ભારતના રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારંભમાં સામાન્ય રીતે દર વર્ષે માર્ચ અથવા એપ્રિલ દરમિયાન એનાયત કરવામાં આવે છે.

દેશ માટે શાનદાર યોગદાન અથવા તેને સમર્પિત સેવા માટે જ મહાન વિભૂતિઓને સન્માનિત કરવામાં આવશે. અભિનેતા ધર્મેન્દ્રસિંહ દેઓલ તથા કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વી. એસ. અચ્યુતાનંદને મરણોપરાંત પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવશે. જ્યારે પદ્મ ભૂષણ એવોર્ડ પ્રાપ્ત કરનારામાં ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભગત સિંહ કોશિયારી, કલ્લિપટ્ટી રામાસામી પલાનીસ્વામી, ગાયિકા અલકા યાજ્ઞિક તથા મલયાલી અભિનેતા મામુટીની સાથે જ એડ ગુરુ પિયૂષ પાંડે, રાજનેતા શિબુ સોરેન તથા વિજય કુમાર મલ્હોત્રાને મરણોપરાંત પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવશે. પદ્મ શ્રી સન્માનથી પુરસ્કૃત થનારામાં 113 લોકો સામેલ છે. તેમાં રમત જગતથી ક્રિકેટર રોહિત શર્મા, પ્રવીણ કુમાર તથા મહિલા ક્રિકેટ ટીમની સુકાની હરમનપ્રિત કૌર, બલદેવ સિંહ, કે. પજનીવેલ અને સવિતા પૂનિયા સામેલ છે

કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહે ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, કેરળ, કર્ણાટક, તામિલનાડુ, મહારાષ્ટ્ર અને આસામથી પદ્મ સન્માન માટે નામિત લોકોના યોગદાનની માત્ર પ્રશંસા જ કરી નહીં પરંતુ કહ્યું હતું કે તેમના ઉત્કૃષ્ટ



## 13 નાયકોને પદ્મ ભૂષણ



**અલકા યાજ્ઞિક**
(કલા) મહારાષ્ટ્ર



**ભગત સિંહ કોશિયારી**
(સાર્વજનિક બાબતો)
મહારાષ્ટ્ર



**કલ્લીપટ્ટી રામાસામી પલાનીસ્વામી**
(દવા)
તામિલનાડુ



**મામુટી**
(કલા)
કેરળ



**ડૉ. નોરી દત્તાત્રેયુડુ**
(દવા)
યુનાઈટેડ સ્ટેટ્સ



**પિયુષ પાંડે**
(મરણોત્તર) (કલા)
મહારાષ્ટ્ર



## 13 નાયકોને પદ્મ ભૂષણ



**એસ કે એમ મૈઈલાનંદન**
(સામાજિક કાર્ય)
તામિલનાડુ



**શતાવધાની આર. ગણેશ**
(કલા)
કર્ણાટક



**શિબૂ સોરેન**
(મરણોપરાંત)
(સાર્વજનિક બાબતો)
ઝારખંડ



**ઉદય કોટક**
(વેપાર અને ઉદ્યોગ)
મહારાષ્ટ્ર



**વી. કે. મલ્હોત્રા**
(મરણોપરાંત)
(સાર્વજનિક બાબતો)
દિલ્હી



**વેલ્લાપલ્લી નટેસન**
(સાર્વજનિક બાબતો)
કેરળ



**વિજય અમૃતરાજ**
(રમત) સંયુક્ત રાજ્ય અમેરિકા



**પદ્મ શ્રી**
**113**

# કેટલા ક્ષેત્રમાં મળ્યા પદ્મ સન્માન

| | |
|---|---|
| વેપાર અને ઉદ્યોગ | 44 (2 પદ્મ વિભૂષણ, 4 પદ્મ ભૂષણ, 38 પદ્મ શ્રી) |
| સાહિત્ય અને શિક્ષણ | 18 (1 પદ્મ વિભૂષણ, 17 પદ્મ શ્રી) |
| મેડીસીન | 15 (2 પદ્મ ભૂષણ, 13 પદ્મ શ્રી) |
| જાહેર સેવા | 7 (2 પદ્મ વિભૂષણ, 4 પદ્મ ભૂષણ, 1 પદ્મ શ્રી) |
| સમાજ સેવા | 13 (1 પદ્મ વિભૂષણ, 12 પદ્મ શ્રી) |
| રમતગમત | 9 (1 પદ્મ ભૂષણ, 8 પદ્મ શ્રી) |
| વેપાર અને ઉદ્યોગ | 4 ( પદ્મ ભૂષણ, 3 પદ્મ શ્રી) |
| સિવિલ સાયન્સ | 2 પદ્મ શ્રી |
| સાયન્સ અને એન્જિનિયરિંગ | 11 પદ્મ શ્રી |
| અન્ય | 8 પદ્મ શ્રી |
| કુલ | 131 |

***દેશ પ્રત્યે તેમના ઉમદા યોગદાન પ્રત્યે તમામ પદ્મ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન. અલગ અલગ ક્ષેત્રોમાં તેમની ઉત્કૃષ્ટતા, સમર્પણ અને સેવા આપણા સમાજની સંરચનાને સમૃદ્ધ બનાવે છે. આ સન્માન એ વચનબદ્ધતા અને ઉત્કૃષ્ટતાની ભાવના પ્રદર્શિત કરે છે જે આવનારી પેઢીને સતત પ્રેરિત કરતી રહેશે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

યોગદાન પ્રેરણા પથ પર અન્યને પણ માર્ગ પ્રશસ્ત કરશે સમાજસેવા, શિક્ષણ, સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનિત મહાનુભાવોએ અવિરત યોગદાન આપીને અનેક લોકોના જીવનમાં પરિવર્તન આણ્યું છે. આ સન્માન ભારતના સાંસ્કૃતિક અને બૌદ્ધિક પરિદૃશ્યને આકાર આપવામાં સતત ભૂમિકા ભજવે છે. જે પિપલ્સ પદ્મની વાસ્તવિક ભાવનાને અનુરૂપ છે. પદ્મ સન્માન માટે પસંદ કરાયેલા લોકોએ સિદ્ધ કરી દેખાડ્યું છે કે સામાજિક જવાબદારીનું સજાગતાથી નિર્વહન કરતાં કરતાં રાષ્ટ્ર નિર્માણમાં પ્રભાવી સહયોગ આપી શકાય છે. નિશ્ચિતરૂપથી વધુ લોકો નિસ્વાર્થ ભાવથી સમાજની સેવા કરવા માટે પ્રેરિત થશે. ■

# કેરળથી 'વિકાસની', 'રોજગાર સર્જનની' નવી પહેલ



***કેન્દ્ર સરકારના પ્રયાસોથી કેરળના વિકાસને સતત નવી ગતિ મળી રહી છે. તાજેતરમાં 23મી જાન્યુઆરીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અનેક વિકાસ કાર્યોનો પ્રારંભ કર્યો. અહીંથી સમગ્ર દેશ માટે ગરીબ કલ્યાણ સાથે જોડાયેલી એક મોટી શરૂઆત કરતાં પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું તો રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાની, ત્રિવેન્દ્રમને દેશના મોટા સ્ટાર્ટ-અપ હબ બનાવવા જેવી પહેલો આગળ વધારવામાં આવી***

એક સમયે ક્રેડિટ કાર્ડ માત્ર અમીરો સુધી જ સીમિત હતું, પણ હવે દેશભરના લારી-ગલ્લા પર કામ કરતા લાખો લોકોને પણ તેનો લાભ મળવા લાગ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જાન્યુઆરીમાં કેરળના તિરુવનંથપુરમથી શુભ શરૂઆત કરી. છેલ્લા 11 વર્ષમાં કરોડો દેશવાસીઓને બેન્કિંગ વ્યવસ્થાથી જોડવાનું ઘણું મોટું કામ થયું છે. અગાઉ રસ્તાઓના કિનારે, ગલીઓમાં સામાન વેચનારા સ્ટ્રીટ વેન્ડર્સની સ્થિતિ બહુ નબળી હતી. તેમને સામાન ખરીદવા માટે થોડા હજાર રૂપિયા પણ ઊંચા વ્યાજે લેવા પડતા હતા. કેન્દ્ર સરકારે પહેલી વાર તેમના માટે પીએમ સ્વનિધિ યોજના બનાવી. આ યોજના બાદ દેશભરમાં લાખો વેપારીઓને બેંકો તરફથી મદદ મળી છે. લાખો સ્ટ્રીટ વેન્ડર્સને જિંદગીમાં પહેલી વાર કરોડો રૂપિયાનું ધીરાણ મળ્યું છે. ભારત સરકાર એક પગલું આગળ વધીને હવે તેમને ક્રેડિટ કાર્ડ પણ આપી રહી છે. આથી દેશભરના લારી-ગલ્લા, ફૂટપાથ પર કામ કરનારા લોકોને લાભ થશે.

### સમાન શહેરી વિકાસ સુનિશ્ચિત થઈ રહ્યો છે

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે આજે સમગ્ર દેશ એકજૂથ થઈને પ્રયાસ કરી રહ્યો છે. વિકસિત ભારતના નિર્માણમાં શહેરોની બહુ મોટી ભૂમિકા છે. તે માટે કેન્દ્ર સરકાર શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી નિર્માણ કરી રહી છે. કેન્દ્ર સરકાર શહેરના ગરીબ પરિવારો માટે પણ કામ કરી રહી છે. પીએમ આવાસ યોજના હેઠળ દેશમાં ચાર કરોડથી વધુ ઘર બનાવીને ગરીબોને આપવામાં આવ્યા છે. તેમાં શહેરી ગરીબો માટે એક કરોડથી વધુ ઘર બનાવાયા છે. કેરળમાં પણ લગભગ સવા લાખ શહેરી ગરીબોને પાકા ઘર મળ્યા છે. ગરીબ પરિવારને વીજળીનું બિલ બચે, તે માટે પીએમ સૂર્ય મફત વીજળી યોજના શરૂ કરવામાં આવી છે. ગરીબોને આયુષ્માન ભારત હેઠળ પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળી રહી છે. નારી-શક્તિની સ્વાસ્થ્ય સુરક્ષા માટે માતૃ વંદના યોજના જેવી યોજના કામ કરી

# વિવિધ વિકાસ પરિયોજનાઓની

# આધારશિલા અને ઉદ્ઘાટન

***રેલ સંપર્ક, શહેરી આજીવિકા, વિજ્ઞાન અને ઈનોવેશન, જન-કેન્દ્રિત સેવાઓ અને ઉત્તમ આરોગ્ય સેવાઓ સહિત મુખ્ય સેક્ટર સામેલ છે***

- પીએમ સ્વનીધિ ક્રેડિટ કાર્ડ લોન્ચ થયું. જેયુપીઆઈથી સંકળાઈ, વ્યાજ-મુક્ત રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધા હેઠળ તાકીદે રોકડ ઉપલબ્ધ કરાવશે, ડિજીટલ લેવડ-દેવડને પ્રોત્સાહન આપશે અને લાભાર્થીઓને ઔપચારિક ક્રેડિટ ઈતિહાસ બનાવવામાં મદદ કરશે.
- એક લાખ લાભાર્થીઓને પીએમ સ્વનીધિ ક્રેડિટ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા છે. પીએમ સ્વનીધિ સ્કીમે લાભાર્થીઓના એક મોટા વર્ગને ઔપચારિક ઋણ સુધી પહોંચ પ્રદાન કરી છે.
- કેરળમાં રેલ સંપર્ક વધુ સારો બનાવવા માટે ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ અને એક વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવવામાં આવી.
- જેમાં નાગરકોઈલ-મંગલુરૂ અમૃત ભારત એક્સપ્રેસ, તિરુવનંથપુરમ-તંબરમ અમૃત ભારત એક્સપ્રેસ, તિરુવનંથપુરમ-ચારલાપલ્લી અમૃત ભારત એક્સપ્રેસ અને ત્રિશૂર અને ગુરુવાયુરની વચ્ચે ચાલનારી એક નવી ટ્રેનનો સમાવેશ થાય છે.
- આ તમામ ટ્રેનો દ્વારા કેરળ, તામિલનાડુ, કર્ણાટક, તેલંગણા અને આંધ્ર પ્રદેશની વચ્ચે લાંબા અંતર અને ક્ષેત્રીય સંપર્કમાં ઉલ્લેખનીય સુધારો થશે, જેનાથી યાત્રીઓ માટે યાત્રા વધુ વ્યાજબી, સુરક્ષિત અને સમયબદ્ધ થશે.
- તિરુવનંથપુરમમાં સીએસઆઈઆર-એનઆઈઆઈએસટી ઈનોવેશન, ટેક્નોલોજી એન્ડ આંત્રપ્રિન્યોરશિપ હબની આધારશિલા મૂકવામાં આવી.
- તિરુવનંથપુરમમાં શ્રી ચિત્રા તિરુનલ આયુર્વેદ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સંસ્થાનમાં અદ્યતન રેડિયો સર્જરી કેન્દ્રની આધારશિલા રાખવામાં આવી.
- તિરુવનંથપુરમમાં પૂજપ્પુરાના નવી પોસ્ટ ઓફિસનુ પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

> ***"વીતેલા 11 વર્ષમાં કરોડો દેશવાસીઓને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવાનું ખૂબ મોટું કામ થયું છે. આજે ગરીબ, એસસી/એસટી, મહિલા, ફિશરમેન,- આ તમામને આસાનીથી બેંક લોન મળવા લાગી છે. જેમની પાસે કોઈ ગેરન્ટી નથી, સરકાર પોતે તેમની ગેરંટર બની ગઈ છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

રહી છે. કેન્દ્ર સરકારે 12 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ માફી આપી છે. તેનો ઘણો મોટો લાભ કેરળના લોકોને અને ખાસ કરીને મધ્યમ વર્ગને થયો છે.

### કેરળના વિકાસને નવી ગતિ

કેન્દ્ર સરકાર કનેક્ટિવિટી, સાયન્સ એન્ડ ઈનોવેશન અને હેલ્થકેર પર પણ ખૂબ જ વધુ રોકાણ કરી રહી છે. સીએસઆઈઆરના ઈનોવેશન હબનું લોકાર્પણ, મેડિકલ કોલેજમાં રેડિયો સર્જરી સેન્ટરની શરૂઆતથી કેરળને સાયન્સ, ઈનોવેશન અને હેલ્થકેરનું હબ બનાવવામાં મદદ મળશે. આ જ રીતે કેરળની રેલ કનેક્ટીવિટી વધુ સશક્ત બની છે. ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવવામાં આવી. જેનાથી ટુરિઝમ ક્ષેત્રને લાભ થશે. ગુરુવાયુરથી ત્રિશૂરની વચ્ચે નવી પેસેન્જર ટ્રેન, તીર્થ યાત્રીઓ માટેની યાત્રાને વધુ સરળ બનાવશે. આ પરિયોજનાઓથી કેરળના વિકાસને ગતિ મળશે. નિશ્ચિતરૂપે વિકસિત કેરળથી જ વિકસિત ભારતનું સપનું પૂરું થશે. તેમાં કેન્દ્ર સરકાર પૂરેપૂરી શક્તિ સાથે કેરળના લોકો સાથે છે. ■

...જેથી ભાવિ પેઢી સંત પરંપરા અને વિરાસત સાથે જોડાયેલી રહે

# હવે શ્રી ગુરુ રવિદાસ મહારાજ જી હવાઈ મથક, આદમપુર કહો



*ભારતના વિકાસ સાથે વિરાસતને પણ ભાવિ પેઢી સાથે જોડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. એ જ શ્રેણીમાં ભારત માટે ન્યાય અને કરૂણાના ભાવ સાથે ભવિષ્યની એક સંકલ્પના રજૂ કરનારા સંત રવિદાસની 649મી જયંતી પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પંજાબના પ્રવાસે પહોંચ્યા. અહીં એક હવાઈ મથકના ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું તો વળી સંત પરંપરા અને વિરાસતને ભાવિ પેઢી સાથે જોડવા માટે આદમપુર હવાઈ મથકને નવું નામ આપ્યું "શ્રી ગુરુ રવિદાસ મહારાજ જી હવાઈ મથક, આદમપુર..."*

સમાજ સુધારક અને સંત રવિદાસ મહારાજે રાષ્ટ્રને સેવાનો માર્ગ દેખાડ્યો. સામાજિક સમરસતા અને સદભાવનાનો દીવો પ્રજ્જવલિત કરી સમાનતા, કરુણા અને માનવીય ગરિમાનો ઉપદેશ આપ્યો જે ભારતના સામાજિક મૂલ્યોને પ્રેરિત કરે છે. ગુરુ રવિદાસ મહારાજની જયંતી પર પંજાબ પહોંચેલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એવો નિર્ણય લેવાયો છે કે આદમપુર હવાઈ મથકને હવેથી શ્રી ગુરુ રવિદાસ મહારાજ જી હવાઈ મથકના નામે ઓળખવામાં આવશે. આ શ્રી ગુરુ રવિદાસ મહારાજ જીના ચિરસ્થાયી આદર્શોને એક યોગ્ય શ્રદ્ધાંજલિ છે. સમાનતા, કરૂણા અને સેવાનો તેમનો સંદેશ આપણે બધાને અત્યાધિક પ્રેરિત કરે છે.

રાજ્યના વિમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગળ વધારતા, હલવારા વિમાન મથક પર નવા ટર્મિનલ ભવનનું પ્રધાનમંત્રી શ્રી મોદીએ ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ કહ્યું કે હલવારા હવાઈ મથક પર ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન થવાથી પંજાબ અને ખાસ કરીને લુધિયાણા અને આસપાસના લોકો માટે અપાર ખુશીની ક્ષણ છે. લુધિયાણા ઉત્તર ભારતનું એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**"માનવતાના અનન્ય ઉપાસક મહાન સંત શ્રી ગુરુ રવિદાસ મહારાજ જીને તેમની જયંતી પર કોટિ-કોટિ નમન. તેમના વિચારોમાં ન્યાય અને કરુણાનો ભાવ સર્વોપરી હતો, જે જનકલ્યાણની અમારી યોજનાઓના મૂળમાં છે. તેમણે સામાજિક સમરસતા અને સદભાવનાની જે જ્યોતને પ્રગટાવી છે તે દેશવાસીઓના પથને સદૈવ આલોકિત કરતી રહેશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## લુધિયાણામાં હલવારા વિમાન મથકના ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન

- પંજાબમાં ઉડ્ડયન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ આગળ ધપાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લુધિયાણામાં હલવારા વિમાન મથકના ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું.
- આ ટર્મિનલ ભવન રાજ્યના વિકાસ માટે એક નવું દ્વાર સ્થાપિત કરશે જે તેની આસપાસના ઔદ્યોગિક તથા કૃષિ ક્ષેત્રોની આવશ્યકતાઓને પૂરી કરશે.
- લુધિયાણા જિલ્લામાં સ્થિત હલવારામાં ભારતીય વાયુસેનાનું એક રણનીતિક રૂપે મહત્વપૂર્ણ સ્ટેશન પણ છે.
- લુધિયાણામાં પહેલા વિમાન મથકનો રનવે અપેક્ષાકૃત નાનો હતો જે નાના આકારના વિમાનો માટે ઉપયુક્ત હતો.
- સંપર્કમાં સુધારો અને મોટા વિમાનોને સમાયોજિત કરવા માટે હલવારામાં એક નવું સિવિલ એન્ક્લેવ વિકસિત કરાયું છે. તેનો રનવે લાંબો છે અને એ-320 જેવા વિમાનોની અવર-જવર માટે સક્ષમ છે.
- પ્રધાનમંત્રીના સતત અને પર્યાવરણ પ્રત્યે ઉત્તરદાયી વિકાસના દ્રષ્ટિકોણને અનુરૂપ ટર્મિનલમાં નવી હરિત અને ઊર્જાદક્ષ સુવિધાઓ સામેલ છે.
- એલઈડી પ્રકાશ વ્યવસ્થા, ઈન્સ્યુલેટેડ છત, વરસાદી પાણી સંગ્રહ પ્રણાલી, સિવેજ અને જળ શોધન સંયત્ર તથા પુનચક્રિત જળનો ઉપયોગ સામેલ છે.
- ટર્મિનલની ડિઝાઈન પંજાબની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને પણ પ્રદર્શિત કરે છે. આ યાત્રીઓને એક વિશેષ અને ક્ષેત્રીય રૂપે પ્રેરિત યાત્રાનો અનુભવ પ્રદાન કરે છે

## રવિદાસ મહારાજને શ્રદ્ધાંજલિ

- આદમપુર હવાઈ મથકનું નામકરણ "શ્રી ગુરુ રવિદાસ મહારાજ જી હવાઈ મથક, આદમપુર" રાખવામાં આવ્યું.
- આદમપુર એરપોર્ટનું નામકરણ સંત અને સમાજ સુધારક ગુરુ રવિદાસ મહારાજનું સન્માન છે, જેમની સમાનતા, કરૂણા અને માનવીય ગરિમાના ઉપદેશો સામાજિક મૂલ્યોને પ્રેરિત કરે છે



વ્યાપારી કેન્દ્ર છે. આ શહેર તેના ઊર્જાવાન લોકો માટે ઓળખાય છે. અમારી સરકાર આ શહેરના હવાઈ સંપર્કને વધુ સારો બનાવવા માટે ખૂબ જ પ્રયાસ કરી રહી છે જે આધુનિક હવાઈ મથક માટે ચાલી રહેલા કાર્યોમાં પરિલક્ષિત થાય છે.

### પ્રધાનમંત્રીએ ડેરા સચખંડ બલ્લાંના દર્શન કર્યા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ડેરા સચખંડ બલ્લાંના દર્શન કર્યા. પીએમ મોદીએ કહ્યું કે, "શ્રી ગુરુ રવિદાસ મહારાજ જીની જયંતી પર ડેરા સચખંડ બલ્લાંમાં હોવું એક ખૂબ જ વિશેષ અનુભવ હતો"

### પીએમ મોદીએ સંત નિરંજન દાસજી સાથે મુલાકાત લીધી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ડેરા સચખંડ બલ્લાંમાં સંત નિરંજન દાસજી સાથે મુલાકાત બાદ કહ્યું કે સંત નિરંજન દાસજીને મળવું ખૂબ જ ખાસ હતું. સમાજ પ્રત્યે તેમની પ્રેરણાદાયક સેવાને માન્યતા આપતા તેમને તાજેતરમાં જ પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■




# ભારતમાં હવાઈ મુસાફરી
# હવે સામાન્ય જનતા સુધી

*ભારતમાં નાગરિક ઉડ્ડયન આજે દેશના સૌથી ઝડપી વિકાસ પામતા ક્ષેત્રોમાં સામેલ થઈ ગયું છે. એક સમય હતો જ્યારે હવાઈ મુસાફરી થોડા પસંદગીના લોકો સુધી સીમિત માનવામાં આવતી હતી, પરંતુ આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઘરેલું વિમાન બજાર બની ગયું છે. મુસાફરોની સંખ્યામાં સતત વધારો થવા સાથે દેશના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે પણ ઝડપી વિકાસ કર્યો છે. આ જ પ્રગતિને આગળ ધપાવવાના ઉદ્દેશ્યથી હૈદરાબાદમાં 28મી જાન્યુઆરીએ આયોજિત 'વિંગ્સ ઈન્ડિયા 2026' કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સંબોધન કરવામાં આવ્યું...*

ભારત હવે હવાઈ મુસાફરીને પસંદગીના વર્ગની બહાર લાવીને સામાન્ય જન સુધી લઈ આવ્યું છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રએ દેશની આર્થિક સમૃદ્ધિને ઉત્તેજન આપવા, મજબૂતીથી રાષ્ટ્રના એકીકરણ અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પોતાના લક્ષ્ય-વિકસિત ભારત @2047ની તરફ આત્મવિશ્વાસથી આગળ વધવા માટે સશક્ત પણ કર્યા છે. આ શ્રેણીમાં એશિયાના સૌથી મોટા નાગરિક ઉડ્ડયન કાર્યક્રમ વિંગ્સ ઈન્ડિયા 2026માં ભારતે માત્ર દેશના ઉડ્ડયન વિકાસની ગાથાને જ પ્રદર્શિત કરી નથી પરંતુ વૈશ્વિક સ્તર પર નાગરિક ઉડ્ડયનમાં દેશમાં પ્રવર્તમાન તકોથી પણ રોકાણકારોને માહિતગાર કરાવ્યા. આ આયોજન 28થી 31 જાન્યુઆરી સુધી તેલંગાણાના હૈદરાબાદમાં થયું હતું.

'ભારતીય ઉડ્ડયન ભવિષ્યનો માર્ગ પ્રસ્થાપિત કરવો, ડિઝાઈનથી તૈનાત કરવા સુધી, વિનિર્માણથી જાળવણી સુધી, સમાવેશિતાથી ઈનોવેશન સુધી અને સુરક્ષાથી સ્થિરતા સુધી' વિષય પર આધારિત વિંગ્સ ઈન્ડિયા 2026 આંતરરાષ્ટ્રીય સંમેલનમાં 13 વિષયો પર સત્રો ઉપરાંત મંત્રી સ્તરીય સત્ર પણ યોજાયા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ઉડ્ડયન ઉદ્યોગનો આગામી ગાળો આશાઓથી ભરેલો છે જેમાં ભારત એક પ્રમુખ પ્લેયરના રૂપે ઊભરી રહ્યું છે. વિમાન નિર્માણ, પાયલટ પ્રશિક્ષણ, એડવાન્સ્ડ એર મોબિલિટી અને વિમાન લિઝિંગ એવા ક્ષેત્ર છે, જેને લઈને ભારતમાં વિશ્વની વિમાન કંપનીઓ માટે રોકાણની વધુ સારી તકો ઉપલબ્ધ છે.

### 2047 સુધીમાં 400થી વધુ એરપોર્ટ હશે

દેશમાં એર-કનેક્ટિવિટી અનેકગણી વધી રહી છે. અનુમાન છે કે 2047 સુધીમાં 400થી વધુ કાર્યરત એરપોર્ટ હશે. સરકાર ઉડાન યોજનાના આગામી તબક્કામાં પણ કામ કરી રહી છે. આ નીતિથી ક્ષેત્રિય અને વ્યાજબી કનેક્ટીવિટી વધુ મજબૂત થશે. સી-પ્લેન પરિચાલનનો પણ વિસ્તાર કરાઈ રહ્યો છે. પીએમ મોદીએ કાર્યક્રમમાં કહ્યું, "અમારો પ્રયાસ એ છે કે ભારતના ખૂણે-ખૂણે એર-કનેક્ટિવિટી વધુ સારી થાય દેશભરમાં ટૂરિસ્ટ વિકસિત થઈ રહ્યા છે. જ્યાં પહોંચવા માટે લોકોનીપ્રથમપસંદગી

## ભારતની ઉડાનના કો-પાયલટ બનો

દુનિયાના કેટલાક દેશો એવા છે, જ્યાં વિમાન ઉદ્યોગ માટે આવી મોટી સ્કેલ,નીતિ સ્થિરતા અને તકનીકી મહત્ત્વાકાંક્ષાઓ છે. ભારત વિમાન ક્ષેત્રમાં ખૂબ જ સારા સુધારા કરી રહ્યું છે. આ પ્રયાસોને લીધે ભારત ગ્લોબલ સાઉથ અને વિશ્વની વચ્ચે એક મોટો એવિએશન ગેટ-વે બનાવી રહ્યું છે. એવિએશન સેક્ટર સાથે જોડાયેલા રોકાણકારો અને નિર્માતાઓ માટે એક ખૂબ જ મોટી તક છે. પ્રધાનમંત્રી મોદીએ વિશ્વભરના રોકાણકારોને કહ્યું છે કે આ સુવર્ણ અવસરનો લાભ ઊઠાવો. અમારી આ વિકાસ યાત્રામાં એક દીર્ઘકાલીન ભાગીદાર બનીને વિશ્વના ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ માટે કામ કરો.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

## ઉડ્ડયન ક્ષેત્રમાં ભારતના લોંગ ટર્મ વિઝનથી સુવિધાઓ વધી

- ટિયર-2 અને ટિયર-3 શહેરોને એરપોર્ટ્સ સાથે જોડવામાં આવ્યા છે.
- વર્ષ 2014માં ભારતમાં 70 એરપોર્ટ્સ હતા, જે એક દાયકામાં વધીને હવે 160થી વધુ થઈ ગયા છે.
- ભારતના હવાઈ મુસાફરોની સંખ્યા 2014માં 10.3 કરોડથી વધીને 2025માં 35 કરોડથી વધુ થઈ ગઈ છે.
- દેશમાં 100થી વધુ એર ડોમ્સ એક્ટિવેટ કરાયા છે.
- ઉડાન સ્કીમને કારણે 1.5 કરોડ મુસાફરોએ એ રૂટ પર યાત્રા કરી છે જેમાં કેટલીક પહેલા અસ્તિત્વમાં જ હતી.



**એ દિવસ દૂર નથી, જ્યારે ભારતમાં ડિઝાઈન અને નિર્માણ કરાયેલા ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેક-ઓફ એન્ડ લેન્ડિંગ એરક્રાફ્ટ પર એવિએશન સેક્ટર નવી દિશા આપશે. આ ટેકનોલોજી આપણા ટ્રાવેલ ટાઈમને ઘણો ઓછો કરી શકે છે. અમે ટકાઉ વિમાન ઈંધણ પર પણ મોટું કામ કરી રહ્યા છીએ. આગામી થોડા વર્ષોમાં ભારત હરિત વિમાન ઈંધણનો એક મોટો નિર્માતા અને નિકાસકર્તા બનવા તરફ અગ્રેસર છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

હવાઈ યાત્રા જ છે. આવનારા સમયમાં હવાઈ યાત્રાની માંગમાં ઓર વધારો થનારો છે. એવામાં રોકાણ માટે વધુ અવસરો પેદા થનારા છે.

**ઉડ્ડયનની જરૂરિયાતો માટે બીજાઓ પર નિર્ભર ન રહો**

પ્રધાનમંત્રી મોદીએ વિંગ્સ ઈન્ડિયા 2026માં આગ્રહ કર્યો કે આજે જ્યારે ભારત એક મોટું વૈશ્વિક ઉડ્ડયન હબ બની રહ્યું છે, ત્યારે એ પણ જરૂરી છે કે આપણે એવિએશન સાથે જોડાયેલી જરૂરિયાતો માટે બીજાઓ પર નિર્ભર ન રહીએ. આપણે આત્મનિર્ભરતાનો રસ્તો મજબૂત કરવો જ પડશે. આ ભારતમાં ઈવેન્ટ કરવા આવી રહેલી કંપનીઓ માટે પણ મદદરૂપ હશે. એ જ વિચાર સાથે ભારત એરક્રાફ્ટ ડિઝાઈન, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ અને એરક્રાફ્ટ એમઆરઓ ઈકોસિસ્ટમ પર ભાર આપી રહ્યું છે. આજે પણ ભારત એરક્રાફ્ટ પાર્ટનું એક મોટું નિર્માતા અને આપૂર્તિકાર છે. ભારત મિલિટ્રી અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ દેશમાં બનાવવાનું શરૂ કરી રહ્યું છે. સિવિલ એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગની દિશામાં આગળ વધી રહ્યું છે. ■









ભારતીય ચૂંટણી પંચ

# લોકશાહીનો વૈશ્વિક અવાજ

***ભારત વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે. અંદાજે 97 કરોડ નોંધાયેલા મતદારો છે તો 700થી વધારે રાજકીય પક્ષો પણ છે. ભારતે આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી સહાય સંસ્થાઓના સભ્ય દેશોની પરિષદની અધ્યક્ષતા પણ સ્વિકારી છે. લોકશાહીની આ સમૃદ્ધ પરંપરા અને નિષ્પક્ષ, પારદર્શક અને લોકપ્રિય ચૂંટણી પ્રક્રિયાની વૈશ્વિક મંચ પર ભાગીદારી કરવાના ઉદ્દેશ્યથી ભારતીય ચૂંટણી પંચે 21 થી 23મી જાન્યુઆરી સુધી ત્રણ દિવસ ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપક સંમેલન 2026નું આયોજન કર્યું. આ આયોજનથી ચૂંટણી વ્યવસ્થાપનમાં ભારતની ભૂમિકા વધુ મજબૂતી તરફ....***

આંતરરાષ્ટ્રીય પરિષદે ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ, નીતિ-નિર્માતાઓ અને નિષ્ણાતોને એક સમાન-સામાન્ય મંચ પૂરો પાડ્યો છે. જયાં ચૂંટણી પ્રક્રિયાઓમાં નવીનતા, ટેકનોલોજીનો હસ્તક્ષેપ અને મતદારોની ભાગીદારી જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રકારની પહેલી પરિષદ હતી કે જેમાં 42 વિદેશી દૂતાવાસોના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધીઓ અને 27 દેશોના મિશન વડાઓ સહિત એક હજારથી વધુ પ્રતિનિધીઓએ ભાગ લીધો હતો. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે આ પરિષદ અંતર્ગત 32 દેશના ચૂંટણી વ્યવસ્થાપન વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં વૈશ્વિક ચૂંટણી અનુભવો અને નવીનતા પર વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી વ્યવસ્થાપન અને લોકશાહી સહયોગમાં ભારતની લાંબા સમયથી ચાલતી ભાગીદારીને વધુ મજબૂત કરવાનો હતો. ભારતે આમંત્રિત દેશોની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMB) ને તેના સંબંધિત દેશોના કાયદાઓ અનુસાર ECINET જેવા ટેકનિકલ પ્લેટફોર્મ વિકસાવવામાં સહયોગ આપવાની ઓફર કરી હતી. જેમાં અનેક ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓએ પોતાના દેશમાં આ જ પ્રકારનું ટેક્નોલોજીકલ સમાધાન અપનાવવા માટે ભારત સાથે સહયોગ કરવામાં રસ દાખવ્યો.

સમાપન સત્ર દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે દિલ્હી ઘોષણા પત્ર 2026 રજૂ કર્યું હતું, જેને તમામ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓએ સર્વાનુમતે સ્વિકાર્યું હતું. ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓએ ઘોષણાના પાંચ મુખ્ય સ્તંભો - મતદાર યાદીઓની ચકાસણી, ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન, સંશોધન અને પ્રકાશનો, ટેકનોલોજીનો ઉપયોગ અને તાલીમ અને ક્ષમતા નિર્માણ પર સામૂહિક રૂપે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તમામ

## મતદારો જ લોકશાહીની અસલી તાકાત

લોકશાહીમાં મતદારો સર્વોચ્ચ છે. તેમની ભાગીદારી વધારવા માટે ચૂંટણી પંચ સતત પ્રયાસો કરે છે. જેના અનુસંધાનમાં 25મી જાન્યુઆરીએ 16મો રાષ્ટ્રીય મતદાતા દિવસ 2026 ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પાંચ નવા નોંધાયેલા યુવા મતદારોને મતદાન ફોટો ઓળખપત્ર આપીને કહ્યું કે, આ ઓળખપત્ર તમને વિશ્વની સૌથી મોટી અને જીવંત લોકશાહીમાં સક્રિય ભાગીદારી કરવાનો અમૂલ્ય અધિકાર આપે છે. તમામ યુવા મતદારો ખૂબ જ જવાબદારી સાથે મતાધિકારનો ઉપયોગ કરીને રાષ્ટ્રીય નિર્માણમાં પોતાની ભાગીદારી નિભાવે. તેમણે ચૂંટણીમાં મોટી સંખ્યામાં મતદાન કરનારી માતા-બહેનોને અભિનંદન આપતાં કહ્યું કે, તેઓ લોકશાહીને વધુ શક્તિશાળી બનાવી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે આધુનિક લોકશાહીના સંદર્ભમાં બે તારીખ ખૂબ મહત્વપૂર્ણ છે. 26મી નવેમ્બર 1949, કે જે દિવસે બંધારણને સ્વિકારવામાં આવ્યું અને 26મી જાન્યુઆરી 1950 કે જે દિવસે બંધારણને સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવ્યું. બંધારણના માત્ર 16 અનુચ્છેદ એવા હતા કે જેને 26મી નવેમ્બર 1949ના દિવસથી જ તાત્કાલિક અમલમાં મૂકી દેવામાં આવ્યા હતા. તેમાંથી એક અનુચ્છેદ 324 પણ હતો, જે અંતર્ગત 26મી જાન્યુઆરી 1950 એટલે કે ગણતંત્રની સ્થાપનાના એક દિવસ અગાઉ જ 25મી જાન્યુઆરી 1950ના રોજ ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. જેના ઉપલક્ષ્યમાં લોકશાહીનો વિશેષ ઉત્સવ મનાવવામાં આવે છે. દેશમાં મતદારોની સંખ્યા 95 કરોડથી વધારે છે પરંતુ લોકશાહીની શક્તિ માત્ર સંખ્યાની વિશાળતામાં નહી પણ લોકશાહીની ભાવનાના ઉંડાણમાં રહેલી છે.

## 16મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

ભારતીય ચૂંટણી પંચે 25મી જાન્યુઆરીએ 16મો રાષ્ટ્રીય મતદાતા દિવસ (NVD-2026) ઉજવ્યો, જેનો વિષય "મારું ભારત મારો મત-ભારતીય લોકશાહીના કેન્દ્રમાં નાગરિક" રાખવામાં આવ્યો હતો. આ વિષય આપણી લોકશાહીની ભાવનાઓને વ્યક્ત કરે છે......

## વિવિધ શ્રેણીઓમાં મળેલા પુરસ્કાર

રાષ્ટ્રતિ દ્રૌપદી મૂર્મૂએ વિવિધ શ્રેણીઓમાં સર્વશ્રેષ્ઠ ચૂંટણી પ્રક્રિયાઓ માટે પુરસ્કારો પણ આપ્યા હતા. જેમાં બિહાર, કેરળ અને તામિલનાડુને ટેકનોલોજીના અસરકારક ઉપયોગ માટે, ઓરિસ્સા, મેઘાલય અને બિહારને ચૂંટણી વ્યવસ્થાપન અને લૉજિસ્ટિકની શ્રેણીમાં, ગુજરાત અને કેરળને રચનાત્મક મતદાર જાગૃતિ માટે, મિઝોરમ અને બિહારને આદર્શ આચારસંહિતાના અમલ અને પ્રવર્તન માટે, બિહાર, ઉત્તરપ્રદેશ અને ઝારખંડને તાલીમ અને ક્ષમતા વિકાસ માટે પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

## બે પ્રકાશનોનું વિમોચન

કાર્યક્રમ અંતર્ગત બે પ્રકાશનો 2025 - પહેલ અને નવીનતાઓનું વર્ષ અને ચૂંટણીનું પર્વ, બિહારનું ગર્વ-ગૌરવ કે જે બિહારમાં સામાન્ય ચૂંટણીના સફળ સંચાલન પર આધારિત પ્રકાશન છે, તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં 2025 દરમિયાન ચૂંટણી પ્રણાલીને મજબૂત કરવા માટે કરવામાં આવેલા 30થી વધારે પ્રયાસોનું દસ્તાવેજીકરણ પણ કરવામાં આવ્યું છે.






"આજના મતદારો ભારતના ભવિષ્યના નિર્માતા પણ છે. મતદાનનો અધિકાર જેટલો મહત્વપૂર્ણ છે એટલું જ મહત્વપૂર્ણ એ પણ છે કે, પુખ્ત નાગરિક પોતાના બંધારણીય કર્તવ્યોને ધ્યાનમાં રાખીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરે. હું આશા રાખુ છું કે, આપણા તમામ મતદાતા લાલચ, અજ્ઞાનતા, ખોટી માહિતી, દુષ્પ્રચાર અને પૂર્વગ્રહથી મુક્ત થઈને, પોતાના સ્વ-વિવેકના આધારે આપણી ચૂંટણી વ્યવસ્થાને મજબૂત બનાવી રાખશે. - દ્રૌપદી મૂર્મૂ, રાષ્ટ્રપતિ

સહભાગીઓએ પોતાની પ્રગતિની સમયાંતરે સમીક્ષા કરવાનો સંકલ્પ પણ કર્યો હતો. સંમેલનમાં 3, 4 અને 5 ડિસેમ્બર 2026 ના રોજ દિલ્હી સ્થિત ભારતીય આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા (IIIDEM) માં બેઠક યોજવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ■

રાષ્ટ્રપતિનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો






**નિયુક્તિ પત્ર**

# રાષ્ટ્રનિર્માણનો નિમંત્રણ પત્ર

***ભારત આજે દુનિયાના સૌથી યુવાન દેશો પૈકીનો એક છે. જેને કારણે કેન્દ્ર સરકારનો સતત પ્રયાસ છે કે ભારતની યુવાશક્તિ માટે દેશ વિદેશમાં નવા નવા અવસરો અને તકો ઉભી થાય. જેના અંતર્ગત 24મી જાન્યુઆરીએ 61 હજારથી વધારે યુવાનોને રોજગાર મેળામાં સરકારી સેવાઓ માટે નિયુક્તિપત્રો આપવામાં આવ્યા હતા. નિયુક્તિપત્ર વિતરણ સમયે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે તમને બધાને સરકારી સેવાઓ માટેના નિયુક્તિપત્રો મળ્યા છે, જે એક રીતે રાષ્ટ્રનિર્માણનું આમંત્રણ પત્ર છે. આ વિકસિત ભારતને ગતિ આપવાનો સંકલ્પપત્ર પણ છે.....***

યુવાનોને કૌશલ્ય સાથે જોડવા અને તેમને રોજગાર અને સ્વરોજગારની તક આપવી એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા રહી છે. જેના અનુસંધાનમાં સરકારી ભરતીઓને મિશન મોડ પર લાવવા માટે રોજગાર મેળાઓની શરૂઆત કરવામાં આવી છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં રોજગાર મેળા એ એક સંસ્થાગત માળખું બની ચૂકી છે. જેના માધ્યમથી લાખો યુવાનોને સરકારના અલગ અલગ વિભાગોમાં નિમણૂકપત્રો મળી ચૂક્યા છે. રોજગાર મેળા હેઠળ નિયુક્તિપત્ર વિતરણ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તમારામાંથી ઘણા સાથીઓ દેશની સુરક્ષાને મજબૂત કરશે. એજ્યુકેશન એટલે કે શિક્ષણ અને હેલ્થકેર ઈકોસિસ્ટમને વધારે મજબૂત કરશે. કેટલાક સાથીઓ નાણાકીય સેવાઓ અને ઊર્જા સુરક્ષાને મજબૂત કરશે તો કેટલાક યુવાનો સરકારી કંપનીઓની વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા નિભાવશે. હું તમને બધાને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. રોજગાર મેળામાં આઠ હજારથી વધારે યુવતીઓને પણ નિમણુકપત્રો મળ્યા છે. છેલ્લા 11 વર્ષમાં દેશની વર્કફોર્સમાં મહિલા ભાગીદારીમાં બે ગણો વધારો થયો છે. સરકારની મુદ્રા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાઓનો મોટો લાભ મહિલાઓને થયો છે. મહિલા સ્વ-રોજગારની ટકાવારીમાં 15 ટકાનો વધારો થયો છે.

### યુવાનોને મળતા નવા નવા અવસરો

છેલ્લા કેટલાય વર્ષોમાં ભારતે આધુનિક માળખાકીય સુવિધા માટે અભૂતપૂર્વ રોકાણ કર્યું છે. જેના કારણે કન્સ્ટ્રક્શનથી જોડાયેલા દરેક ક્ષેત્રમાં રોજગાર ખૂબ વધ્યો છે. ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનો વ્યાપ પણ ઝડપથી આગળ વધી રહ્યો છે.

## રોજગાર મેળાના માધ્યમથી

## 11 લાખથી વધારે ભરતીપત્રો અપાયા

- રોજગાર મેળાની શરૂઆત પછી દેશભરમાં આયોજીત રોજગાર મેળાઓના માધ્યમથી 11 લાખથી વધારે ભરતીપત્રો આપવામાં આવ્યા છે.
- દેશભરમાં 45 સ્થળોએ 18મા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું
- ભારતના દરેક ભાગોમાંથી પસંદ કરાયેલા નવનિયુક્ત ઉમેદવારો ગૃહ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ વગેરે ભારત સરકારના જુદા જુદા મંત્રાલયો અને વિભાગોમાં કાર્યભાર સંભાળશે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

***આજે ભારત પર જે રીતે દુનિયાનો ભરોસો વધી રહ્યો છે, તે પણ યુવાનો માટે અનેક નવી તકો સર્જી રહ્યો છે. ભારતે એક દાયકામાં પોતાની જીડીપીને બમણી કરી છે. વર્ષ 2014થી અગાઉના દસ વર્ષની સરખામણીમાં ભારતમાં અઢી ગણાથી વધુ એફડીઆઇ આવ્યું છે. વધારે વિદેશી રોકાણનો અર્થ છે કે, ભારતના યુવાનો માટે રોજગારના અસંખ્ય અવસરો....***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

## યુવાનોને સરકારી નોકરી આપવા માટે રોજગાર મેળા

| ક્યારે થયો | નિમણૂકપત્ર આપ્યા |
|---|---|
| 22 ઓક્ટોબર 2022 | 75 હજારથી વધુ |
| 22 નવેમ્બર 2022 | 71 હજારથી વધુ |
| 20 જાન્યુઆરી 2023 | 71 હજારથી વધુ |
| 13 એપ્રિલ 2023 | 71 હજારથી વધુ |
| 16 મે 2023 | 70 હજારથી વધુ |
| 13 જૂન 2023 | 70 હજારથી વધુ |
| 22 જુલાઈ 2023 | 70 હજારથી વધુ |
| 28 ઓગસ્ટ 2023 | 51 હજારથી વધુ |
| 26 સપ્ટેમ્બર 2023 | 51 હજારથી વધુ |
| 28 ઓક્ટોબર 2023 | 51 હજારથી વધુ |
| 30 નવેમ્બર 2023 | 51 હજારથી વધુ |
| 12 ફેબ્રુઆરી 2024 | 1 લાખથી વધુ |
| 29 ઓક્ટોબર 2024 | 51 હજારથી વધુ |
| 23 ડિસેમ્બર 2024 | 71 હજારથી વધુ |
| 26 એપ્રિલ 2025 | 51 હજારથી વધુ |
| 12 જુલાઈ 2025 | 51 હજારથી વધુ |
| 24 ઓક્ટોબર 2025 | 51 હજારથી વધુ |
| 24 જાન્યુઆરી 2026 | 61 હજારથી વધુ |

આજે દેશમાં અંદાજે બે લાખ જેટલા સ્ટાર્ટઅપ છે. જેમાં 21 લાખથી વધારે યુવાઓ કામ કરે છે. આજ પ્રકારે, ડિજિટલ ઇન્ડિયાએ એક નવી અર્થવ્યવસ્થાનું વિસ્તરણ કર્યું છે. એનિમેશન, ડિજિટલ મીડિયા જેવા અનેક ક્ષેત્રોમાં ભારત એક વૈશ્વિક હબ એટલે કે વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે. ભારતની ક્રિએટર ઇકોનોમી ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. તેમાં પણ યુવાનોને નવી નવી તકો મળી રહી છે.

**ભારત મોટી મેન્યુફેક્ચરિંગ શક્તિ બની રહ્યુ છે**

આજે ભારત એક મોટી મેન્યુફેક્ચરિંગ શક્તિ બની રહ્યું છે. ઇલેક્ટ્રોનિક્સ, દવાઓ, વેક્સિન, ડિફેન્સ, ઓટો જેવા ક્ષેત્રમાં ભારતના ઉત્પાદન અને નિકાસ, બંનેમાં અભૂતપૂર્વ વૃદ્ધિ થઇ રહી છે. 2014 પછીના ભારતમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં છ ગણો વધારો થયો છે. આજે આ ઉદ્યોગનું કદ 11 લાખ કરોડ રૂપિયાથી વધારે થઇ ગયું છે. ઇલેક્ટ્રોનિક્સ નિકાસ પણ ચાર લાખ કરોડ રૂપિયાથી વધુ થઇ ચુકી છે. ભારતની ઓટો ઇન્ડસ્ટ્રી પણ સૌથી વધુ વિકસતા ક્ષેત્રો પૈકીની એક બની ગઇ છે. વર્ષ 20025માં ટુ વ્હીલરની વેચાણ સંખ્યા બે કરોડને પાર કરી ચૂકી છે. ■



પરાક્રમ દિવસ

# રાષ્ટ્રીય ચેતનાનો ઉત્સવ

*નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું નામ એવું છે જેમના સ્મરણ માત્રથી મનમાં દેશ પ્રેમનો જુસ્સો ઉમટી પડે છે. તેમણે યુવાનોને સંગઠિત કરીને આઝાદ હિન્દ ફોજ બનાવી પ્રથમ સૈન્ય અભિયાન ચલાવ્યું. આંદામાન-નિકોબારમાં તિરંગો ફરકાવીને વર્ષ 1943માં જ આઝાદ ભારતની ઘોષણા કરી દીધી. તેમની જયંતી 23 જાન્યુઆરીને દેશ વર્ષ 2021થી પરાક્રમ દિવસના રૂપમાં ઉજવે છે. આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહમાં પરાક્રમ દિવસ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પરાક્રમ દિવસ, દેશની રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રીય ચેતનાનો હિસ્સો બની ગયો છે એક અભિન્ન પર્વ...*

નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આઝાદીની લડતના મહાનાયકની સાથે જ સ્વતંત્ર ભારતના મહાન સ્વપ્નદ્રષ્ટા હતા. તેમણે એક એવા ભારતની કલ્પના કરી હતી, જેનું સ્વરૂપ આધુનિક હોય અને તેનો આત્મા ભારતની પુરાતન ચેતનાથી જોડાયેલો હોય. નેતાજીના આ વિઝનથી આજની પેઢીને પરિચિત કરવી આપણા તમામની જવાબદારી છે. કેન્દ્ર સરકાર આ જવાબદારીને ખૂબ સારી રીતે નિભાવી રહી છે. કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે તેમના પર કરાયેલા વિભિન્ન કાર્ય માત્ર નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું સન્માન જ નથી પરંતુ તે યુવા પેઢી અને ભવિષ્યની અમર પ્રેરણાનો સ્ત્રોત પણ છે. પોતાના આદર્શોનું આ સન્માન તેમનામાંથી પ્રેરણા, આ જ વિકસિત ભારતના આપણા સંકલ્પને ઊર્જા અને આત્મવિશ્વાસથી ભરી રહી છે.

એક નબળા રાષ્ટ્ર માટે પોતાના લક્ષ્યો સુધી પહોંચવું મુશ્કેલ હોય છે. એટલે નેતાજી સુભાષે હંમેશા સશક્ત રાષ્ટ્રનું સપનું જોયું. પીએમ મોદીએ કહ્યું કે આજે 21મી સદીનું ભારત પણ એક સશક્ત અને દ્રઢ રાષ્ટ્રના રૂપે પોતાની ઓળખ બનાવી રહ્યું છે. ભારત આજે શક્તિ વધારવાનું, શક્તિ સંભાળવાનું અને તેનો ઉપયોગ કરવાનું પણ જાણે છે. નેતાજી સુભાષના સમર્થ ભારતના વિઝન પર ચાલતા ચાલતા આજે આપણે ડિફેન્સ સેક્ટરને આત્મનિર્ભર બનવવામાં લાગ્યા



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો.

# નેતાજીના જીવન અને આદર્શોને લોકપ્રિય બનાવવાના પ્રયાસ

- પીએમ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આઈટી ક્ષેત્રને રૂપાંતરિત કરનારી નેતાજીથી જોડાયેલી એક અગ્રણી ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના 23 જાન્યુઆરી 2009ના રોજ લોન્ચ કરી હતી.
- પીએમ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 2012માં આઝાદ હિન્દ ફોજ દિવસ પર અમદાવાદમાં એક મોટા કાર્યક્રમનું આયોજન કર્યું હતું.
- નેતાજી સંબંધિત ફાઈલો અને દસ્તાવેજોને સાર્વજનિક કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2018માં આઝાદ હિન્દ સરકારની સ્થાપના કરી 75મી વર્ષગાંઠ લાલ કિલ્લા પર ઉજવાઈ. ત્યાં પીએમ મોદીએ તિરંગો ફરકાવ્યો.
- આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહના શ્રીવિજયપુરમ (તે વખતના પોર્ટ બ્લેર) માં નેતાજી દ્વારા ત્યાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની 75મી વર્ષગાંઠના અવસર ઉપર તિરંગો ફરકાવવામાં આવ્યો.
- આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહના ત્રણ પ્રમુખ દ્વિપોના નામ બદલાવવામાં આવ્યા. તેમાં રૉસ દ્વિપને હવે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વિપના નામે ઓળખવામાં આવે છે.
- લાલ કિલ્લામાં સ્થિત ક્રાંતિ મંદિર સંગ્રહાલયમાં નેતાજી અને ઈન્ડિયન નેશનલ આર્મીથી સંબંધિત મહત્વપૂર્ણ ઐતિહાસિક સામગ્રી રાખવામાં આવી છે. તેમાં નેતાજી દ્વારા પહેરાયેલી ટોપીનો પણ સમાવેશ છે.
- 2021માં ભારત સરકારે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જયંતીને પરાક્રમ દિવસના રૂપમાં ઘોષિત કર્યો.
- 13મી સપ્ટેમ્બર, 2024ના રોજ આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહની રાજધાની પોર્ટ બ્લેરનું નામ બદલીને 'શ્રીવિજયપુરમ' કરવાનો નિર્ણય લેવાયો.
- વસાહતી માનસિકતાને છોડવા અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝ પ્રત્યે શ્રદ્ધાંજલિના રૂપે ઈન્ડિયા ગેટની પાસે તેમની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી.

**"નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જયંતી પર આપણે તેમના અડગ સાહસ, સંકલ્પ અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અદ્વિતીય યોગદાનને યાદ કરીએ છીએ. તેમણે નીડર નેતૃત્વ અને અટલ દેશભક્તિનું પ્રતીક પ્રસ્તુત કર્યું. તેમના આદર્શો ભાવિ પેઢીઓને એક મજબૂત ભારત બનાવવા માટે પ્રેરિત કરતા રહે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## પરાક્રમ દિવસ

- તે વારસાને નમન, જેણે અસંભવને પડકાર આપ્યો.
- તે સાહસની યાદ, જેણે ઈતિહાસની ધારા બદલી.
- તે મૂલ્યોની પુનઃપુષ્ટિ, જેમણે ભારતની આઝાદીની લડાઈને આકાર આપ્યો.

છીએ. અગાઉ ભારત માત્ર વિદેશોથી મંગાવેલા હથિયારો પર આશ્રિત રહેતો હતો. જયારે આજે રક્ષા નિકાસ 23 હજાર કરોડને પાર કરી ચૂકેલી છે. ભારતમાં બનેલી બ્રહ્મોસ અને બીજી મિસાઈલો, કેટલાય દેશોનું ધ્યાન ખેંચી રહી છે.

**સુભાષ ચંદ્ર બોઝ આપત્તિ પ્રબંધન પુરસ્કાર - 2026**

સિક્કિમ રાજ્ય આપત્તિ પ્રબંધન પ્રાધિકરણને સંસ્થાગત શ્રેણી અને લેફ્ટનન્ટ કર્નલ સીતા અશોક શેલ્કેને વ્યક્તિગત શ્રેણીમાં સુભાષ ચંદ્ર બોઝ આપત્તિ પ્રબંધન પુરસ્કાર-2026ને માટે ચૂંટવામાં આવ્યા. ભારત સરકારે આપત્તિ પ્રબંધનના ક્ષેત્રમાં ભારતમાં વ્યક્તિગત અને સંગઠનો દ્વારા અપાયેલા અમૂલ્ય યોગદાન અને નિસ્વાર્થ સેવાને ઓળખવા અને સન્માનિત કરવા માટે સુભાષ ચંદ્ર બોઝ આપત્તિ પુરસ્કારની સ્થાપના કરી છે. સાથે જ દેશમાં આપત્તિ પ્રબંધનની પદ્ધતિઓ, તૈયારીઓ, આપત્તિમાં ઘટાડા અને આપત્તિને પહોંચવાની રીતભાતમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. તેના પરિણામ સ્વરૂપ પ્રાકૃતિક આપત્તિઓ દરમિયાન મૃત્યુ દરમાં ઘણો ઘટાડો થયો છે.

**13 સ્થળો પર પરાક્રમ દિવસનું આયોજન**

આંદામાન તેમજ નિકોબાર દ્વિપ સમૂહમાં આયોજિત મુખ્ય સમારોહની સાથે-સાથે, પરાક્રમ દિવસ દેશભરના 13 પ્રમુખ સ્થાન કટક, કોડાલિયા, રામગઢ, હરિપુરા, જબલપુર, કોલકાતા, મુર્શિદાબાદ, ડેલહાઉસી, દિલ્હી, મોઈરાંગ, કોહિમા, ગોમો અને મેરઠમાં પણ ઉજવાયો. આ સ્થાન નેતાજીના જીવન અને વારસાથી નજીકથી જોડાયેલા છે. ■




રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ

# આત્મવિશ્વાસી-અનુશાસિત યુવા શક્તિ

***નેશનલ કેડેટ કોર્પ્સ (એનસીસી) એક એવું સંગઠન, એક એવું આંદોલન છે જે ભારતની યુવાશક્તિને આત્મવિશ્વાસી, અનુશાસિત-સંવેદનશીલ અને રાષ્ટ્રને માટે સમર્પિત નાગરિક બનાવે છે. એનસીસીમાં સામેલ થનારાની સંખ્યા વીતેલા વર્ષોમાં 14 લાખથી વધીને 20 લાખ સુધી પહોંચી ગઈ છે. એનસીસી ગણતંત્ર દિવસ શિબિર 2026ના સમાપન પર દિલ્હીના કરિયાપ્પા પરેડ ગ્રાઉન્ડમાં આયોજિત વાર્ષિક એનસીસી પીએમ રેલીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - એનસીસી દરેક વર્ષે પોતાની ભૂમિકાને કરી રહ્યું છે વધુ ને વધુ સશક્ત***

એનસીસી, યુવાઓનો મંચ છે. આ મંચ પર પોતાના વારસાને ગૌરવની સાથે જીવાય છે. જેમ આ વર્ષે વંદે માતરમના 150 વર્ષ પૂરા થવાનો ઉત્સવ એનસીસીએ પૂરા જોશથી ઉજવ્યો. પરમવીર સાગર યાત્રા પણ તેનું જ એક ઉત્તમ ચઢિયાતું ઉદાહરણ છે. એનસીસી રેલીમાં પરમવીર સાગર યાત્રાને લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપ સહુ જાણો છો કે કેટલાક વર્ષ અગાઉ સરકારે આંદામાન અને નિકોબારના 21 દ્વિપોને પરમવીર ચક્ર વિજેતાઓના નામ આપ્યા હતા. તેની પાછળ રાષ્ટ્ર-નાયકોને સન્માન આપવાનો જે ભાવ હતો, તેને નૌકાયાન અભિયાનથી આગળ ધપાવવામાં આવ્યો છે. આવી જ રીતે લક્ષદ્વિપમાં દ્વિપ-ઉત્સવના માધ્યમથી આપણા સાગર, સંસ્કૃતિ, પ્રકૃતિ સહુને એક સાથે સેલિબ્રેટ કરાયા છે.

પીએમ મોદીએ એનસીસી કેડેટની પ્રશંસા કરતા કહ્યું કે એનસીસીએ ઈતિહાસને સ્મારકોથી કાઢીને એક-એક વ્યક્તિના હૃદયમાં જીવંત કર્યું છે. એનસીસીએ બાજીરાવ પેશ્વાની વીરતા, મહાયોદ્ધા લસિત બોરફૂકનની કુશળતા અને ભગવાન બિરસા મુંડાના નેતૃત્વને પોતાની સાયકલ રેલીના માધ્યમથી જન ચેતના જગાડવાનું કામ કર્યું. આજે સમગ્ર વિશ્વ યુવા ભારતના યુવાનો તરફ અત્યંત ભરોસાથી જોઈ રહી છે. આ ભરોસાનું કારણ છે, કૌશલ્ય અને સંસ્કાર. ભારતના યુવાઓની પાસે લોકતંત્રના સંસ્કાર છે, દરેક પ્રકારની વિવિધતાને સન્માન આપવાના સંસ્કાર છે, સાથે જ સમગ્ર દુનિયાને એક પરિવાર માનવાના સંસ્કાર છે. પ્રધાનમંત્રી મોદીએ રેલીમાં કહ્યું કે આથી જ ભારતના યુવાનો ક્યાંય પણ જાય છે તો તે દેશના લોકોની સાથે આસાનીથી હળી-મળી જાય છે, તેમના હૃદયને જીતી લે છે. આપણે આપણા સામર્થ્યથી તે દેશના વિકાસમાં મદદ કરીએ



## એનસીસી કેડેટ્સની સંખ્યા 20 લાખ

વીતેલા વર્ષોમાં એનસીસી કેડેટ્સની સંખ્યા 14 લાખથી વધીને 20 લાખ થઈ ગઈ છે. ખાસ કરીને સરહદી વિસ્તારો અને તટીય ક્ષેત્રમાં એનસીસી કેડેટ્સની સંખ્યામાં ઘણો વધારો થયો છે. એનસીસીએ 'એક પેડ મા કે નામ' ના અભિયાન અંતર્ગત લગભગ આઠ લાખ છોડ પણ વાવ્યા છે.

## રેલીની થીમ
## 'રાષ્ટ્ર પ્રથમ-કર્તવ્ય નિષ્ઠ યુવા'

- વાર્ષિક એનસીસી પીએમ રેલી 2026નો વિષય 'રાષ્ટ્ર પ્રથમ-કર્તવ્ય નિષ્ઠ યુવા' રહ્યો, જે ભારતના યુવાનોમાં કર્તવ્ય, અનુશાસન અને રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાની ભાવનાને દર્શાવે છે.
- એનસીસી પીએમ રેલી, મહિના સુધી ચાલનારા એનસીસી ગણતંત્ર દિવસ શિબિર 2026ના સમાપનનું પ્રતીક.
- આ વર્ષે દેશભરથી 2406 એનસીસી કેડેટ્સે શિબિરમાં ભાગ લીધો. તેમાં 898 છાત્રા કેડેટ પણ સમાવિષ્ટ હતી. રેલીમાં 21 અન્ય દેશોના 207 યુવાનો અને અધિકારી પણ સામેલ થયા.
- રેલીમાં એનસીસી કેડેટ, રાષ્ટ્રીય રંગશાળા અને રાષ્ટ્રીય સેવા યોજનાના સભ્યોએ સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે રાષ્ટ્ર નિર્માણ, સામાજિક સેવા અને ચરિત્ર વિકાસમાં યુવાઓની ભૂમિકાને પ્રદર્શિત કરી.

> **આપણા દેશમાં યુવાનોના જે અચીવમેન્ટ્સ છે, તેને સમગ્ર દુનિયા વખાણી રહી છે. આ યુવાઓને કારણે જ ભારત દુનિયામાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનું પીઠબળ બની ગયું છે. હવે આ જ નવયુવાનોની શક્તિથી સ્ટાર્ટઅપ, સ્પેસ, ડિજિટલ ટેક્નોલોજી, દરેક ડોમેઈનમાં એક નવું રિવોલ્યૂશન શરૂ થયું છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો આખો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

છીએ. આ જ આપણા સંસ્કાર છે, આ જ આપણો સ્વભાવ છે. માતૃભૂમિ પ્રત્યે અપાર શ્રદ્ધા અને કર્મભૂમિ પ્રત્યે અપ્રતિમ સમર્પણ, આ આપણો વારસો છે.

### યુવાનોને ફિટનેસનો મંત્ર

યુવાશક્તિની બહુ મોટી કસોટી એ છે કે આપણે આવનારા સમયમાં કેટલા વધુ ફિટ હોઈશું. ફિટનેસ માત્ર થોડી મિનિટોના વ્યાયામ સુધી સિમિત નથી. તે આપણા સ્વભાવમાં આવવી જોઈએ. ખાનપાનથી લઈને દિનચર્યા સુધી એક અનુશાસિત જીવનશૈલી પણ જરૂરી છે. એનસીસી ફિટ ઈન્ડિયા કેમ્પેઈનને આગળ વધારી રહ્યું છે. એનસીસીના કેડેટ્સે સ્પોર્ટ્સમાં પણ સારું પ્રદર્શન કર્યું છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુવાઓને અપીલ કરી પોતાના ખાવાના તેલમાં ઘટાડો કરવાનો પ્રયાસ કરો. મેં થોડા સમય પહેલા ખાવામાં તેલની માત્રા 10 ટકા ઓછી કરવાનો આગ્રહ કર્યો હતો. આજે આપ તમામ યુવાનોને હું ફરીથી તે જ આગ્રહ પુનરાવર્તિત કરું છું.

### પીએમ મોદીનો એનસીસીથી મજબૂત થયો રાષ્ટ્ર પ્રથમનો ભાવ

રાષ્ટ્રીય સુરક્ષાથી જોડાયેલા ઑપરેશન સિંદૂરની મહત્વપૂર્ણ પળમાં એનસીસી કેડેટ્સે પોતાની જવાબદારીઓ ખૂબ સારી રીતે સંભાળી. કોઈએ સેનાની તૈયારીઓમાં સહયોગ આપ્યો, કોઈએ રક્તદાન શિબિર લગાવી. કોઈએ પ્રાથમિક ચિકિત્સા શિબિરના માધ્યમથી સેવા કરી. એનસીસીમાં પરેડ ગ્રાઉન્ડની ટ્રેનિંગની સાથે જ નેશન ફર્સ્ટ (રાષ્ટ્ર પ્રથમ)ના વિચાર પ્રવાહની પણ ટ્રેનિંગ હોય છે. એનસીસીથી મળેલી આ જ દેશભક્તિ અને નેતૃત્વ અઘરા સમયમાં દેશ પ્રત્યે પૂરી શક્તિથી કામ કરવાની પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે હું એનસીસીમાં હતો, ત્યારે મારો પણ નેશન ફર્સ્ટનો ભાવ આમ જ મજબૂત થયો હતો. આજે હું આપને પણ એનસીસીમાં આ જ શીખતો જોઈ રહ્યો છું, ગર્વનો અનુભવ કરી રહ્યો છું. ■




ભારતનું નવું ઊર્જા વિઝન

# માત્ર ઊર્જા સુરક્ષા નહી...
# આત્મનિર્ભરતાનું મિશન

***ભવિષ્યની જરૂરિયાતો અને પડકારોને ધ્યાનમાં રાખીને ભારત હવે માત્ર ઊર્જા સુરક્ષા નહી પરંતુ ઊર્જા આત્મનિર્ભરતાની દિશામાં કામ કરી રહ્યું છે. ભારતમાં ઊર્જા ક્ષેત્રમાં વિશાળ તકો છે અને આ જ કારણથી 27 થી 30મી જાન્યુઆરી સુધી ગોવામાં આયોજીત ભારત ઊર્જા સપ્તાહ 2026માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક પ્રતિનિધિઓને મેક ઇન ઈન્ડિયા, ઈનોવેટ ઇન ઈન્ડિયા, સ્કેલ વીથ ઈન્ડિયા, ઈન્વેસ્ટ ઇન ઈન્ડિયા માટે આહ્વાન કર્યું.***

ભારતમાં ઊર્જા આત્મનિર્ભરતા હવે કોઈ વિકલ્પ નથી રહી પરંતુ એક આર્થિક, વ્યૂહાત્મક અને ભૂ-રાજકીય જરૂરિયાત બની ગઈ છે. આ જ કારણ છે કે ભારત હરિત અને સ્વચ્છ ઊર્જાને માત્ર ઝડપથી અપનાવી નથી રહ્યું પરંતુ ઉત્પાદન ક્ષમતાના મોટા લક્ષ્ય રાખીને તેને સમય કરતાં વહેલાસર હાંસલ પણ કરી રહ્યું છે. ભારત ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાના મિશન પર છે અને વિદેશી ઈંધણ પર નિર્ભરતા ઓછી કરી રહ્યું છે. ઊર્જાના ક્ષેત્રમાં ભાગીદારી અને રોકાણ આકર્ષિત કરવા માટેના પ્રયાસો પર પણ કામ થઈ રહ્યું છે. ભારત ઊર્જા ક્ષેત્રમાં એક એવી ઈકોસિસ્ટમ વિકસાવી રહ્યું છે જે દેશની સ્થાનિક જરૂરિયાતને પૂરી કરી શકે અને ઓછી ખર્ચાળ રિફાઈનિંગ અને પરિવહન સંબંધિત મુશ્કેલીઓ દૂર કરીને દુનિયા માટે નિકાસને વધુ સ્પર્ધાત્મક બનાવી શકે.


ભારત આજે પ્રત્યેક ક્ષેત્રમાં વૈશ્વિક ભાગીદારી વધારવાની દિશામાં સતત કામગીરી કરી રહ્યું છે. આ ભાગીદારીને વધારવાની દિશામાં આયોજીત ભારત ઊર્જા સપ્તાહ 2026 માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતમાં એનર્જી વેલ્યુ ચેઈનથી જોડાયેલા અલગ અલગ ક્ષેત્રોમાં રોકાણની વિશેષ શક્યતાઓ છે. ભારતે પોતાના એક્સપ્લોરેશન સેક્ટરને ઘણું ઓપન કરી દીધું છે. ડીપ-સી



“

**ભારત આજે રિફોર્મ એક્સપ્રેસ પર સવાર છે. દરેક ક્ષેત્રમાં ઝડપથી સુધારા કરી રહ્યું છે. ડોમેસ્ટિક હાઈડ્રોકાર્બનને સશક્ત બનાવવા માટે સુધારા કરવામાં આવી રહ્યાં છે. વૈશ્વિક સહયોગ માટે પારદર્શક અને રોકાણકારો માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. અમે એક્સપ્લોરેશન સેક્ટરમાં નો-ગો વિસ્તાર ઘણો ઘટાડ્યો છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

## ભારતના ઊર્જા ક્ષેત્રમાં રોકાણ ફાયદાકારક

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારત ઊર્જા સપ્તાહ 2026માં ભાગ લેનારા 125 દેશના પ્રતિનિધિઓને કહ્યું કે ભારત ઊર્જા ક્ષેત્રમાં રોકાણને અત્યંત ફાયદાકારક બનાવે છે. દેશમાં ઘણી મોટી સંશોધન ક્ષમતા પણ ઉપલબ્ધ છે, ભારત આ મામલામાં વિશ્વમાં બીજા નંબર પર છે અને ઝડપથી પહેલા નંબરે હશે. આજે ભારતની રિફાઈનિંગ ક્ષમતા અંદાજે 260 MMTPA છે જેને 300 MMTPA સુધી લઈ જવા માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારતે કુલ ઊર્જા માગમાંથી 15 ટકા લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) થી પૂરી કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, એલએનજીના સંપૂર્ણ વેલ્યૂ ચેઈન પર કામ કરવાની જરૂર છે. એલએનજી ટ્રાન્સપોર્ટેશન માટે જે વેસલ્સની જરૂરિયાત છે, તેને ભારતમાં જ બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. હાલમાં જ ભારતમાં શિપ બિલ્ડિંગ માટે 70 હજાર કરોડ રૂપિયાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. એલએનજીના પરિવહન માટે ભારતમાં બહુ મોટી પાઈપલાઈનની પણ જરૂરિયાત છે.

## વિશ્વના 150થી વધુ દેશો સુધી ભારતની નિકાસ પહોંચ

ભારત ઊર્જા ક્ષેત્ર માટે વિશાળ તકોની ધરતી છે. ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે, જેને કારણે ઊર્જા ઉત્પાદનોની માગ સતત વધી રહી છે. આ સિવાય ભારત વિશ્વની માગ પૂરી કરવા માટે પણ ઉત્તમ તકો પ્રદાન કરે છે. આજે ભારત વિશ્વમાં પેટ્રોલિયમ ઉત્પાદનના મોખરાના પાંચ નિકાસકારો પૈકીનું એક છે. વિશ્વના 150થી વધુ દેશ સુધી નિકાસ કવરેજ છે. પ્રધાનમંત્રી મોદીએ રોકાણકારોને કહ્યું કે ભારતની આ ક્ષમતા ખૂબ ઉપયોગી સાબિત થવાની છે. ભારત ઊર્જા સપ્તાહ 2026નું પ્લેટફોર્મ ભાગીદારી શોધવા માટેનું ઉત્તમ સ્થળ છે.

એક્સપ્લોરેશનથી જોડાયેલું મિશન પણ તેમાં જ છે. ભારત આ દાયકાના અંત સુધીમાં પોતાના તેલ અને ગેસ ક્ષેત્રમાં રોકાણને 100 અબજ ડૉલર સુધી લઈ જવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેનો વ્યાપ 10 લાખ વર્ગ કિલોમીટર સુધી વધારવાનો લક્ષ્ય છે. આ જ વિચાર સાથે આપણા 170થી વધુ બ્લોક્સ ફાળવી દેવામાં આવ્યા છે. આંદામાન અને નિકોબારનું બેસિન પણ દેશ માટે આગામી હાઈડ્રોકાર્બન આશાનું કેન્દ્ર બની રહ્યું છે. ■




# રણનીતિક ભાગીદારીથી વિકાસને તેજી

*છેલ્લા કેટલાક વર્ષોમાં સંયુક્ત આરબ અમિરાત અને ભારતના સંબંધો નવી ઊંચાઈને સ્પર્શ્યા છે. આ જ ક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર સંયુક્ત આરબ અમિરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન 19મી જાન્યુઆરીએ ભારતની યાત્રા પર આવ્યા. કેટલાક કલાકોની આ યાત્રામાં બંને દેશો વચ્ચે થયા કેટલાય મહત્વપૂર્ણ કરારો*

ભારત અને સંયુક્ત આરબ અમિરાત, રણનીતિક ભાગીદારી, વેપાર, રોકાણ, ઊર્જા, રક્ષા અને નવીનીકરણના ક્ષેત્રોમાં સહયોગને સતત મજબૂતી આપી રહ્યા છે. સંયુક્ત આરબ અમિરાત (યુએઈ) ના રાષ્ટ્રપતિની આ યાત્રા માત્ર ઔપચારિક શિષ્ટાચાર નહીં, બલ્કે સહકારી સમૃદ્ધિ, તકનીકી સહયોગ અને નાગરિક સંબંધોને વધુ સશક્ત કરવામાં નિર્ણાયક પગલું છે. બંને દેશોના સંબંધોની મહત્તા તેનાથી પણ સમજી શકાય છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પોતે દિલ્હીના હવાઈ મથક પર યુએઈના રાષ્ટ્રપતિનું સ્વાગત કરવા પહોંચ્યા. આ યાત્રા બંને દેશોની મજબૂત મિત્રતા પ્રત્યેના મહત્વને દર્શાવે છે. બંને દેશોના સંબંધની ઊંચાઈને આનાથી પણ સમજી શકાય છે કે છેલ્લા દસ વર્ષમાં શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનની ભારતની આ પાંચમી યાત્રા હતી, જ્યારે રાષ્ટ્રપતિના રૂપમાં ત્રીજી સત્તાવાર મુલાકાત રહી.

બેઠક બાદ બંને નેતાઓએ સંયુક્ત વક્તવ્યમાં વર્ષ 2022માં વ્યાપક આર્થિક કરારો (સીપીએ) ઉપર હસ્તાક્ષર પછી વેપાર અને આર્થિક સહયોગમાં વૃદ્ધિનું સ્વાગત કર્યું. દ્વિપક્ષીય વેપારમાં અને આર્થિક સહયોગમાં થયેલી વૃદ્ધિનું સ્વાગત કર્યું. દ્વિપક્ષીય વેપારમાં થયેલી પ્રગતિને રેખાંકિત પણ કરી. નાણાકીય વર્ષ 2024-25માં બંને દેશો વચ્ચે 100 બિલિયન ડોલર સુધીનો વેપાર થયો છે, જેને વર્ષ 2032 સુધીમાં બમણો કરી 200 બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય નિર્ધારિત કરાયો છે. બંને નેતાઓએ ભારત-યુએઈ મિત્રતાના સ્થાયી પ્રતીકના રૂપમાં અબુધાબીમાં એક હાઉસ ઓફ ઈન્ડિયા સ્થાપિત કરવાનો નિર્ણય લીધો



## મહત્વપૂર્ણ જાહેરાતો

- ભારતમાં સુપરકમ્પ્યુટિંગ ક્લસ્ટરની સ્થાપના થશે.
- 2032 સુધી દ્વિપક્ષીય વેપારને 200 અબજ અમેરિકી ડોલર સુધી કરવાનું લક્ષ્ય.
- દ્વિપક્ષીય અસૈન્ય પરમાણુ સહયોગને પ્રોત્સાહન આપવું.
- ગુજરાતના ગિફ્ટ સિટીમાં યુએઈ કંપનીઓ ફર્સ્ટ અબુધાબી બેંક (એફએબી) અને ડીપી વર્લ્ડના કાર્યાલય તેમજ સંચાલનની સ્થાપના.
- ડિજિટલ/ડેટા એમ્બેસીની સ્થાપનાની સંભાવનાની તપાસ કરવી.
- અબુધાબીમાં 'હાઉસ ઓફ ઈન્ડિયા' ની સ્થાપના.
- યુવા આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવું.

પ્રધાનમંત્રીનો આખો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો





**સંયુક્ત આરબ અમિરાતે 2026માં ભારતની બ્રિક્સ અધ્યક્ષતાની સફળતા માટે પોતાનું પૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું. ત્યાં જ ભારતીય પક્ષે 2026 સંયુક્ત રાષ્ટ્ર જળ સંમેલન માટે પોતાનું સમર્થન આપ્યું, જેની સહ-યજમાની 2026ના અંતમાં યુએઈ દ્વારા કરવામાં આવશે.**

છે. સાંસ્કૃતિક સમાજને વધુ ઊંડી કરવાના ઉદ્દેશથી જન કેન્દ્રિત સંબંધોને બનાવી રાખવા પર સહમત થયા. ભારત-યુએઈ ભાગીદારીની આધારશિલાના રૂપમાં શિક્ષણની ઓળખ કરવામાં આવી છે. સંયુક્ત આરબ અમિરાતમાં ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન, દિલ્હી અને ભારતીય પ્રબંધન સંસ્થાન, અમદાવાદના ઑફશોર કેમ્પસ ખોલવા અને શૈક્ષણિક સંસ્થાનોની વચ્ચે સંબંધોને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેવાયો છે. તેમાં સ્કૂલ અને કોલેજોમાં નવીનીકરણ તેમ જ ટિંકરિંગ લેબના વિસ્તારમાં સહયોગ પણ સામેલ હશે.

બંને નેતાઓએ દ્વિપક્ષીય ઊર્જા ભાગીદારીની મજબૂતી પર સંતોષ વ્યક્ત કર્યો. ભારતની ઊર્જા સુરક્ષામાં સંયુક્ત આરબ અમિરાતના યોગદાનને પણ રેખાંકિત કરવામાં આવ્યો. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને એડીએનઓસી ગેસની વચ્ચે 2028થી શરૂ થનારા 0.5 મિલિયન ટન પ્રતિવર્ષ લિક્વિફાઈડ નેચરલ ગેસની પૂર્તિને માટે દસ વર્ષીય કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. બંને દેશોની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતિતા પ્રત્યે ઊંડા સન્માન તથા રણનીતિક સ્વાયત્તના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. નિરંતર તેમ જ સુદ્રઢ દ્વિપક્ષીય રક્ષા-સુરક્ષા સહયોગનો વ્યાપક રણનીતિક ભાગીદારીના એક મુખ્ય સ્તંભના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો. સરહદ પાર આતંકવાદ સહિત તમામ રૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની સ્પષ્ટપણે નિંદા કરવામાં આવી અને કહેવાયું કે કોઈ પણ દેશે તે લોકોને સુરક્ષિત આશરો પ્રદાન ન કરવો જોઈએ જે આતંકવાદી કૃત્યોનું નાણાકીય પોષણ, યોજના, સમર્થન અથવા તેને સક્રિય કરે છે. ■



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

"મધર ઓફ ઓલ ડીલ્સ"

# ભારત-યુરોપીયન યુનિયન સંબંધોમાં નવા યુગનો શંખનાદ

*આજે વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમા મોટા પાયે ઉથલપાથલ થઈ રહી છે, એવામાં ભારત અને યુરોપીયન સંઘો વચ્ચે ઈતિહાસની સૌથી મોટી મુક્ત વેપાર સમજૂતી (એફટીએ) આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્થિરતા લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. યુરોપીયન સંઘ અત્યારે ભારતમાં સૌથી મોટા વ્યાપારી ભાગીદારો પૈકીનો એક છે. ભારત અને યુરોપીયન સંઘનો દ્વિપક્ષીય કરાર સતત વૃદ્ધિની સાથે સાથે 2024-25માં 11.5 લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. આ સમજૂતીના માત્ર દ્વિપક્ષીય વેપાર સરળ અને પ્રતિસ્પર્ધી જ નહીં થાય પરંતુ રોકાણ, નવસર્જન, આપૂર્તિ શ્રેણી અને રોજગારની પણ નવી તકો ખૂલશે....*

વિશ્વની બીજી અને ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા વચ્ચે થયેલી ઐતિહાસિક મુક્ત વેપાર સમજૂતી ઘણી રીતે મહત્વપૂર્ણ છે. આ સમજૂતીથી ભારત અને યુરોપીયન સંઘના બે અબજ નાગરિકોને લાભ મળશે જ પરંતુ વિશ્વના અન્ય દેશો પર પણ તેની વ્યાપક અસર પડશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, યુરોપીયન પરિષદના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપીયન આયોગની અધ્યક્ષ ઉર્સૂલા વાન ડેર લેયનની ઉપસ્થિતિમાં આ ઐતિહાસિક સમજૂતી થઈ હતી. આ સમજૂતીમાં વિશ્વની બે સૌથી મોટી લોકશાહી તાકાતે પોતાના સંબંધોમાં એક નિર્ણાયક પ્રકરણ સાંકળ્યું છે.

ભારત-યુરોપીયન સંઘ એફટીએથી આર્થિક અને રણનીતિક સંબઘોને મજબૂતી મળશે. દેશના ખેડૂતો તથા લઘુ ઉદ્યોગો માટે યુરોપીયન બજાર સુધીની પહોંચ

સરળ બનશે. વિનિર્માણ ક્ષેત્રમાં નવી તકોનું સર્જન થશે. સેવા ક્ષેત્ર વચ્ચે સહયોગને વધુ મજબૂતી મળશે. રોજગારનું સર્જન થશે, પ્રોફેશનલ પ્રતિભાઓ, વિદ્યાર્થીઓ, સંશોધકો માટે ગતિશીલતા વધશે. આ સમજૂતીથી વેપાર, રોકાણ અને નવસર્જનને વેગ મળશે. સાથે સાથે ભારતના વિદ્યાર્થીઓ, મજૂરો તથા પ્રોફેશનલ્સ માટે યુરોપીયન યુનિયનમાં અવસરો પ્રદાન થશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષમાં ભારત અને યુરોપીયન સંઘ વચ્ચેના સંબંધોમાં પ્રગતિ થઈ છે. તેમાં યુરોપીયન યુનિયનમાં વસેલા આઠ લાખથી વધુ ભારતીયો સક્રિય યોગદાન આપી રહ્યા છે. હાલમાં બંને દેશો વચ્ચે 180 બિલિયન યૂરોને વેપાર છે. બંને વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી, સ્વચ્છ ઊર્જા અને ડિજિટલ ગવર્નન્સથી લઈને ડેવેલપમેન્ટ ભાગીદારી સુધી સહયોગના નવા શિખરો સ્થાપિત થયા છે. ભારતે તેના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી મુક્ત વેપાર સમજૂતી કરી છે. આ ઐતિહાસિક સમજૂતી ખેડૂતો, નાના ઉદ્યોગોની યુરોપીયન બજારો સુધીની પહોંચ આસાન બનાવશે. ઉત્પાદનમાં નવી તકો અને સર્વિસ સેક્ટર વચ્ચેનો સહયોગ મજબૂત કરશે. આટલું જ નહીં એફટીએ ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચે રોકાણને વેગ આપશે અને ઈનોવેશન ભાગીદારી બનાવશે. વૈશ્વિક સ્તર પર સપ્લાય ચેઈનને મજબૂત બનાવવાની સાથે આ સમજૂતી વર્તમાન સમૃદ્ધિની નવી બ્લૂ પ્રિન્ટ હશે.

પીએમ મોદીએ કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષા સહયોગ કોઈ પણ વ્યૂહાત્મક ભાગીદારીનો પાયો હોય છે જેને ભારત અને યુરોપીયન યુનિયને ઔપચારિક રૂપ આપ્યું છે. તેનાથી કાઉન્ટર આતંકવાદ, મેરીટાઈમ અને સાઈબર સુરક્ષામાં ભાગીદારી મજબૂત બનશે. ઈન્ડો-પેસિફીક ક્ષેત્રમાં બંને પક્ષના સહયોગનો વ્યાપ વધશે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રોના સંબંધોમાં ક્યારેક ક્યારેક એવી ક્ષણ આવે છે જ્યારે ઈતિહાસ જાતે જ કહે છે, અહીંથી દિશા બદલી, અહીંથી જ એક નવા યુગની શરૂઆત થઈ. ભારત અને યુરોપીયન સંઘની એક ઐતિહાસિક ક્ષણ આ જ છે.

### 10 વર્ષમાં વેપાર બમણો થયો

યુરોપીયન યુનિયન ભારતના સૌથી મોટા વ્યાપારિક ભાગીદારો પૈકીનો એક છે. છેલ્લા દસ વર્ષમાં ભારત અને યુરોપીયન સંઘનો વેપાર બમણો થઈને 180 બિલિયન યુરો સુધી પહોંચી ગયો છે. ભારતમાં છ હજારથી વધારે યુરોપીયન કંપનીઓ કામ કરી રહી છે. યુરોપીયન યુનિયનથી ભારતમાં 120 બિલિયન યુરો કરતાં વધુનું રોકાણ છે. ભારતની 1500 કંપનીઓ યુરોપીયન યુનિયનમાં છે. ત્યાં ભારતનું રોકાણ લગભગ 40 બિલિયન યુરો સુધી પહોંચી ગયું છે વસ્તુઓ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપાર છેલ્લા કેટલાક વર્ષોમાં વધ્યો છે. 2024-25માં યુરોપીયન સંઘ સાથે ભારતનો દ્વિપક્ષીય વેપાર 11.5 લાખ કરોડનો હતો જેમાં



## ત્રણ પ્રાથમિકતાઓ પર પીએમ મોદીનું ફોકસ

પ્રથમઃ આજે વિશ્વમાં વેપાર, ટેકોનોલોજી અને ક્રિટિકલ મિનરલ્સને શસ્ત્ર બનાવવામાં આવી રહ્યું છે. એવામાં સાથે મળીને પોતાની નિર્ભરતાઓને ડી-રિસ્ક કરવાની જરૂરિયાત છે.

બીજુઃ ભારત અને યુરોપીયન યુનિયન બંનેનું ફોકસ ડિફેન્સ ઈન્ડસ્ટ્રી અને ફ્રન્ટિયર ટેકનોલોજી પર રહ્યું છે. પીએમ મોદીએ બિઝનેસ ફોરમમાં ડિફેન્સ, સ્પેસ, ટેલિકોમ અને એઆઈ જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધારવાનો આગ્રહ કર્યો.

ત્રીજુઃ ક્લીન અને સસ્ટેનેબલ ફ્યુચર બંનેની પ્રાથમિકતા છે. ગ્રીન હાઈડ્રોજનથી લઈને સોલર એનર્જી અને સ્માર્ટ ગ્રીડ, દરેક ક્ષેત્રમાં જોઈન્ટ રિસર્ચ અને રોકાણ વધારવું જોઈએ.

### 22મા એફટીએ ભાગીદાર

યુરોપીયન યુનિયન ભારતનું 22મું એફટીએ ભાગીદાર બન્યું છે. કેન્દ્ર સરકારે 2014થી મોરેશિયસ, યુનાઈટેડ આરબ અમિરાત, બ્રિટન, ઈએફટીએ, ઓમાન અને ઓસ્ટ્રેલિયાની સાથે વ્યાપારિક સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા છે. 2025માં ભારતે ઓમાન અને યુકે સાથે વ્યાપારિક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા અને ન્યૂઝીલેન્ડ સાથે વેપાર સમજૂતીની જાહેરાત કરી.



## ઉત્તમ બજાર ઉપલબ્ધ થશે

ભારત અને યુરોપીયન સંઘના સંયુક્ત બજારનું અંદાજિત મૂલ્ય 2091.6 લાખ કરોડ રૂપિયાથી વધુ છે. વ્યાપાર મૂલ્યના હિસાબથી ભારતમાં 99 ટકાથી વધુ નિકાસ માટે આ મુક્ત વેપાર સમજૂતી અગાઉથી જ ઉત્તમ બજાર પહોંચ પ્રદાન કરશે.

## ભારતની યુરોપીયન બજાર સુધીની પહોંચ

- ભારતમાં ખાસ કરીને 99.5% વેપાર મૂલ્યોને કવર કરતાં 97% ટેરિફ લાઈન પર યુરોપીયન બજારોમાં પ્રાથમિકતા ધરાવતી પહોંચ બનાવી છે.
- ભારતમાં 90.7% નિકાસ હેઠળ આવતી 70.4% ટેરીફ લાઈનોમાં કપડા, ચામડું અને પગરખાં, ચા, કોફી, મસાલા, રમતના સામાન, રમકડાં અને રત્નો જેવા મહત્વપૂર્ણ શ્રમ પ્રધાન ક્ષેત્રો માટે તાકીદે શુલ્ક દૂર કરી દેવામાં આવશે.
- ભારતમાં નિકાસ 2.9% હિસ્સાની અંદર આવનારી 20.3% ટેરીફ લાઈનો પર સમુદ્રી ઉત્પાદન, પ્રસંસ્કૃત ખાદ્ય પદાર્થો, હથિયારો અને ગોળા-બારૂદ વગેરે માટે ત્રણથી પાંચ વર્ષમાં શૂન્ય શુલ્કની સવલત હશે.
- ભારતમાં નિકાસના છ ટકા હિસ્સાની અંદર આવનારી 6.1% ટેરીફ લાઈનોમાં કેટલાક પોલ્ટ્રી ઉત્પાદનો, સંરક્ષિત શાકભાજી, બેકરી ઉત્પાદન વગેરે માટે ટેરીફમાં ઘટાડાના માધ્યમથી અથવા કાર, સ્ટીલ વગેરે માટે ટીઆરક્યુના માધ્યમથી પ્રાથમિક રૂપમાં પહોંચ પ્રાપ્ત થશે.

**"**

***ભારત અને યુરોપીયન યુનિયનનો સહયોગ એક "પાર્ટનરશીપ ફોર ગ્લોબલ ગુડ" છે. ઈન્ડો પેસિફીકથી લઈને કેરેબિયન સુધી ટ્રાયલેટરલ પ્રોજેક્ટને વિસ્તાર આપશે. તેનાથી સસ્ટેનેબલ એગ્રીકલ્ચર, સ્વચ્છ ઊર્જા અને મહિલા સશક્તિકરણને મજબૂત સમર્થન મળશે. સાથે મળીને IMEC કોરિડોર, ગ્લોબલ ટ્રેડ અને સસ્ટેનેબલ ડેવલપેન્ટની એક પ્રમુખ શ્રેણીના રૂપમાં સ્થાપિત કરશે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

6.4 લાખ કરોડ રૂપિયાની નિકાસ અને 5.1 લાખ કરોડ રૂપિયાની આયાતનો સમાવેશ થતો હતો. યુરોપીયન સંઘની ભારતમાં થતી નિકાસમાં મશીનરી, પરિવહન સાધનો અને રસાયણ સામેલ છે. બીજી તરફ ભારતમાંથી થતી આયાતમાં મશીનરી, રસાયણ, બેઝ મેટલ, ખનીજ ઉત્પાદન અને કપડા સામેલ છે. સેવા ક્ષેત્રમાં ભારત-યુરોપીયન યુનિયનનો વેપાર 2024માં 7.2 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો.

### ગુણવત્તાથી દિલ જીત્યા

### લાંબા સમય સુધી તેની અસર રહે છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તમામ પ્રકારના ઉત્પાદકોને કહ્યું કે ભારત-યુરોપીયન યુનિયન વચ્ચે ઐતિહાસિક સમજૂતીથી દેશના ઉદ્યોગ-વેપારમાં સામેલ ઉત્પાદન માટે મોટું બજાર ખૂલી ગયું છે. હવે સસ્તામાં માલ પહોંચી જશે. આ અવસરનો સૌથી પ્રથમ મંત્ર એ છે કે ગુણવત્તા પર ભાર મૂકો. ઉત્તમથી ઉત્તમ ગુણવત્તા લઈને બજારમાં આવો. ઉત્તમમાં ઉત્તમ ગુણવત્તા લઈને જવાથી યુરોપીયન યુનિયનના 27 દેશના ખરીદદારો માત્ર પૈસા જ નથી કમાતા પણ ગુણવત્તાને કારણે તેમના દિલ પણ જીતી લે છે. લાંબા સમય સુધી તેની અસર રહે છે.

### હોલ ઓફ ધ સોસાયટી પાર્ટનરશિપ

ભારત અને યુરોપીયન સંઘો વચ્ચે થયેલી ભાગીદારીને 'હોલ ઓફ ધ સોસાયટી પાર્ટનરશિપ' બનાવવાની વાત કહેવામાં આવી છે. આ જ વિચારો સાથે મુક્ત વેપાર સમજૂતી થઈ છે. તેનાથી ભારતના લેબર ઈન્સેન્ટિવ ઉત્પાદનોને યુરોપીયન સંઘના બજારોમાં આસાનીથી પહોંચ મળી. તેમાં ય ખાસ કરીને ટેક્સટાઈલ, જેમ્સ અને જવેલરી, ઓટો પાર્ટ્સ અને એન્જિનિયરિંગ ગુડ્સ સામેલ છે. ફળો, શાકભાજી, પ્રોસેસ્ડ ફૂડ અને મરીન પ્રોડક્ટ્સની નવી તકો ખૂલશે. તેનો સીધો લાભ દેશના ખેડૂતો, માછીમારો અને સર્વિસ સેક્ટરને થશે. આઈટી,એજ્યુકેશનલ, ટ્રેડિશનલ મેડીસીન અને બિઝનેસ સર્વિસ લાભાર્થી બનશે. ■



**Narendra Modi**
@narendramodi

The Union Budget reflects the aspirations of 140 crore Indians. It strengthens the reform journey and charts a clear roadmap for Viksit Bharat.

#ViksitBharatBudget



**Rajnath Singh**
@rajnathsingh

Under the visionary leadership of PM Shri @narendramodi, India's journey towards a Viksit Bharat continues to gather momentum. In this spirit, I congratulate Finance Minister Smt. @nsitharaman, for presenting a budget that seeks to "transform aspiration into achievement" and "potential into performance". This "Yuva Shakti-driven Budget" will further strengthen PM Modi's vision of an Aatmanirbhar and Viksit Bharat.



**Amit Shah**
@AmitShah

बजट 2026-27 के माध्यम से प्रधानमंत्री मोदी जी ने सिद्ध किया है कि आत्मनिर्भर और विकसित भारत केवल एक नारा नहीं, बल्कि हमारी सरकार का संकल्प है। इस बजट में न सिर्फ हर क्षेत्र, हर वर्ग और हर नागरिक को सशक्त बनाने का एक स्पष्ट ब्लूप्रिंट है, बल्कि उसे प्रोत्साहन देने का एक जमीनी विजन भी है, जो उसे हर कदम पर मदद करेगा। #ViksitBharatBudget एक ऐसे भारत के निर्माण का विजन है, जो विश्व में हर क्षेत्र में अग्रणी हो।



**Nitin Gadkari**
@nitin_gadkari

#UnionBudget2026 outlines a decisive roadmap centred on farmers, youth, and MSMEs, strengthening the foundations of inclusive growth, innovation, and capital investment as India progresses towards #ViksitBharat2047.



**Shivraj Singh Cho...**
@ChouhanShivraj

वित्त मंत्री श्रीमती @nsitharaman जी द्वारा प्रस्तुत बजट अमृत काल का वह अमृत-कलश है, जिससे समृद्धि की सरिता बहेगी और विकसित भारत के विराट संकल्प की सिद्धि होगी।

यह बजट अर्थ से सामर्थ्य तक, अंत्योदय से अभ्युदय तक और साधन से समाधान तक की एक स्वर्णिम यात्रा है। इससे खेतों में हरियाली, खलिहानों में खुशहाली और हर चेहरे पर लाली आएगी।



**Manohar Lal**
@mlkhattar

यह विकसित भारत के संकल्प का विजिनरी बजट है...

देश के संसाधनों, सामर्थ्य और समृद्धि को ध्यान में रखते हुए Ease of Doing Business और Ease of Living की दिशा में चलकर लोगों के जीवन को सरल, सहज और समृद्ध करने वाला बजट है।



બીટિંગ રિટ્રીટ સમારોહ

# વિજય ચોક પર

## પરંપરા, પરાક્રમ અને પ્રોદ્યોગિકીનો સંગમ



નવી દિલ્હીના વિજય ચોક પર 2026ની 29મી જાન્યુઆરીની સાંજે 'બીટિંગ રિટ્રીટ' સમારોહમાં મધુર ભારતીય સંગીત અને સૈનિકોના લયબદ્ધ કદમતાલના ઉત્કૃષ્ટ પ્રદર્શને ગર્વની અનુભૂતિ કરાવી. આ પ્રસંગે ઓપરેશન સિંદૂર, 'વંદે માતરમ'ના 150 વર્ષ, ભારતની નારી શક્તિની ક્રિકેટ સિદ્ધિ, અશ્વિ ડ્રોન, ભૈરવ બટાલિયન અને પ્રાચીન 'ગરુડ વ્યૂહ' યુદ્ધ સંરચનાને સશક્તરૂપથી દર્શાવવામાં આવ્યા. રિટ્રીટની આ પરેડ, 77મા ગણતંત્ર દિવસ સમારોહના સમાપનના પ્રતીક તથા સમૃદ્ધ સૈન્ય વિરાસતની રહી વિશિષ્ટ પ્રદર્શન....

'બીટિંગ રિટ્રીટ' સમારોહ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો





**એવા સમયે જ્યારે આપણે વંદે માતરમની 150મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ, ત્યારે આપણા લશ્કર દ્વારા બીટિંગ રિટ્રીટ 2026માં તેની પ્રસ્તુતિ ખાસ કરીને વિશેષ છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**


ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

આરએનઆઈ, DELHIN/2020/78812, 16-28 ફેબ્રુઆરી, 2026

આરએનઆઈ: DELHIN/2020/78812, દિલ્હી પોસ્ટલ લાયસન્સ નંબર - DL (S)- 1/3550/2023-25 ડબ્લ્યૂપીપી સંખ્યા - U(S)-98/2023-25, posting of BPC, Market Road, New Delhi-110001 on 26-30 Advance fortnightly (પ્રકાશન તારીખ - 16 જાન્યુઆરી, 2026, કુલ પાના - 52)

મુખ્ય સંપાદક: ધીરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો

રૂમ નં-278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 થી પ્રકાશિત

મુદ્રણ: જે.કે. ઓફસેટ ગ્રાફિક્સ પ્રા. લિ. બી-278, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-1 નવી દિલ્હી-110020